
પ્રેમાનંદ આખ્યાન શ્રેણી

# ઓખાહરણ




સંપાદક

## હૃષીકેશ રાવલ

એકત્ર ફાઉન્ડેશન

# ઓખાહરણ – પ્રેમાનંદ



સંપાદક
હૃષીકેશ રાવલ

# ઓખાહરણ

સંપાદક :
હૃષીકેશ રાવલ

શ્રેણી-સંપાદક
રમણ સોની

## ક્રમ

પ્રાસ્તાવિક
મધ્યકાલીન સાહિત્યનો વિશેષ
કવિ-પરિચય : પ્રેમાનંદ
કૃતિપરિચય : ઓખાહરણ
સંપાદક-પરિચય
હસ્તલિખિતનું મુદ્રિત રૂપ
કાવ્યકૃતિ ઓખાહરણ TEXT
શબ્દાર્થ અને ટિપ્પણ
O
ઓખાહરણ : આસ્વાદલક્ષી અભ્યાસ
આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ
પ્રેમાનંદ : સમય, જીવન અને સર્જન

## પ્રાસ્તાવિક : શ્રેણી-સંપાદક

આ સંપાદન-શ્રેણી સમર્થ મધ્યકાલીન કવિ પ્રેમાનંદનાં, પહેલે તબક્કે પાંચ આખ્યાનોને ઈ-શ્રેણી રૂપે પ્રગટ કરે છે. જુદાજુદા અભ્યાસી સંપાદકોએ એનું સંપાદન સંભાળ્યું છે અને એમની વિશેષતાઓ એમાં પરોવાઈ છે. પરંતુ, એ સાથે જ, એની રજૂઆતને એક ઘાટ આપવા માટે એનું પરિરૂપ સમાન રાખ્યું છે. શ્રેણી-સંપાદક તરીકે, દરેક આખ્યાનને સર્વસામાન્યરૂપે લાગુ પડે એવા કેટલાક લેખન-અંશો મેં તૈયાર કરીને સામેલ કર્યા છે.

આ આખ્યાનોના દરેક સંપાદકે– (૧) વિવિધ મુદ્રિત વાચનાઓને સંકલિત કરીને એક સુગમ વાચના તૈયારકરી છે, (૨) દરેક કડવાને આરંભે ટૂંકી પ્રવેશક નોંધો મૂકી છે, (૩) પ્રવેશક તરીકે સંક્ષિપ્ત કૃતિ-પરિચય આપવા ઉપરાંત (૪) આખ્યાન-કૃતિનો આસ્વાદલક્ષી અભ્યાસ પણ રજૂ કર્યો છે. એ રીતે આ સંપાદનો શાસ્ત્રીય ઉપરાંત સર્વગ્રાહી અને રસપ્રદ વાચન બન્યાં છે. **–શ્રે.**

## મધ્યકાલીન સાહિત્યનો વિશેષ

ગુજરાતીનો મધ્યકાળ એટલે અંગ્રેજ પ્રજા અને એમની સંસ્કૃતિનો સંપર્ક આપણને થયો એ પહેલાંનો – લગભગ ૧૮મી સદી પહેલાંનો સમય.

માનવસમાજનું રૂપ તો ત્યારે પણ આનંદ અને દુખ, રાગ અને દ્વેષ, ઉદારતા અને સંકુચિતતા, વેર અને મૈત્રી – એવાં વૃત્તિ અને વ્યવહારોવાળું હતું.

પરંતુ આવા માનવજીવન પર ધર્મનો પણ એક વ્યાપક પ્રભાવ હતો. અનેક સાધુ-સંતો, કથાકારો-કીર્તનકારો તરફથી પણ પ્રજાને ઈશ્વરભક્તિના સંસ્કારોનું પોષણ મળતું હતું. પદ-ભજન-કીર્તન-આરતીનાં ગાન તથા પુરાણીઓની કથાઓનું શ્રવણ લોકોના જીવનનો, એમનાં સુખ-શાંતિ-શ્રદ્ધાનો મહત્ત્વનો ભાગ હતાં.

પ્રાચીન સંસ્કૃતિના વારસારૂપ પંથો-સંપ્રદાયો પણ હતાં – શૈવ, વૈષ્ણવ, જૈન, ઈસ્લામ, વગેરે. પરંતુ દરેક પોતપોતાનો ધર્મ પાળે એવો સમ-ભાવ હતો

એ સમય ગુજરાતી ભાષામાં નરસિંહ અને મીરાં, પ્રેમાનંદ અને અખો, સમયસુંદર અને રવિસાહેબ, શામળ અને દયારામ, સહજાનંદી સાધુ-કવિઓ અને મુસ્લિમ-ખોજા કવિઓ, દલિતવર્ગી કવિઓ અને સ્ત્રી કવિઓથી રળિયાત હતો. આશરે ૧૪મી-૧૫મી સદીથી ૧૯મી સદીની અધવચ સુધી એ પ્રવાહ વહેતો રહ્યો.

આ ભક્ત કવિઓએ નર્યું ભક્તિગાન કે કથાગાન કર્યું ન હતું, એમને કવિતા અને કથાની પૂર્વકાલીન-તત્કાલીન પરંપરાઓનો તેમ જ સંસ્કૃત સાહિત્યની પરંપરાઓનો પણ પરોક્ષ ને ક્યાંક સીધો પરિચય અને સમજ હતાં. પોતાનું વિશિષ્ટ કવિકૌશલ પણ હતું. એથી બહુ તેજસ્વી અને પ્રતિભાશાળી સર્જકો એ સમયે પણ થયા જ છે.

–શ્રે.

## કવિપરિચય : પ્રેમાનંદ

પ્રેમાનંદ એના પૂર્વકવિઓ કરતાં સંખ્યા અને ગુણવત્તાની દૃષ્ટિએ ચડિયાતાં ને અતિ સુંદર આખ્યાનો આપીને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આખ્યાનશિરોમણિની સાથે-સાથે કવિશિરોમણિ નું માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી શક્યો છે. નરસિંહથી દયારામ સુધી વિસ્તરેલા આખ્યાન સ્વરૂપને પ્રેમાનંદ તેની સાડા ચાર દાયકાની શબ્દલીલા દ્વારા રસકળાના પરમોચ્ચ શિખર ઉપર લઈ જઈ શક્યો છે.

આખ્યાન સ્વરૂપનાં કળાકૌશલ્ય, પાત્રાલેખન, પાત્રોનું ગુજરાતીકરણ, સમકાલીન રંગપૂરણી, ચિત્રાત્મકતા, મૌલિકતા, રસનિરૂપણ અને ભાષાપ્રભુત્વની દૃષ્ટિએ પ્રેમાનંદ આજસુધી અદ્વિતીય જ રહ્યો છે. પ્રેમાનંદની આખ્યાન કથનકળા અદ્ભુત હતી. કથાવસ્તુથી આખ્યાનનો સીધો જ આરંભ કરી, વાર્તાનાં શબ્દચિત્રો એક પછી એક ઊભાં કરતો જઈને કથાપ્રસંગ પૂર્ણ થતાં, ટૂંકી ફલશ્રુતિ દ્વારા આખ્યાનનું સમાપન કરતો. પાત્રસૃષ્ટિ ભલે રામાયણ, મહાભારત કે પુરાણોની હોય છતાં પ્રેમાનંદ જનસ્વભાવનો એવો અપૂર્વ પારખુ હતો કે તેણે સર્જેલાં પાત્રો આબેહૂબ, વાસ્તવિક તથા જીવંત બની જતાં, તત્કાલીન ગુજરાતી સમાજનું આબેહૂબ નિરૂપણ એ પ્રેમાનંદની આખ્યાનકવિતાની ઉચ્ચ સિદ્ધિ છે. તેનું વર્ણનકૌશલ્ય પણ પ્રશંસાત્મક છે. પ્રેમાનંદની ચિત્રાત્મક વર્ણનકલાથી એનાં કથા પ્રસંગો અને પાત્રો ખૂબ જ તાદૃશ્ય બન્યાં છે. વળી, લોકભાષાની તાજગી, સચોટતા અને  લોકબોલીના શબ્દપ્રયોગો પણ કદાચ પ્રેમાનંદને આપણો સૌથી વધારે ગુજરાતી કવિ બનાવે છે.

**–હૃષીકેશ રાવલ**

## કૃતિપરિચય : ઓખાહરણ

પુરાણોમાંથી ઓખાહરણની કથા લઈને અનેક કવિઓએ 'ઉષાહરણ' નામે વિવિધ આખ્યાનોની રચના કરી છે. પરંતુ, આ બધાંમાં મૌલિકતા અને કાવ્યશક્તિની દૃષ્ટિએ પ્રેમાનંદનું 'ઓખાહરણ' વિશેષ રસિક, લોકપ્રિય અને લોકભોગ્ય બની શક્યું છે.

અસુરરાજ બાણાસુરે શિવજીની કઠોર સાધના કરી. શિવ એને મહાબલિ થવાના આશિષ સાથે હજાર હાથની શક્તિ પ્રદાન કરે છે. પણ ત્રણેય ભુવનમાં તેનો સમોવડિયો કોઈ યોધ્ધો પ્રાપ્ત ન થતાં, તે પુન : શિવજીની ઉપાસના કરી 'તમે વઢો કાં વઢનાર આપો' એવું વિવેક વિનાનું વરદાન માંગીને પોતાના મૃત્યુનો અભિશાપ મેળવે છે.

પુત્રી ઓખાની તપશ્ચર્યાથી પ્રસન્ન થયેલાં પાર્વતી તેને સુંદર વરપ્રાપ્તિનું વરદાન આપે છે. બીજી બાજુ બાણાસુરને મૃત્યુનો ભય સતાવતાં તે દીકરીની હત્યા કરવાનું વિચારે છે, પણ નારદ મુનિની સલાહથી તે દીકરીને આજીવન કુંવારી રાખવા એકદંડિયા મહેલમાં કેદ કરે છે.

પાર્વતીના વરદાન પ્રમાણે, સખી ચિત્રલેખાનીમદદથી, ઓખા-અનિરૂદ્ધનાં ગાંધર્વલગ્ન થાય છે. બાણાસુરને જાણ થતાં એ અનિરૂદ્ધ સાથે યુધ્ધ કરે છે. શ્રીકૃષ્ણને અનિરૂદ્ધ કેદ થવાના સમાચાર મળતાં બંને સેના વચ્ચે યુધ્ધ થાય છે. શિવજી બાણાસુરના પક્ષે આવે છે. પણ શ્રીકૃષ્ણ બાણાસુરને હણે છે, બ્રહ્માની વિનંતિથી હરિ-હર વચ્ચેનું યુધ્ધ વિરામ પામે છે. અંતે, ઓખા-અનિરૂદ્ધનાં ધામધૂમથી લગ્ન થાય છે.

ઓખાહરણ પ્રેમાનંદની આરંભકાલીન રચના હોવાથી એમાં ક્યાંક પરિપક્વતાનો અભાવ જણાય પરન્તુ સમગ્ર કૃતિમાં એની કવિપ્રતિભાના ચમકારા તો અવશ્ય જોવા મળે. પોતાની કલ્પનાશક્તિથી રસસ્થાનોને અદ્ભુત રીતે ખીલવે છે. વળી પાત્રાના ગુજરાતીકરણ દ્વારા પ્રજાનું મનોરંજન કરી તેમની ધર્મભાવના સંતોષવામાં પણ તે સફળ બને છે.

**–હૃષીકેશ રાવલ**

## સંપાદકનો પરિચય

**ડૉ. હૃષીકેશ રાવલ** (જ.૮.૩.૧૯૬૯) એક અધ્યયનશીલ, ઉદ્યમી અને વિદ્યાર્થીપ્રિય અધ્યાપક ઉપરાંત સારા નાટ્યલેખક, નાટ્યવિવેચક, મધ્યકાલીન તથા સંતસાહિત્યના સંશોધક-સંપાદક પણ છે. અત્યાર સુધીમાં તેમણે સંશોધન-સંપાદનનાં ૧૦ જેટલાં પુસ્તકો આપ્યાં છે. એ પૈકી ઘણાં વિવિધ સાહિત્યક સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત થઈને પોંખાયાં પણ છે.

છેલ્લાં ૨૩ વરસોથી તેઓ પાલનપુરની જી.ડી.મોદી આર્ટ્સ કૉલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક રૂપે સેવારત છે. વળી, છેલ્લા કેટલાક સમયથી ગુજરાત-સમાચાર દૈનિકની બુધવારની 'શતદલ' પૂર્તિમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની કૃતિઓની સમીક્ષાઓ કરતી કોલમ લખતા રહ્યા છે.

અહીંની તથા કેટલીક વિદેશની યુનિવર્સિટીઓમાં આયોજિત પરિસંવાદોમાં એમણે પ્રતિનિધિત્વ કર્યું અને શોધપત્રો રજૂ કર્યાં છે. તદુપરાંત એમણે એક કુશળ ઉદ્‌ઘોષક અને કાર્યક્રમના સંચાલક રૂપે પણ નામના મેળવી છે. નાટકા તેમજ ધારાવાહિકોમાં અભિનય કરીને ત્રણેકવાર રાજ્યકક્ષાના શ્રેષ્ઠ અભિનેતાના પુરસ્કારથી પણ તે સન્માનિત થયા છે.

આમ, અનેક દિશાઓમાં સતત પ્રવૃત્ત રહેવા છતાં મિતભાષીપણું એ એમના સ્વભાવની ખાસ વિશેષતા રહી છે.

**ડૉ રાજેશ મકવાણા**
સેન્ટ્રલ યુનિવર્સિટી, ગાંધીનગર

## હસ્તલિખિત સાહિત્યમાંથી મુદ્રિત સાહિત્ય
## અને આ ઈ-સંપાદન

પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યની પહેલી પરંપરા તે ગાન અને શ્રવણની પરંપરા. પેઢી દર પેઢી એ ચાલતી રહેલી. એની સાથેસાથે એ હસ્ત-લિખિત રૂપે પણ આગળ ચાલતી રહેલી. એમ જૂનું સાહિત્ય હસ્ત-પ્રતોમાં સચવાતું રહ્યું.

કંઠ-પરંપરામાં આ ગીતો-ભજનો બીજી મંડળી સુધી ને પછી બીજી પેઢી સુધી જાય ત્યારે એમાં શબ્દો બદલાય, ક્યારેક ઉમેરાય. એ જ રીતે હસ્તપ્રતોની પણ જ્યારે સમય જતાં, બીજા લહિયાદ્વારા, નવી નકલ થાય ત્યારે એમાં પણ શબ્દો બદલાય, લેખનની ભૂલો થાય, ઉમેરા થાય, પંક્તિઓની વધઘટ સુદ્ધાં થાય! જ્યાં જુદું સંભળાય, ખોટું વંચાય ત્યાં ફેરફારો થાય જ.

એમ, (ટૂંકા કે લાંબા) એક જ કાવ્યનાં એકથી વધારે રૂપ મળે – એક જ કાવ્યની એકથી વધારે હસ્તપ્રતો મળે. અનેક કવિઓનાં કાવ્યોની આવી બહુસંખ્ય હસ્તપ્રત-પોથીઓ જૈન ભંડારોમાં ને પ્રાચ્ય વિદ્યાની વિવિધ સંસ્થાઓનાં ગ્રંથાલયોમાં સચવાયેલી છે.

એટલે, પ્રિન્ટિંગ પ્રેસ આવ્યું ત્યારે એ હસ્તપ્રતોને મુદ્રણ રૂપ આપતાં પહેલાં એના જાણકાર વિદ્વાનો, એક કૃતિની વિવિધ પ્રતોનો યોગ્ય અભ્યાસ કરીને એક મુખ્ય પાઠ(text) તારવે ને છોડી દીધેલા અન્ય પાઠો/શબ્દો ફૂટનોટ રૂપે નોંધે-સાચવે. એ સંશોધિત સંપાદન(critical text) પછી મુદ્રિત થાય.

‘ઓખાહરણ’નાં આવાં જે મહત્ત્વનાં સંપાદનો થયાં છે એ દરેકમાંના સ્વીકૃત પાઠો અને પાઠાન્તરો તપાસીને, કાવ્યમાંના લયની-ઢાળની-અર્થની સંવાદિતાને, એકવાક્યતાને તથા સુગમતાને ધ્યાનમાં રાખીને મેં સંકલિત કરેલા પાઠનું આ ઈ-સંપાદન કર્યું છે. –સંપાદક

ઉપયોગમાં લીધેલાં સંપાદનોના સંપાદકો નો હું ઋણી છું.

# ઓખાહરણ –પ્રેમાનંદ

(સંપા. હ્રષીકેશ રાવલ)

## કડવું ૧

[ આખ્યાનના પ્રથમ કડવામાં મંગલાચરણ સ્વરૂપે વિઘ્નહર્તા ગણપતિ અને વિદ્યાની દેવી સરસ્વતીની વંદના કરી, ગ્રંથની રચના માટે આશીર્વાદની યાચના કરી છે. ]

રાગ રામગ્રી

શ્રી શંભુસુતને આદ્ય આરાધું જી, મન-કર્મ-વચને સેવા સાધુ જી;
ચૌદ લોક જેહને માને જી, તેના ગુણ શું લખીએ પાને જી? ૧

ઢાળ

પાને લખ્યા જાયે નહીં શ્રીગણેશના ગુણગ્રામ,
સકળ કારજ સિદ્ધિ પામે, મુખે લેતાં નામ. ૨

ગિરિજાનંદન ગજ-નાસિકા, વળી દંત ઉજ્જ્વળ એક,
આયુધ ફરસી કર ધરી જેણે અસુર હણ્યા અનેક; ૩

શ્યામા બે સૂધ-બૂધ સંગે, સુત લાભ ને લક્ષ,
સિંદુર-લેપન શરીરે, મોદક વલ્લભ ભક્ષ; ૪

નીલાંબર પીતાંબર ધારી, ચડે સેવંત્રાંની સેવ,
મારા પ્રભુને પ્રથમ પૂજીએ, જય જય દુંદલ દેવ. ૫

સેવું બ્રહ્મતનયા સરસ્વતી, જે રૂપ મનોહર માત,
તું બ્રહ્માચારિણી ભારતી, તું વૈષ્ણવી વિખ્યાત; ૬

શ્વેત વસ્ત્ર ને શ્વેત વપુ, શ્વેત વાહન હંસ,
વિશ્વંભરી વરદાયિની, કરો કોટિ વિઘ્નનો ધ્વંસ; ૭

કમલાક્ષી ને કમલવદની, કમલભૂ કન્યાય,
વેદશાસ્ત્ર ને ઉપનિષદ, ધર્મશાસ્ત્ર ને ન્યાય; ૮

બ્રહ્મવિદ્યા, યોગવિદ્યા, પુરાણ અષ્ટાદશ,
ગાનતાન ને સાત સ્વર, એ સર્વ તારે વશ; ૯

દુહા, ગાથા, કવિત, કથા, વળી ભેદ, છંદ ને નાદ,
એ રાગ તારા, સરસ્વતી! બહુ વાણી તણા જે સ્વાદ; ૧૦

ચતુર્ભુજ ને ચાતુરી અર્ણવ, વર્ણવે છે સહુ દાસ,
વૈશંપાયન ને વાલ્મીકિ તુંને જાણે છે વેદવ્યાસ; ૧૧

જૈમિનિ ને સુત પુરાણી, તેને કૃપા તારી હવી,
તેં જડ ભટ આચાર્ય કીધા, કીધો કાલિદાસ કવિ. ૧૨

કરુણાળું તું ને દયાળુ તું, હું દીન કિંકર, માય!
હુંને રંક જાણી આપ વાણી, જેમ ગ્રંથ પુરણ થાય; ૧૩

સહકાર-ફળ વામણો ઇચ્છે, અપંગ તરવા સિંધ,
તેમ દાસ તાહરો હું ઇચ્છું છું બાંધવા પદબંધ. ૧૪

વલણ

પદબંધ બાંધું કથા કેરો, કહું આખ્યાન ઓખાહરણ રે;
વન્દે વિપ્ર પ્રેમાનંદ : માતા! કરો ગ્રંથને પુરણ રે. ૧૫

**શબ્દાર્થ**

શંભુસુત-શિવપુત્ર ગણપતિ, બ્રહ્મતનયા-બ્રહ્માની પુત્રી સરસ્વતી, અષ્ટાદશ – અષ્ટકદશ એટલે અઢાર, કમલભૂ-કમળની પૃષ્ઠભૂમિવાળી.

## કડવું ૨

[મુનિ શુકદેવજી રાજા પરીક્ષિતને ઓખાહરણની કથા સંભળાવે છે. અસુરરાજ બાણાસુર શિવજીની કઠોર સાધના દ્વારા મહાબલિ થવાના આશીર્વાદ મેળવીને એક હજાર હાથનું બળ મેળવે છે.]

રાગ રામગ્રી

એણી પેરે બોલ્યા શુકદેવજી, બાણાસુરનો ઉતાર્યો અહમેવ જી;
જે હરે આપ્યા સહસ્ર હાથ જી, ચઢે છેદ્યા તે વૈકુંઠનાથ જી. ૧

ઢાળ

વૈકુંઠનાથે હાથ છેદ્યા, ઉતાર્યું અભિમાન,
પરીક્ષિત પૂછે શુકદેવને : કહો ઓખાનું આખ્યાન. ૨

વ્યાસનંદન વદે વાણી, વર્ણવું પૂર્ણાનંદ,
રસિક કથા ભાગવત તણી, તે મધ્યે દશમસ્કંધ; ૩

શુકદેવ વાણી ઓચરે, બાસઠમો અધ્યાય,
આખ્યાન એ ઓખા તણું, અનિરુદ્ધનું હરણ થાય. ૪

પરિબ્રહ્મથી એક પદ્મ પ્રગટ્યું, તેથી ઊપન્યા પ્રજાકાર,
પ્રજાપતિથી મરીચિ ને તેનો હવો કશ્યપકુમાર; ૫

તેનો [પુત્ર] હિરણ્યકશિપુ, તેનો પુત્ર પ્રહ્‌લાદ,
પ્રહ્‌લાદનો સુત વિરોચન, તેને મન અતિ આહ્‌લાદ; ૬

વિરોચનનો બલિ બળિયો, બલિનો બાણાસુર રાજાન,
તે મહા પ્રતાપી હવો આદ્યે, ધરતો મન અભિમાન; ૭

તો શોણિતપુરમાં રાજ્ય કરતો, મન ઊપન્યો વિચાર;
વર પામું ઈશ્વર આરાધું, આણ વર્તાવું સંસાર, ૮

કૌભાંડ નામે મંત્રી મોટો, તેહને સૂંપ્યું રાજ્ય,
વૈરાગ્ય મન માંહે ધર્યો, ગૃહ પછે કીધું ત્યાજ્ય; ૯

કૈલાસ નિકટે ગંગાત્રટે બેસી તપ કરે અસુર,
મન સાથે ઈશ્વર આરાધે, મહા પ્રાક્રમી તે શૂર; ૧૦

આસન વાળી તાળી લાગી, તે ભજે ભોળો મન,
સંવત્સર એક આસને, ઉધેઈ લાગી તન; ૧૧

વર્ષા, શીત ને ગ્રીષ્મ વેઠે, ઓઢવા તે અવની-આભ,
શ્રવણે સુગરીએ માળા ઘાલિયા, મસ્તક ઊગ્યા દાભ; ૧૨

ક્ષુધા-તૃષા તજીને બેઠો, મહા તીવ્ર માંડ્યું તપ,
માળા તે ફેરવે મન તણી, જપે જોગેશ્વરનો જપ; ૧૩

ઇંદ્રે મોકલી અપ્સરા તપ તણો કરવા ભંગ
બાણાસુર ચૂકે નહિ, પરભવે નહિ અનંગ; ૧૪

યોગી વેશે વૃષભ ચડી આવિયા અતીતરૂપે,
તવ બાણાસુર બોલાવિયો, ભાવે તે ભોળે ભૂપે. ૧૫

'માગ, માગ, રે મહીપતિ!' એમ બોલ્યા ઉમિયાનાથ,
બાણાસુર કહે, 'નાથજી! મુને સહસ્ર આપો હાથ.' ૧૬

વલણ

'સહસ્ર આપો હાથ, હરજી! ગણો ગણપતિ સમાન રે;
વિપત્તિવેળા ધાઈ આવજો,' 'હા' કહી હવા અંતર્ધાન રે. ૧૭

**શબ્દાર્થ**

ઓચરે-ઉચ્ચારે-કહે, ઊપન્યો-ઉપજ્યો, હાર-શિવજી

## કડવું ૩

[બળપ્રાપ્તિ પછી બાણાસુરને યુધ્ધ-ઉન્માદ જાગે છે. ત્રણેય ભુવનમાં સમોવડિયો યોધ્ધો ન મળતાં ફરીથી શિવ પાસે ‘તમે વઢો કાં વઢનાર આપો’ - એવું વરદાન માંગતાં શિવજી ‘પુત્રી તારીનો વડસસરો તારા મદને હણશે’ એવો શાપ આપે છે.]

રાગ આશાવરી

વર આપી વળ્યા વિષધારી રે, સહસ્ર ભુજ પામ્યો અહંકારી રે,
ખૂંખારી ઘેર ચાલ્યો ખભો થાબડી રે, ગતિ તાપસની આવડી રે; ૧

અભિમાની બોલતો મુખે રે, ‘હું તો રાજ્ય કરું હવે સુખે રે,
હું તો અમર થયો એણી પેર રે,’ તપશ્ચર્યા કરી આવ્યો ઘેર રે. ૨
ઢાળ
પાયે લાગી પ્રજા પુરની, આવી મળ્યો પરધાન;
સહસ્ર ભુજ પામ્યો, અંબુજ - ફાલ્યાં - સરોવર સમાન. ૩

જાણે જુગ્મ વડની ડાળ ફૂટી, એમ હસ્ત રાજા તણા,
પોહોંચેપોહોંચા ઝગમગે, જાણે શેષનાગની ફણા. ૪

એક-એક હસ્તે સહસ્ર હસ્તીનું બળ, વસુધાતલ વશ કીધું.
નાગ વર્ગ ને સ્વર્ગ જીત્યું, રાજ્ય એક છત્રે લીધું. ૫

ચોસઠ દેશ ને ચાર દિશા, બાણે વર્તાવી આણ,
પગે પ્રથવી ધ્રૂજતી, મુખે ‘જુદ્ધ’ વદતો વાણ. ૬

મંત્રી સાથે વઢવું માગે, થાબડે બહુ નિજ અંગ;
માતંગ મારે, વળી પછાડે, પર્વતશૃંગ. ૭

ભરાવે બાથ ને હાથ ઝાટકે, મુખે ભાખે મેઘને સ્વર,
વઢનાર પાખે બાણને શરીર પ્રગટ્યો પરાક્રમ-જ્વર. ૮

ગણ-ગાંધર્વને અપ્સરા સાથે કૈલાસ ગયો રાજન,
જઈ બાણાસુરે શંકરને દ્વારે નૃત્ય માંડ્યું રાખી મન. ૯

થૈથૈકાર ઘમકાર ઘુઘરડાં, અબળા પાગ માંડે ઠમઠમતા,
મંદિરથી મહાદેવ નીસર્યા, રામાની પેરે રમતા; ૧૦

અસુર, ઈશ્વર ને અપ્સરા નાચે, અમર ઇંદ્રાદિક જોય,
ચંગ, મૃદંગ, ઉપંગ ને વીણા, શબ્દ એકઠા હોય. ૧૧

મહાદેવ રસમગ્ન હુવા, રાજાને થયા તુષ્ટમાન,
બાણાસુરને કહે ઉમિયાવર, ‘માગ માગ વરદાન.’ ૧૨

રાય કહે, ‘સ્વામી! પ્રથમ મુને તમે સહસ્ર આપ્યા હસ્ત.
તે ભુજબળ મારું કોણે ન ભાંગ્યું, મેં જીત્યા લોક સમસ્ત. ૧૩

સ્વામી! બળ આપ્યું તો જોદ્ધો આપો, એટલું માગવું મારે,
તમે વઢો કાં વઢનાર આપો, જે ભુજનો ભાર ઉતારે.’ ૧૪

ત્યારે રીસ ચઢી ઈશ્વરને, ‘માગતાં ચૂક્યો મૂરખ;
જા, ભુજબળ તારું ભાંગશે ત્રિલોક-પૂજનિક પુરખઃ ૧૫

પુત્રી તારીનો વડસસરો તે તારા મદને હણશે,
થડ થકી તે કર તારાના કકડે કુકડા કરશે. ૧૬

ત્યારે બાણાસુરને શુદ્ધ આવી, 'મેં માગ્યો શરાપ,
કકડા કરી કર કાપશે તે કેમ ખમાશે અદાપ?' ૧૭

ભૂપ ભણે 'સાંભળીએ, સ્વામી! તમ વચન થશે પ્રમાણ,
એટલું માગું : શત્રુ આવતાં આગળથી થાયે જાણ.' ૧૮

શિવ કહે, 'તારી ધર્મધજા આફણિયે ભાંગી પડશે,
તે વારે તું નિશ્ચે જાણજે, શત્રુ આવી ગડગડશે. ૧૯

વલણ

ગડગડશે શત્રુ મેઘની પેરે,' નગર વળાવ્યો સોય રે,
બાણાસુર પછે અહરનિશ તે ધર્મધજા સામું જોય રે. ૨૧

**શબ્દાર્થ**

તાપસ-તપસ્વી, અંબુજ-કમળ, જ્વર-તાવ-ઉન્માદ, અદાપ-ત્રાસ-વેદના, પાખે-સિવાય, માતંગ-હાથી, અહર્નિશ-રાતદિવસ, આફણિયે-આપમેળે, તુષ્ટમાન-પ્રસન્ન

## કડવું ૪

[ ઓખાની તપસ્યાથી પ્રસન્ન થયેલાં પાર્વતી એક જ વર સાથે ત્રણવાર લગ્ન થવાનું વરદાન આપે છે, બીજી બાજુ બાણાસુરને મૃત્યુની ચિંતા સતાવતાં તે દીકરીની હત્યા કરવાનું વિચારે છે પરન્તુ નારદ મુનિની સલાહથી દીકરીને આજીવન કુંવારી રાખવા તેની સખી ચિત્રલેખા સાથે તેને એકદંડિયા કેદ કરે છે. ]

## રાગ દેશાખ

ઋષિ કહે, રાય! સુણો અનુભવી, એ કથા મધ્યે થઈ બીજી નવી;
બાણાસુર વર પામી વળ્યો, એક દિવસ મૃગયાને પળ્યો ૧

ગંગા નાહવા આવ્યાં ઉમિયામાત, ઓખા-ચિત્રલેખાએ જાણી વાત,
સંગે લીધી સહસ્ર સખી, બાંધી આયુધ અબળા અંગરખી. ૨

મદન-ઘેલડી બંને જતી, થઈ છે ભાગ્ય-ઉદયની રતી,
જઈ નમિયાં પાર્વતીને પાય, મસ્તક મેલ્યો કર ઉમિયાય. ૩

લીધું ચરણામૃત અંજલિ ભરી, ષોડશ પ્રકારે પૂજા કરી,
કુસુમહાર ધરતી, અગરુ-ધૂપે કીધી આરતી. ૪

પૂજી-કરીને લાગ્યાં પાય, વદે દેવી, 'કન્યા! વર માગ્ય,'
કન્યા કહે, 'કંદર્પ ક્રોડ, એવા વરની પામું જોડ.' ૫

ઉમિયા કહે, 'માગ બીજી વાર,' તોહે માગ્યો એ ભરથાર.
ત્રીજી વાર કહ્યું, 'માગ રે ફરી', 'આપો સુંદર વર' એમ ઓચરી. ૬

દેવી કહે, 'વરદાન હશે ખરાં, જા કન્યા! પરણીશ ત્રણ વરાં.'
ઓખા કહે, 'હો મારી માત! ત્રણ નાથ એ મહા ઉત્પાત. ૭

મેં પૂજ્યાનું શું સારથ? લોકમાં થાયે હસારથ.'
વદે દેવી, 'ટાળું સંદેહ, ત્રણ વાર પરણીશ તેનો તેહ. ૮

શુભ સ્વામી તું પામીશ તરત, જે કરજે અલૂણું વરત.'
કુંવરી કહે 'કંથનું કેમ જાણ? વ્રત કીધાનું શું એંધાણ?' ૯

દેવી કહે, 'એની ચિંતા કશી? જોજે ચૈત્ર સુદિ દ્વાદશી.
ભોગવીશ અંગ તું સ્વામી તણું, તુંને મધરાતે આવશે સમણું; ૧૦

તુજને વ્રેહ ઘણો વ્યાપશે, ચિત્રલેહા નાથ આણી આપશે.'
ગયાં ઉમિયા એવું કહી, ઓખા પધાર્યાં મંદિર મહીં. ૧૧

મૃગયા રમીને આવ્યો તાત, પુત્રી વર પામ્યાની જાણી વાત,
ચિંતા ચિત્તમાં થઈ છે ઉદે, ભય-દાવાનળ પ્રગટ્યો હૃદે; ૧૨

વિચાર કીધો . અંતરમાં ઘણો : 'વડસસરો જે તનયા તણો,
તે સગાઈને કાંઈ નવ ગણે, નિશ્ચે મારા ભુજને હણે; ૧૩

પુત્રી વૃદ્ધપણું પાળે શુંય? – માટે ઓખાને મારું હુંય;
જ્યારે નાશ પામે ઓખાબાઈ, ત્યારે નહિ આવે વહેવાઈ-જમાઈ; ૧૪

વહેવાઈ હોય તો છેદે પાણ, માટે ઓખાને મારું નિર્વાણ.'
જેવે પુત્રીને હણવા જાય એવે આવ્યા નારદ ઋષિરાય. ૧૫

નારદ કહે, 'રાય! ખડ્ગને ધરી, ક્યાં ચાલ્યા તમે ક્રોધ કરી?'
બાણાસુરે કહી માંડી વાત, 'જાઉં છું પુત્રીની કરવા ઘાત. ૧૬

એનો વડસસરો થાશે જેહ, મારા ભુજને હણશે તેહ;
તે માટે મારું એહને, પછી વહેવાઈ-વર ક્યહાં તેહને? ૧૭

ઋષિ કહે, 'સાંભળો ભૂપાળ! શું કરે કુંવરી, નાનું બાળ
તુજને લાગશે બાળહત્યાય, તે માટે કર્યો એક ઉપાય; ૧૮

આપા પુત્રી હણીએ કાંય? રાખ કુંવારી, પરણાવીશ નાય.
નહિ આવે જમાઈ-વહેવાઈ કોય, પછે તારે શી ચિંતા હોય?' ૧૯

નારદ એવું કહી, બાણે પુત્રી મારી નહિ;
નવા ઘરનો માંડ્યો આરંભ, ચણાવ્યો નિવાસ, એક જ સ્થંભ. ૨૦

ઢાળ્યું સીસું દૈત્યનરેશ, નવ થાયે પવન તણો પ્રવેશઃ
દશ સહસ્ર મૂક્યા રખવાળ, તે ઉપર ચડાવી બાળ. ૨૧

પાસે મૂકી બાળ-સનેહા, વિધાત્રી નામે ચિત્રલેહા.
કન્યાને જોઈએ અન્ન, વસ્ત્ર ને પાણી, તે લે દોરડીએ ઉપર તાણી. ૨૨

સંગે સખી, રહે મનમોદ; ખાય, પીએ ને કરે વિનોદ
ઊપજે કામ, મન દઢ રાખતી, ઘણે દોહિલે દિવસ નાખતી. ૨૩

વલણ

દિવસ નાખતી દોહિલે, સાંભળો, પરીક્ષિત ભૂપ રે!
એમ કરતાં ઓખાને આવ્યું વર વરવાનું રૂપ રે. ૨૪

**શબ્દાર્થ**

હસારથ-હાસ્યનું પાત્ર, પાણ-પાણિ-હાથ, એકદંડિયો-એકથાંભલાવાળો, મનમોદ-ખુશમિજાજી

## કડવું ૫

[પાર્વતીના વરપ્રાપ્તિના વરદાન પછી યૌવનમાં પ્રવેશેલી અને પિયુમિલન માટે અધીર બનેલી ઓખાની ઉત્કટ વિરહવ્યથાનું આલેખન થયું છે.]

## રાગ ગોડી

વર વરવાને જોગ થઈને પ્રગટ્યાં સ્ત્રીનાં ચિહ્ન જી,
ઓખા કહે છે ચિત્રલેખાને, એક વાત સાંભળ, બહેન જી!'
સહિયર! શું કીજે? હાં હાં રે દહાલડા કેમ લીજે? એ તો દોષ કરમને દીજે
૧

જમ-પેં ભૂંડું જોબનિયું રે, મદપૂરણ મુજ કાય જી;
પિતા તો પ્રીછે નહિ રે, બાઈ! કુંવારો ભવ ક્યમ જાય જી?
સહિયર! શું કીજે?૦ ૨

સહુ કો' સાસરે જાય ને આવે સખીઓ મુજ સમાણી જી,
હું અપરાધણ હરખે હણાઈ, આંખે ભરું નિત પાણી જી;
સહિયર! શું કીજે?૦ ૩

એણે દુખે હું દૂબળી, મુને અન્ન-ઉદક નવ ભાવે જી,
આવાસ-રૂપી શૂળીએ સૂતાં નિદ્રા કેઈ પેર આવે જી?
સહિયર! શું કીજે?૦ ૪

મરજાદા સહિત ભરથાર બોલાવે, કરે આંખ તણો અણસારો જી,
તેવાં સુખ નયણે નવ નીરખ્યાં, મારો એળે ગયો જન્મારો જી;
સહિયર! શું કીજે?૦ ૫

સ્વામી કેરો સંગ નહિ સ્ત્રીને, તેથી શું હોય નરતું જી?
હવે આશા શી પરણ્યા કેરી? મારું જોબનિયું જાય ઝરતું જી;
સહિયર! શું કીજે?૦ ૬

બીજી વાત મુજને નવ રુચે, મારું મન ભરથારમાં મગ્ન જી,
આંહી કોઈ પુરુષ આવે તો સદ્ય પરણું, નવ પૂછું જોશીને લગ્ન જી;

સહિયર! શું કીજે?૦ ૭

વેણ રસિક કહેતો કરુણાવર, આવે લટકતી ચાલે જી,
પ્રેમકટાક્ષે પિયુને બોલાવું, હ્દયા-ભીતર વહાલે જી;
સહિયર! શું કીજે?૦ ૮

મરકલડે મુખે, મધુરે વચને, મરજાદા મન આણી જી,
શાક-પાક પિયુને નવ પીરસ્યાં, આઘો પાલવ તાણી જી!
સહિયર! શું કીજે?૦ ૯

એવાં સુખ નયણે નવ નીરખ્યાં, દાખવ્યું કર્મ કઠોર જી,
મારો જનમારો એળે ગયો, જેમ વગડા કેરું બોર જી;
સહિયર! શું કીજે?૦ ૧૦

જળ વિના જેમ માછલી રે, ચંદ્ર વિના રેન જેવી જી,
પિયુ વિના જોબનિયું વૃથા, હું અભાગણી પૂરી તેવી જી;
સહિયર! શું કીજે?૦ ૧૧

અઘોર વનમં વેલ ફૂલી, ન મળે ભમરો ભોગી જી,
વપુવેલી જોબનિયું ફૂલ્યું, મળ્યો નાથ સંજોગી જી;
સહિયર! શું કીજે?૦ ૧૨

એ સુખ-દુઃખ મિથ્યા કરું, હું લેવાઈ મારા પાપે જી,
આ બંધેગીરી કરમે કરી રે, બાઈ! શૂળીએ ચડાવ્યાં બાપે જી;
સહિયર! શું કીજે?૦ ૧૩

જળ વિના જેમ વેલડી રે, લવણ વિના જેમ અન્ન જી,
ભરથાર વિના તેમ ભામિની રે, દોહિલે નાખે દિન્ન જી;
સહિયર! શું કીજે?૦ ૧૪

અકળ ગતિ છે ગોવિંદની, શું નીપજશે બહેની જી?
ગોપાળનું ગમતું થાશે, પણ મનડું મારું રહે નહિ જી;
સહિયર! શું કીજે?૦ ૧૫

વલણ

મનડું મારું રહે નહિ, વિરહ-વહ્નિ થયો ઉદે;'
વલવલતી ઓખાને દેખી, ચિત્રલેખા વાણી વદે. ૧૭

**શબ્દાર્થ**

મદપૂરણ-યૌવનસભર, વપુવેલી-શરીર રૂપી વેલ, બંધેગીરી-બંધન

## કડવું ૬

[લગ્ન માટે અધીર બનેલી ઓખાને સખી ચિત્રલેખા સંયમ રાખવા સમજાવી, પાર્વતીએ જણાવેલા અલૂણા વ્રતનું સ્મરણ કરાવે છે. ઓખા સંયમ રાખી પાર્વતીની ઉપાસના કરે છે.]

રાગ મેવાડો

શિખામણ દે છે ચિત્રલેહા જો, 'તું તો સાંભળ બાળસ્નેહા જો,
એમ છોકરવાદી નવ કીજે જો, બાઈ! બળિયા બાપથી બીહીજે જો. ૧

એવું નીચ મન કાં તારું જો? આપણ મોટા બાપનાં છોરુ જો;
એમ લાંછન લાગે કુળમાં જો, પ્રતિષ્ઠા જાય એક પળમાં જો. ૨

કીજીએ કહ્યું હોય જે તાતે જો, બાઈ! નવ જઈએ બીજી વાટે જો;
હું તો રહી છું તુજ રક્ષણ સારુ જો, બાઈ! તું માણસ નહિ વારુ જો. ૩

મેં તો ન થાય તારું રક્ષણ જો, બાઈ! તુજમાં મોટું અપલક્ષણ જો;
તુજમાં કામ-કટક-દલ પ્રગટ્યું જો, હવે મને રહેવું નવ ઘટતું જો. ૪

જો રાય બાણાસુર જાણે જો, તો અંત આપણો આણે જો
મંત્રી દુખદાયક વરતી જો, ભૂંડી કહેવાઉં તુજ મળતી જો. ૫

મારા સમ, જો મન કરો વિગ્રે જો, એમ સ્વામી ન મળે શીઘ્રે જો;
થાક્યાં ડગલાં ન ભરીએ લાંબાં જો, ઉતાવળે કેમ પાકે આંબા જો? ૬

હું તો પ્રીછી કામનું કારણ જો, બહેની! રાખો હૈયે ધારણ જો,
પિયુને મળવું સહુને ગમતું જો, સહુને જોબિનયું હશે દમતું જો. ૭

તુજમાં જ્ઞાન-બુદ્ધ નથી અંથ જો, કારાગૃહમાં ક્યહાંથી કંથ જો?
મારી ઓખાબાઈ! સલૂણાં જો, તમો વ્રત કરોને અલૂણાં જો.' ૮

આવ્યો ચૈત્ર માસ એમ કરતાં જો, ઓખાબાઈ તે વ્રત આચરતાં જો;
અ-લવણ જમે, અવની સુએ જો, દીપક બાળે ને દિન ખુએ જો. ૯

નિત ઉમિયાજીને આરાધે જો, દેહ દમન કરે મન વાધે જો,
થયું પૂરણ વ્રત એક માસે જો, કોઈ ના જાણે એકાંત આવાસે જો. ૧૦

વલણ

આવાસે એકસ્તંભ વિશે વ્રત કીધું ઓખાય રે,
થયો સ્વપ્નસંજોગ સ્વામી તણો, તે ભટ પ્રેમાનંદ ગાય રે.

**શબ્દાર્થ**

પ્રીછી-સમજી, કામ-કટક-દલ – કામવાસનાનો ઉન્માદ

## કડવું ૭

[પાર્વતીજીના વચન પ્રમાણે ઓખાનાં પ્રથમ લગ્ન સ્વપ્નમાં થાય છે. પતિ-પત્ની બંને રતિસુખમાં તલ્લીન બને છે પરંતુ પાનનાં બીડાં માટે પતિ અનિરૂધ્ધ રિસાઈને ચાલ્યો જતાં ઓખા વલોપાત કરે છે.]

રાગ કેદારો

શુકદેવજી વાણી વદે : ઓખા ભરી છે પૂરણ મદે,
વૈશાખ સુદિ દ્વાદશી હતી, 'સ્વામી સ્વામી' કરતી સેજ સુતી; ૧

સુખે નિદ્રા કરે છે બાળા, તન તપે, હૃદે વ્રેહજ્વાળા,
વ્રેહની જ્વાળા તપી નવ શમે, ઘણું એક દુખે નિશા નિર્ગમે. ૨

કાંઈ લિખિત વાત છે ભાવી, ઓખાબાઈને નિદ્રા આવી,
સૂતી 'સ્વામી સ્વામી' કરતાં, થવા લાગ્યાં તે સમણાં સરતાં. ૩

શુભ શુકને ઓખા આનંદી, મળ્યો છે વર વિરહ-નિકંદી;
મંડપ મનીખે ભરાયો ખચખચી, રૂડી નૌતમ ચૉરી રચી. ૪

મળ્યો સ્વામી રૂપ-રસાળો, તેની સાથે મળ્યો હાથેવાળો;
ચાર મંગળફેરા ફરિયાં, કંસારનાં ભોજન કરિયાં. ૫

દાસી ગીત ગાય છે વરણી, ઓખા સ્વપ્નાંતરમાં પરણી
એકસ્થંભ પોતાની મેડી, ચિત્રલેખા વરને લાવી તેડી; ૬

બેઠાં શય્યાએ સામાસામી, એવું સ્વપ્ને પ્રેમદા પામી.
ત્રૂટે હાર, છૂટે મેખલા, રમે રતિસુખ આસન-કલા. ૭

નિશ્ચે નારીએ જાણ્યો નૃપ, કન્યા સ્ખલિત થઈ કંદર્પ,
સમણામાં રજની જાગે, ઓખાજીને તે તો રૂડું લાગે. ૮

ઓખા મનવાંછિત વર પામી, ઉર-શું ભીડ્યા તે અંતરજામી,
બીડી અરધી કરડી પાનની, નાથ કહે, 'આરોગો, કામની!' ૯

ખાતાં મુખ મરડ્યું છે બોટી, પિયુને રીસ ચડી છે ખોટી,
'હું તો થયો કામાતુર અંધ, પરસુતા-શું શાનો સંબંધ? ૧૦

બીડી પાનની અર્ધી કરડી, ખાધી મન વિના મુખ મરડી,
ભરથારને ભ્રાંત જ આવી, સેજથી નાથ ગયો રિસાવી. ૧૧

વલણ

રિસાવી ગયો રમણ કરતાં, તે સ્વપ્નાંતરની વાત રે,
ઓચિંતી ઓખાબાઈ જાગી, કરવા લાગી આંસુપાત રે.

**શબ્દાર્થ**

વ્રેહજવાળા-વિરહવ્યથા, મનીખે-મનુષ્યો, પરસુતા-પરસ્ત્રી, ભ્રાંત-સભાનતા, બોટી-એઠું

## કડવું ૮

[ઓખા રિસાઈને ચાલ્યા ગયેલા પતિને મહેલમાં શોધી વળે છે, નિરાશ થતાં મનોમન પોતાની જાતને ઠપકો આપી રડવા લાગે છે.]

રાગ સામેરી

જાગી જાગી રે રામા રસભરી, તપાસે સેજ ફરી ફરી.
મુખે કરડતી આંગલડી, 'મેં તો વણસાડ્યું થોડાને કાજે રે,
મેં મુઈએ મુખ મચકોડ્યું, બીડી ના ખાધી તે દાઝે રે;' – જાગી૦ ૧

લડથડતી ચાલે, ને પાલવ ઝાલે, નયણે આંસુ ઢાળે રે,
કરે સાદ સ્વામીને સંભારે, ભ્રમરભોળી ભાળે રે; – જાગી૦ ૨

ધબ ધબ કરતી નારી તપાસે બારી, દીઠી તે ભોગળ ભીડી રે,
જુએ ચારે ખૂણે, ને મસ્તક ધૂણે, વિલપે વિજોગની પીડી રે; – જાગી૦ ૩

કરે કાલાવાલા, મનોરથ ઠાલા, ઠણઠણતી દે સમ રે,
તમારે તો હસવું, મારે રોઈ મરવું, ધીરજ રાખું ક્યમ રે? – જાગી૦ ૪

આપી સંજોગસુખ, ને દેવું દુઃખ, મારી કરમની રેખા રે,
અતિશે ના તાણો, દયા મન આણો, તમને બાપના સમ, દો દેખા રે. – જાગી૦ ૫

જુઓ પ્રીત તપાસી, હું છું દાસી, દંડ દેવો તે શા સારુ?
કરો સ્નેહ, તજું છું દેહ, વહાલા! અતિઘણું નહિ વારુ રે; – જાગી૦ ૬

મીટ માંડો ને ખટપટ છાંડો, ન બોલો તો કંઠ નાખું વાઢી રે,
બીડી માટે થયાં મન ખાટાં, કહો તો મુખનું તંબોલ લઉં કાઢી રે; – જાગી૦ ૭

અનેક ઉપાય કીધા કન્યાએ, ન બોલ્યો નાથ, ને આશા ભાગી રે,
વદે વિપ્ર પ્રેમાનંદ, ગતિ થઈ મંદ, પછે ઓખા રોવા લાગી રે. – જાગી૦ ૮

**શબ્દાર્થ**

વણસાડ્યું-બગાડ્યું, તંબોલ-પાન, સ્વપ્નાંતર-સ્વપ્તમાં, વિરહ-નિકંદી - વિરહનો નાશ કરનાર,

## કડવું ૯

[સ્વપ્નભંગ થતાં સખી ચિત્રલેખાને જગાડી તત્કાલ પતિ લાવી આપવા વિનવે છે પાર્વતીજીનાં વચનો યાદ કરાવી, ચિત્રલેખા તેને સમજાવે છે. ઓખા ન માનતાં સ્વપ્નમાં આવેલા યુવકનો પરિચય પૂછે છે, તેના વિશે ઓખા કશું ન જાણતી હોવા છતાં તત્કાળ પતિ લાવી આપવાની જીદ પકડે છે.]

રાગ વેરાડી

આશાભંગ થઈ ભામિની, રોઈ સ્તુતિ કરે સ્વામીની,
ચિત્રલેખા ભણી ગઈ, 'ઊઠ બહેની! શું સૂઈ રહી?' ૧

ઊઠી સહિયર બેબાકુળી, 'કન્યા! કાં રુએ થઈ વ્યાકુળી?
આવડી, ઓખા! શાને કાંપી? શકે ઓથારે તુજને ચાંપી! ૨

મારી મીઠી! રહે તું છાની, તુંને રક્ષા કરે રે ભવાની;
કહે પ્રેમદા! શું તને હવું? સમણામાં શું દીઠું નવું?' ૩
ઓખા કહે ગાલે દેઈ હાથ, 'થોડા ગજાના દુભાણા નાથ,
હસતાં-રમતાં તે ચડિયો ક્રોધ, ફોગટ ફાંસુ પડ્યો રે વિરોધ; ૪

કર દીવો, ઘર નિહાળીએ, છે આટલામાં પિયુ માળિયે.'
ચિત્રલેખા કહે, 'ઘેલી થઈ, આંહીં દેવું અવાયે નહિ; ૫

આવી ન શકે પ્રાણી-પંખના, એ તો સ્વપ્નાની એવી ધંખના,
'પિયુ પિયુ' કરતી તું સૂતી ચતી, માટે સમણામાં દીઠો પતિ. ૬

સ્વપ્ને નિર્ધન પામે ધન, સ્વપ્ને વંધ્યા પ્રસવે તંન,
જાગી દેખે તો ઠાલો ઉછંગ, સ્વપ્ને મૃગજળના રે તરંગ. ૭

ઇન્દ્રજાળની જેવી વસ્તુ, જાગી દેખે તો ઠાલો હસ્ત;
નવ થાયે લાભ દીઠે સ્વપ્ને, દર્પણનું રૂપ ન આવે કને. ૮

ગાંધર્વનગર ને ગગનકુસુમ, ભોગ અસ્થિર સ્વપ્નાના ત્યમ;
નિદ્રાવશ મન કહીંયે ભમે, સ્વપ્ન સાચું ન હોયે ક્યમે.' ૯

ચિત્રલેખા દેતી ઠારણ, સખી ઓખાને આપે ધારણ;
કુંવરીનું મનાવવા મંન, દીપક પ્રગટાવી જોયું ભવન; ૧૦

તપાસ્યું માળિયું ચારે પાસ, પડી ઓખા થઈને નિરાશ;
વાધી વિજોગ તણી વેદના, મૂર્છાગત થઈ અચેતના. ૧૧

ચિત્રલેખાએ બેઠી કરી, હૃદયે ચાંપી બે ભુજ ભરી;
કામવશ મન નથી લાજતું, વ્રેહ-અગ્નિએ તન દાઝતું. ૧૨

'કાં વીસરી ગયું ઉમિયાનું વચન? – સ્વપ્નામાં પરણશો સ્વામિન;
ઓખા કહે, 'વિસ્મરણ થઈ, લાવ સ્વામને હું અહીં; ૧૩

વિધાત્રી કહે, 'શું તેનું નામ? સ્વપ્નાના સ્વામીનું કયું ગામ?
કોણ માતા-પિતા ને જાત? લઈ આવું, કહે માંડી વાત. ૧૪

ઓખા કહે, 'હું ઘેલી થઈ, નામ-ઠામ પુછાયું નહિ,
નાત-જાત ને માત-પિતાય, હું પ્રીછી નહિ જે પ્રથમ પુછાય. ૧૫

રૂપકળા મુને મન ગમી, તે રૂપ ચિત્તમાં રહ્યું છે રમી.
બાઈ! તે નાથે હું મિથ્યા દમી, સેજે-સૂરજ ગયો આથમી; ૧૬

નિશા નહિ જાયે નિર્ગમી, મળવા મનડું રહ્યું ટમટમી;
વિજોગદુખ ન રહેવાય ખમી, લાવ પ્રભુને, કહું ચરણે નમી. ૧૭

ચિત્રલેખા કહે કર્મે હાથ દઈ, 'જાણ્યા વિના કોને આવું લઈ?
કશો એક આશરો વદને વદ્ય, તારા સ્વામીને લાવું સદ્ય.' ૧૮

ઓખા બોલે આળપંપાળ, 'આંહાં આવે તો ઓળખું તત્કાળ,
કાંઈ રૂપ સબળું છે સારું, તેણે ચિત્તડું ચોર્યું છે મારું; ૧૯

લાવ સખી! શીઘ્ર તેહને, નહિ તો પાડું છું રે દેહને;
સ્વામી વિના જીવવું વૃથા, માટે પિંડ પાડું સર્વથા. ૨૦

વલણ
સર્વથા પાડું પિંડ માહરી, આજ ન આવે સ્વામી રે.'
ચિત્રલેખાએ રૂપ ચીતરિયું કાગળમાં બહુકામી રે. ૨૧

**શબ્દાર્થ**
ભામિની-સ્ત્રી, પત્ની, ઓથારે-ભયથી, દુભાણા-રિસાયા, વિધાત્રી-ભાગ્યની દેવી,
ફાંસ-કારણ વિનાનો, વદ્ય-બોલ,

## કડવું ૧૦

[ઓખાના પતિને ઓળખવા ચિત્રલેખા અનેક વીરપુરૂષોનાં ચિત્રો દોરે છે. અંતે સ્વપ્નમાં આવેલા કૃષ્ણના પૌત્ર અનિરૂધ્ધનું ચિત્ર દોરતાં, તુરંત તેને ઓળખી જઈ ચિત્રમાં જ તેને ભેટી પડે છે.]

કાગળ રંગ લીધો રે વિધાત્રી, ભાતભાતનાં ચીતરે સ્વરૂપ,
સ્વર્ગના સુર, પાતાળના પન્નગ, લખિયા તે ભૂમિના ભૂપ.

– કાગળ૦ ૧

વાયુ, વરુણ ને પાવક લખિયા, યક્ષરાય ને જમ,
ઓખા કહે, ‘તું લઘુને મૂકી, આ વૃદ્ધ દેખાડે ક્યમ?’
– કાગળ૦ ૨

ગણેશ, ઈશ ને અંબુજ લખિયા, લખિયા સૈન્યના ઈશ,
જુગ્મ તુરિનાં તન જોવડાવ્યાં, તોકે ધુણાવે શીશ.
– કાગળ૦ ૩

પ્રભાકર, સુધાકર લખિયા, ગિરિજાવર ગંભીર,
ઓખા કહે, ‘ન હોય એકે મારા સ્વામીનું શરીર.’
– કાગળ૦ ૪

અષ્ટ વસુ, ગણ, ગાંધર્વ લખિયા, લખિયા બારે મેહ,
સપ્ત જળનિધિ, અષ્ટ ધાતુકર, લખિયા તેહની દેહ.
– કાગળ૦ ૫

દેવ, મુનિ ને જુગ્મ વીણાધર, લખિયા ચિત્ર-વિચિત્ર,
મરુતગણને લખિયા વિદ્યાધર, સપ્ત ઋષિ પવિત્ર.
– કાગળ૦ ૬

શત કૌરવ, પાંચ પાંડવ લખિયા, વળી દેશદેશના રાય,
કન્યાને કોઈ ચિત્ત ન આવે, આકુળ-વ્યાકુળ થાય.
– કાગળ૦ ૭

ચિત્રલેખાએ મંન વિચાર્યું ‘મેં લખિયા ઠામોઠામ,
વિષયી પુરુષ ભામિનીના ભોગી, કૃષ્ણ તણું એ કામ.’
– કાગળ૦ ૮

ચતુર્ભુજ, પીતાંબરધારી, લખિયા શ્રીમહારાજ,
દીઠા કૃષ્ણ ને ઓખા ઊઠી, શ્વસુરની કીધી લાજ.
– કાગળ૦ ૯

‘અરે સહિયર! એના કુળમાં મારો છે ભરથાર.’
પ્રદ્યુમ્નને પછી લખી દેખાડ્યો, લાજ કીધી બીજી વાર.
– કાગળ૦ ૧૦

કન્યા કહે, ‘એવો પ્રભુજી, આ પુરુષ છે કો વૃદ્ધ;’
ચિત્રલેખાએ લખી દેખાડ્યો કાગળમાં અનિરુદ્ધ.
– કાગળ૦ ૧૧

મુકુટ ભ્રમર પર, વદન સુધાકર, નેત્ર બે અંબુજ;
થેલી ઓખા ધાઈધાઈને ભેટે ભરીભરીને ભુજ.
– કાગળ૦ ૧૨

‘ધન ધન નાથજી! હાથ ગ્રહીને, ના મૂકીએ બીડી સારુ,
અમો અબળાનાં હૃદય કોમળ, કોણ ગજું અમારું?
– કાગળ૦ ૧૩

ના, ના; બોલો, મારા સમ છે, લાજો છો શા માટે?’
ચિત્રલેખા કહે, ‘ન હોય સ્વામી, વળગ્યામાં કાગળ ફાટે.
– કાગળ૦ ૧૪

વલણ

ફાટે કાગળ, કામિની! ન બોલે ચિત્રામણ વાણી રે;’
ઓખા કહે ચિત્રલેખાને, ‘આપ પ્રભુને આણી રે.’ ૧૫

**શબ્દાર્થ**

પંનગ-સાપ, અંબુજ-કમળમાં બિરાજમાન બ્રહ્માજી, ગિરિજાવર-પર્વતપુત્રી પાર્વતીના પતિ શિવજી, વીણાધર-નારદજી, પાવક-અગ્નિ, ગણ-શિવના સેવકો

## કડવું ૧૧

[ઓખાની વિનંતિથી અનિરૂધ્ધનું અપહરણ કરવા સખી ચિત્રલેખા પંખિણી સ્વરૂપે દ્વારિકા જાય છે. દ્વારિકાની સમૃધ્ધિ-ભવ્યતાનું વર્ણન છે. ચિત્રલેખા હીંચકા સહિત અનિરૂધ્ધનું અપહરણ કરી ઉપાડીને લાવે છે.]

રાગ મારુ

ઓખા કહે, 'સુણ, સાહેલી રે! લાવ નાથને વહેલી વહેલી;
બાઈ! તું છે સુખની દાતા, લાવ સ્વામીને, થાય સુખ-શાતા.' ૧

ચતુરાને કહે ચિત્રલેખા, 'બાઈ! આણ્યાના ઉપાય કેવા?
દૂર પંથ છે દ્વારામતી, ક્યમ જવાયે મારી વતી? ૨

તાહાં જઈ ન શકે રાય શક્ર, રક્ષા કરે સુદર્શન ચક્ર;
ત્યાંથી જીવતાં ક્યમ અવાય? ત્યાં તો નિશ્ચે મસ્તક છેદાય. ૩

જાવું જોજનશત અગિયાર, ત્યારે આવે તારો ભરથાર,
નયણે નીરની ધારા વહે છે, કર જોડીને કન્યા કહે છે : ૪

'બાઈ! તારી ગતિ છે મોટી, તુંને કોઈ ન કરી શકે ખોટી;
સહિયરને સહિયર હોય વહાલી, બાઈ! તે મુંને હાથે ઝાલી. ૫

આપણ બે જણ બાળસંઘાતી, પ્રાણદાતા તું છે, રે વિધાત્રી!
માત-તાત વેરી છે. મારાં, મેં તો ચરણ સેવ્યાં છે તારાં; ૬

વિધાત્રી! તું છે દીનદયાળ,' એમ કહીને પગે લાગી બાળ.
ચિત્રલેખાએ ધારણ દીધી, પછે દેહ તે પક્ષણીની કીધી; ૭

આપ્યું વાયક એક પ્રમાણી, 'ક્ષણુ એકમાં આપું આણી.'
ઓખા કહે : 'રહેજે રૂડે આચરણે, રખે અનિરુદ્ધને તું પરણે; ૮

કરજે સ્વામીનું સઘળું જતન જેમ આંખને રાખે પાંપણ.
એમ કહી વળાવી રે વિધાત્રી, પંખિણી પવનવેગે જાતી; ૯

દ્વારકા જઈ પોહોતી કામિની, છેલ્લી દોઢ પહોર રહી જામિની;
જેવું દુર્ગમાં પેસે સ્ત્રીજંન, તેવું ધાયું તે સુદર્શન. ૧૦

જેવું મસ્તક છેદે પળમાં, કન્યા પેઢી ગોમતીજળમાં,
એવે નારદજી તાંહાં આવી, કન્યા ચક્ર થકી રે મુકાવી. ૧૧

નારદ કહે, 'રે સુદર્શન! એને લઈ જવા દેજે તંન;
એ તો કામ છે કૃષ્ણને ગમતું, માટે તું એને રખે દમતું.' ૧૨

ગયું ચક્ર તે પશ્ચિમ પાસ, ઋષિ નારદ ગયા આકાશ;
હવે અલ્પ રહી છે રાત્રિ, ચાલી ગામ જોતી વિધાત્રી. ૧૩

ચાલી પક્ષણી જોતી ગામ, સામાસામી દીસે છે ધામ;
સપ્ત ભૂમિ તણા આવાસ, જોતાં ક્ષુધાતૃષા થાય નાશ. ૧૪

બહુ કળશ, ધજા રે વિરાજે, જોતાં અમરાપુરી તે લાજે;
શોભે છજાં, ઝરૂખા ને માળ, સ્તંભ મણિમય ઝાકઝમાળ; ૧૫

વાંકી બારી ને ગોખે જાળી, નીલા કાચ મુક્યા છે ઢાળી;
ઝળકે મંડપ ડેમની થાળી, પટ માંડે જડિત્ર પરવાળી. ૧૬

ભલાં ચૌટાં, શેરી ને પોળ, સામસામી હાટોની ઓળ;
લીંપી ભીંત કનકની ગાર, ચળકે કાચ તે મીનાકાર. ૧૭

ઘેર ઘેર વાટિકા ને કુંજ, કરે ભમરા તે ગુંજાગુંજ;
થાય ગાનતાન બહુ તાલે, રસ જામે વાજિંત્ર રસાલે. ૧૮

મોટા મદગળ ઘૂમે ને ડોલે, ગુણ ગાંધર્વ બંદીજન બોલે;
દ્વારકા તે વૈકુંઠ સરખી, ચિત્રલેખાએ નગરી નીરખી. ૧૯

દુર્ગ, કોસીસાં રૂડાં વિરાજે, ચોફેર રત્નાકર ગાજે;
ત્યાં તો ગોમતીનો રે સંગમ, ઉદ્ધરે સ્થાવર ને જંગમ. ૨૦

ઘેર ઘેર હરિગુણ ગાય, ચિત્રલેખા તે જોતી જાય;
વસુદેવનાં ઘર નિહાળી, ત્યાંથી વિધાત્રી આઘેરી ચાલી; ૨૧

સોળ સહસ્ર કૃષ્ણની નારી, સઘળે દીઠા દેવ મોરારી;
હરિના સાઠ લાખ છે તંન, જોયાં તેહ તણાં ભવંન. ૨૨

જોયું ધામ કામ-ઝાતકાર, દીઠો મેડીએ રાજકુમાર;
અનિરુદ્ધ સૂતો છે હિંદોળે, દાસી ચાર તે વાયુ ઢોળે; ૨૩

શોભે દીપક ચારે પાસ, કોઈ ચરણ તળાંસે દાસ;
તાંહાં બાવનાચંદન મહેકે, હિંદોળે ફુમતડાં લહેકે. ૨૪

કામકુંવર કામના જેવો, ચિત્રલેખાને ચોરી લેવો;
કુંવર હરવાનું કારણ, સમર્યું નિદ્રાનું ધારણ. ૨૫

રાતે જે કો જાગતું હૂતું, પછી જે જેમ તેમ તે સૂતું;
ઘારણ ભારણ ભરી છે કાયા, વપુ માંહે વસી જોગમાયા. ૨૬

અનિરુદ્ધ તણી કિંકરી, તે તો સૂતી નિદ્રાએ ભરી;
ચિત્રલેખા તે ઘરમાં ગઈ, પણ કુંઅરે તે જાણી નહિ; ૨૭

વિચાર અંતર માંહે કીધો, આંકડેથી હિંડોળો લીધો;
બેઉ સાંકળ કરમાં ઝાલી, ખેચરી-ગત ચતુરા ચાલી. ૨૮

ગોઠવણ ગોવિંદે કીધી, જાણી જોઈને જાવા દીધી;
ઘેર ઓખા જુએ છે વાટ, ના'વ્યો નાથ ને થાય ઉચાટ. ૨૯

એવે સાંભળી પાંખ જ વાગી, ઓખા નિદ્રામાંથી જાગી;
આવી ચિત્રલેખા કહેવા લાગી, 'આપ વધામણી મુખમાગી; ૩૦

આ નાથ તારો હિંડોળે, તમો તારુણી મળોની ટોળે. ૩૧

વલણ

ટોળે મળો તારુણી, આ તારો ભરથાર રે.'
પછે ઓખાએ ચિત્રલેખાને આપ્યા સોળ શણગાર રે. ૩૨

**શબ્દાર્થ**

દ્વારામતી-દ્વારિકા, વાયક-વચન, કોસિસાં-મહેલના કાંગરા, બાળસંઘાતી-બાળપણના મિત્રો, પક્ષણી-પંખિણી, જડિત્ર-જડેલાં, તળાંસે-દબાવે,

## કડવું ૧૨

[અનિરૂધ્ધને જોતાં જ પ્રસન્ન થયેલી ઓખા એની સાથે મનોમન પ્રેમાલાપ કરે છે. અનિરૂધ્ધને પોતાનું અપહરણ અને ગાંધર્વલગ્નનું સ્વપ્ન આવતાં સ્વપ્નમાં જ ગુસ્સે થઈને જાગી જાય છે, ઓખા એના ક્રોધને શાંત કરે છે.]

રાગ મારુ

ઓખા કહે ચિત્રલેખાને, 'તેં આપ્યું પ્રાણનું દાન જી,
સખી કહીને ક્યમ બોલાવું? તું તો દેવી સમાન જી.' ૧

દીપક જાગતો કરીને કન્યા હિંદોળા પાસે આવી જી;
સૂતા છે નિદ્રાવશ સ્વામી હિંદોળો શોભાવી જીઃ ૨

'કામકુંવરને આ શી નિદ્રા! સૂતાં સારું લાગે જી;
દૂર પંથથી પ્રભુજી પધાર્યા, તે સૂતા નવ જાગે જી. ૩

અલ્પ રેણી રહી, રાણાજી! ઊંઘ તમને આ શી જી?
શકે સખી! આ ભિયા દીસે છે કુંભકર્ણના ઉપાસી જી.' ૪

ઊંચે સ્વરે જઈ બોલાવે, ચરણ-આભૂષણ વજાડે જી,
મસે મસે હિંદોળો હલાવે, તોહે આંખ ન ઉઘાડે જી. ૫

વાયુ ઢોળે ને ચરણ તળાંસે, કરતી મુખે ચુંબન જી;
એવામાં અનિરુદ્ધને નિદ્રામાં આવિયું છે સ્વપન જી : ૬

કોએક કન્યા મુજને લાવી છે, હિંદોળો કરી હરણ જી;
એકાંત માળિયે રાજકન્યાનું કીધું છે પાણિગ્રહણ જી; ૭

તેનો પિતા મુજને બાંધે છે, હાક ચોદિશ વાગી જી;
'લાવ ભોગળ, હણું સેનાને,' સાચે ઊઠ્યો જાગી જી. ૮

હસીહસી ઓખા અળગી રહી, હાકીને ઊઠ્યો શુંય જી?
અનિરુદ્ધ ગાભરો થઈ જોતો, 'કાંહાં આવ્યો છું હુંય જી? ૯

આ હિંદોળો નિશ્ચે મારો, પણ મેડી ન હોય મારી જી;
દાસી ચાર દીસે નહિ ને કોઈ આ રાજકુમારી જી! ૧૦

તવ ચિત્રલેખા અનિરુદ્ધ પ્રત્યે બોલી છે શીશ નામી જી,
'હું તમને હરી લાવું છું, ક્રોધ ન કરશો, સ્વામી જી! ૧૧

આ કન્યા છે બાણાસુરની, ઓખા એહનું નામ જી,
સ્વપ્નાંતરમાં પરણી ગયા છો, તમો આવ્યે થયો વિશ્રામ જી. ૧૨

આ નારી છે પ્રભુ તમારી, એનો સમાવો તનનો તાપ જી;
સ્ત્રી-ભરથાર રહો બે છાનાં, ના જાણે એનો બાપ જી.' ૧૩

વાયક સાંભળી વિધાત્રીનાં ચડી અનિરુદ્ધને રીસ જી,
'શું કરું જે ખડ્ગ નથી? - નહિ તો છેદું બેહુનાં શીશ જી. ૧૪

ગામ મુકાવ્યું, ધામ મુકાવ્યું, મુકાવ્યાં સ્વજંન જી;
કેમ વરું અસુરની કન્યા? હું જાદવકુળનો તંન જી,' ૧૫

તવ અવળું જોઈને ઓખા બોલી, 'જાદવકુળ પવિત્ર જી!
વિચારીને બોલો, રાણાજી! જાણું પિતામહનાં ચરિત્ર જી. ૧૬

રીંછસુતા ને કુબ્જા દાસી, તે-પેં ના હું નરતી જી,
પિતા તમારો પરણી લાવ્યા, તે તો પ્રગટ નથી કરતી જી.' ૧૭

અનિરુદ્ધને તવ હસવું આવ્યું, રીસ ગઈ છે ઊતરી જી,
'અવળે મુખે શું બોલો, મહિલા? તમો જુઓને સવળું ફરી જી.' ૧૮

તેણે સમે ઋષિ નારદ આવ્યા, ઈશ્વરી ઇચ્છાય જી;
ગાંધર્વવિવાહ તત્ક્ષણ કીધો, પરણાવ્યાં વરકન્યાય જી. ૧૯

વલણ

વરકન્યા પરણાવી નારદ હવા અંતર્ધાન રે;
નરનારી સુખ ભોગવે ઇંદ્ર-ઇંદ્રાણી સમાન ર. ૨૦

**શબ્દાર્થ**

ભિયા-ભાઈ, મસે-મસે–ધીમે ધીમે, ચોદિશ-ચારેય દિશાઓ, ગાભરો-ગભરાયેલો, નરતી-ઊતરતી, હવા-થયા

## કડવું ૧૩

[ગંધર્વલગ્ન પછી ચિત્રલેખા વિદાય લેતાં ઓખા-અનિરૂધ્ધની રતિક્રીડાનું વર્ણન છે.]

રાગ બિહાગડો

સુખ ભોગવે શ્યામા ને સ્વામી, ચિત્રલેખા કહે શિર નામી,
'અન્ન બેનું આપે છે રાય, ત્રીજું માણસ તે કેમ સમાય? ૧

તમો નરનારી ક્રીડા કીજે, હવે મુજને આજ્ઞા દીજે.'
રોતી ઓખા વળતું ભાખે, 'બાઈ! કેમ જીવું તુજ પાખે? ૨

તમો તાતને ઘેર ન જવાય, જો જાઓ તો જાણ જ થાય.
આપણ એકઠાં દહાડા નીગમશું, આપણ ત્રણે વહેંચીને જમશું; ૩

દુખ થાશે તો દેશું થાવા, પણ નહિ દઉં તુજને જાવા.'
વિધાત્રી કહે, 'સુણો રાણી, તમો આંખે ન ભરશો પાણી; ૪

પ્રધાનપુત્રી છું કહેવા માત્ર, હું છું બ્રહ્માણી માનવગાત્ર
તુજ અર્થે લીધો અવતાર, મેળવિયાં સ્ત્રી-ભરથાર.' ૫

એમ કહી થઈ અદર્શન, ચિત્રલેખા ગઈ બ્રહ્મસદન.
ઓખાએ રોઈ આંખડી ભરી, કંથે આસનાવાસના કરી. ૬

સ્વામીએ સંભોગી નારી, સુખે વિધાત્રી મૂકી વિસારી;
બંને વિસારી વિજોગની પીડા, નરનારી કરે કામક્રીડા. ૭

વિલસિત વિષયમાં છે પૂરાં, નરનારી રતિયુદ્ધે શૂરાં;
છે ચડતે જોબન કાયા, પ્રીત બંધાઈ વાધી માયા. ૮

સ્નેહ-અર્ણવ ઓખા નારી, ઝીલે અનિરુદ્ધ કુંજવિહારી;
જે જોઈએ તે ઉપર આવે, ભક્ષ્ય ભોજન કરે મન-ભાવે. ૯

પોહોત્યો ઓખાનો અભિલાખ, પછે આવ્યો માસ વૈશાખ;
જાળી-બારીએ વાયુ આવે, તેમ તેમ મોહ ઉપજાવે. ૧૦

આવ્યા વર્ષાકાળના દંન, ગાજે વરસે છે પર્જન્ય,
વીજળી થાય આભે પૂરી, બોલે કોકિલ સૂર માધુરી. ૧૧

મહા તાપસનાં મન ડોલે, દાદુર મોર બપૈયા બોલે;
માળિયા તળે રત્નાકર ગાજે, ઓખા નવ-સત્ત આભરણ સાજે. ૧૨

તેલ-મર્દન, મંજન અંગે, ચર્ચે ચંદન-કેસર સંગે;
નેત્રે અંજન, આભરણ હાર, મુખ તંબોલનો પિચકાર. ૧૩

ઇન્દુ માંહે ઉડુગણ જેવો, સોહે નીલવટ ચાંદલો તેવો;
શીશ રાખડી શોભે ઘણી, ચોટલો તે નાગની ફણી. ૧૪

શીશફૂલ ને સેંથે સિંદૂર, દેખી મોહ્યો તે અનિરુદ્ધ સૂર;
કાને કુંડળ ઝગમગ જોઈ કામકુંઅર રહ્યો છે મોહી. ૧૫

પંકજ મધ્યે બિંદુ પડતાં, મોર-મોતી અધરે ઢળતાં;
ચપળ નેત્ર ઝીણું અંજન, જાણે જાળે પડ્યું ખંજન. ૧૬

નારી! તારી નાસિકાનો મોર, નહિ ભૂષણ, ચિત્તનો ચોર;
રક્ત અધર હસે મંદ મંદ, ન હોય હાસ્ય, મોહના ફંદ. ૧૭

મોઘો મોહ્યો તે મુખને મોડે, મોહ્યો મોહ્યો ભ્રકુટિને જોડે;
મોહ્યો મોહ્યો હાર ગળુબંધ, મોહ્યો મોહ્યો બાજુબંધ. ૧૮

મોહ્યો મોહ્યો હસ્તકમળ, મોહ્યો મોહ્યો ઉર-કુંભસ્થળ;
મોહ્યો મોહ્યો પ્રેમને પાશે, મોહ્યો મોહ્યો ચંદનની વાસે. ૧૯

મોહ્યો મોહ્યો અલકની લટે, મોહ્યો મોહ્યો કેસરી-કટે;
મોહ્યો મોહ્યો પહેરણ ફાળી, મોહ્યો મોહ્યો ક્ષુદ્ર-ઘંટાળી. ૨૦

મોહ્યો મોહ્યો નેત્રને નમણે, મોહ્યો મોહ્યો હંસાગમને;
મોહ્યો મોહ્યો અરગજાને મહેકે, મોહ્યો મોહ્યો ચાલને લહેકે. ૨૧

મોહ્યો મોહ્યો ઝાંઝરને ઝમકે, મોહ્યો મોહ્યો અણવટને ઠમકે;
મોહ્યો મોહ્યો નેપૂરિયાને ઠમકે, મોહ્યો મોહ્યો ગોફણિયાને રણકે. ૨૨

મોહ્યો મોહ્યો નેહને નમી, મોહ્યો મોહ્યો ચાર આંખે અમી;
કામકુંવર રહ્યો છે મોહી, નારીની ચંચલતા જોઈ. ૨૩

અનિરુદ્ધ બાંધ્યો પ્રેમને પાશે, મોહ્યો કટિમેખલાને પ્રકાશે;
એકસ્તંભ ઓખાનું ધામ, ગયું વીસરી દ્વારકા ગામ. ૨૪

ભક્ષ્ય ભોજને પોષ્યું આપ, તેણે વીસર્યાં મા ને બાપ;
પામ્યો અધરામૃતનું પાન, તેણે વીસર્યો હરિનું ધ્યાન. ૨૫

વિકળ થયો વિષયને સ્વાદ, તેણે મૂકી કુળ-મરજાદ;
વિષય ઓખા સ્નેહસાગર, તેથી વીસર્યો રત્નાગર. ૨૬

અનિરુદ્ધને ચાલ છે ગમતી, નારી હીંડે નેહની નમતી;
'મહિલા! મહિલા!' મુખે ઊચરતો, હીડે નારીની પૂંઠે ફરતો. ૨૭

સ્ત્રીએ મોહની મદિરા પાઈ, આલિંગન દે છે ધાઈ ધાઈ;
નિર્ભે નિરંકુશ કરે છે ભોગ, તેણે નીવર્ત્યો વ્રેહનો રોગ. ૨૮

એક એકને ગ્રહી રાખે, અન્યોઅન્ય અધરામૃત ચાખે;
અંગ ઉપર અંગ જ નાખે, 'મેલો મેલો જી' મુખથી ભાખે; ૨૯

અંગોઅંગે કામ રહ્યો રમી, ચાર આંખડીએ ઝમે છે અમી;
સૂધ-બૂધ ગઈ છે વીસરી, એમ ચોમાસું ગયું નીસરી. ૩૦
વલણ
ગયું ચોમાસું નીસરી, આવ્યો આશ્વિન માસ રે;
કન્યા ટળી નારી થઈ, પછે ઓખા પામી વિલાસ રે. ૩૧

**શબ્દાર્થ**

નીગમશું-પસાર કરીશું, ભાખે-બોલે, વિલસિત-તલ્લીન, પર્જન્ય-વરસાદ, નીલવટ-કપાળ, બ્રહ્માણી-બ્રહ્માની પત્ની, નવસત્ત-સોળ શણગાર, ઉર-કુંભસ્થળ, કુંભ-ઘડા જેવાં ભરાવદાર સ્તનો, કેસરી કટે - સિંહ જેવી પાતળી કમર,

## કડવું ૧૪

[પ્રણયલીલામાં ચોમાસુ વીતી જતાં, સગર્ભા બનેલી ઓખાને જોઈ જતાં મંત્રી દ્વારા રાજા બાણાસુરને તેની જાણ થાય છે અને બાણાસુર મંત્રીને તપાસ માટે મોકલે છે.]

રાગ દેશાખ

વર્ષાઋતુ વહી ગઈ રે, રમતાં રંગવિલાસ,
સુખ પામી ઘણું રે, તેહવે આવ્યો આશ્વિન માસ. ૧

રક્ષક રાયનો રે, તેણે દીઠી રાજકુમાર,
‘કન્યારૂપ ક્યહાં ગયું રે? ઓખા દીસે છે રે નાર! ૨

ચિત્રલેખા છે નહિ. રે, એકલડી દે દર્શન,
રાતી રાતી આંખડી રે, પ્રફુલ્લિત દીસે તંન. ૩

હીંડે ઉર ઢાંકતી રે, શકે થયો છે નખપાત,
અધર પર શ્યામતા રે, કોએક પુરુષ-દંતના ઘાત. ૪

સેવક સંચર્યા રે દેખીને નવો વિકાર,
મંત્રી કૌભાંડને રે જઈને કહ્યા સમાચાર. ૫

પ્રધાન પરવર્યો રે જહીં છે અસર કેરો નાથ,
'રાયજી! સાંભળો રે,' કહે છે મંત્રી જોડીને હાથ. ૬

'લૌકિક વારતા રે, એક આપણને લાંછન,
જીભલડી છેદીએ રે, કેમ કહું પ્રગટ વચન? ૭

બાળકી તમ તણી રે, તે તો થઈ છે નારીરૂપ;'
એવું સાંભળી રે, આસનથી ડગિયો ભૂપ. ૮

ધજા ભાંગી પડી રે, અમથી અકસ્માત,
બાણ કંપ્યો ઘણું રે, 'મંત્રી! કહેને સાચી વાત.' ૯

'શિવે કહ્યું તે થયું રે : તારી ધજા થાશે પતન.
ત્યારે જાણજે રે, કો રિપુ થયો ઉત્પન્ન.' ૧૦

'જાઓને મંત્રી! તમો રે, જુઓ પુત્રી કેરી પેર,
કોઈ જાણે નહિ રે, તેમ તેડીને લાવો ઘેર.' ૧૧

પ્રધાન પરવર્યો રે, સાથે ડાહ્યા ડાહ્યા જન,
ઓખાને માળિયે રે, હેઠા રહીને વદે વચન. ૧૨

કૌભાંડ ઓચરે રે, 'ઓખાજી! દો દર્શન;
ચિત્રલેખા કાંહાં ગઈ રે? ચાલો, તેડે છે રાજન'. ૧૩

થર થર ધ્રૂજતી રે, પડી પેટડિયામાં ફાળ,
'શું થાશે, નાથજી રે? આવી લાગી છે જંજાળ! ૧૪

તમો રખે બોલતા રે, નાથજી! દેશો મા દરશન.'
મુખ ઊડી ગયું રે, થયાં સજળ બે લોચન. ૧૫

બાળા બેબાકળી રે, કંપે કદલી સરખા ચરણ;
કસણ કસ્યા વિના રે કંચુકી, અવળાં છે આભરણ. ૧૬

બારીએ બાળકી રે, ઊભી રહી ત્યાં આવી,
કૌભાંડે કુંવરી રે અભયવચને બોલાવી : ૧૭

'ચિત્રલેખા કહાં ગઈ? એકલડી દે દર્શન!
કન્યારૂપ કહાં ગયું રે, જે તું થઈ છે નારી-તન? ૧૮

શરીર સંકોચતી રે, વ્રેહે વ્યાકુળી રે, બહેની!
ઘર માંહે કોણ છે રે? શીઘ્રે મુજને સાચું કહેની.' ૧૯

ઘૂંઘટડો તાણતી રે બોલે ઓખા ભાંગી વાત :
'ડીલ વારુ નથી રે, ચિત્રલેખાએ કીધું શયન, ૨૦

તેણે હું વ્યાકુળી રે, નયણે ભરું લોચન,'
કૌભાંડ ઓચરે રે, 'કાં બોલો આળપંપાળ? ૨૧

હેઠાં ઊતરો રે, નહિ તો ચડીને જોશું માળ. ૨૨

વલણ

'ચડીને જોશું માળ જ્યારે, ભાંગશે તમારો ભાર રે;
એવું જાણી હેઠાં ઊતરો, રાય કોપ્યો છે અપાર રે.' ૨૩

**શબ્દાર્થ**

અશ્વિન-આસો, હીંડે-ચાલે, સંચર્યા-ચલ્યા, ગયા, કદલી-વેલો, કણસ-સ્ત્રીના ઉપવસ્ત્રની દોરી,

## કડવું ૧૫

[મંત્રી કૌભાંડ અને સૈનિકોના પડકારને વળતો પ્રત્યુતર આપવા તત્પર બનેલા અનિરૂધ્ધને ઓખા વારે છે. છેવટે, ઓખાના ખોળામાં અનિરૂધ્ધ બેસીને પોતાની નિડરતાં દર્શાવી દુશ્મનોને ઉશ્કેરે છે.]

રાગ ગોડી

કન્યાએ ક્રોધ ચડાવિયો, થયું હાકોટ્યો પ્રધાન :
'લંપટ! બોલતાં લાજે નહિ, તારી વૃદ્ધપણે ગઈ સાન. – કન્યાએ૦ ૧

પાપી! પ્રાણ લેવાને આવિયો, બોલે ક્ષુદ્ર વચન,
એવા સાjg કીધી જોઈએ તારી જીભડી છેદન. – કન્યાએ૦ ૨

તુંને ડાહ્યો દાનવ જાણતી, ભારેખમ રે, કૌભાંડ!
કૂડા આળ ન ચડાવીએ, ભાંગી પડે બ્રહ્માંડ. – કન્યાએ૦ ૩

કહેવા દે માહરી માતને, પછે તાહરી રે વાત,
હું તો હત્યા આપીશ તુજને, કરું સાગર ઝંપાપાત.' – કન્યાએ૦ ૪

ત્યારે પ્રધાન લાગ્યો કંપવા, 'પુત્રી! તમો પરમ પવિત્ર;'
પછે કાલાવાલા માંડિયા, ન જાણ્યાં સ્ત્રી-ચરિત્ર – કન્યાએ૦ ૫

'બાઈ! રાજાએ મુને મોકલ્યો, લોકે પાડ્યો વિરોધ;
પૂછ્યા સારુ શું આવડું? મુજ રંક ઉપર શો ક્રોધ ? – કન્યાએ૦ ૬

એવું કહીને સેવક મોકલ્યો રાય બાણાસુરની પાસ,
રાજાએ મંત્રીને કહાવિયું, 'ચડીને જોજો આવાસ.' – કન્યાએ૦ ૭

કૌભાંડ ક્રોધ કરીને ગાજિયો, વજડાવ્યાં નિશાણ,
'માળિયેથી બંને ઊતરો, તમને બાણાસુરની આણ.' – કન્યાએ૦ ૮

પછે દાસને આજ્ઞા આપી, 'એકસ્થંભ કરો છેદંન,'
ઓખાએ આંસુ ઢાળિયાં, 'મારો ચંપાશે સ્વામિન.' – કન્યાએ૦ ૯

હોંકારો અસુરનો સાંભળી ઊભો થયો અનિરુદ્ધ,
મેઘની પેરે ગાજિયો, કંપાવી નગરી બદ્ધ. –કન્યાએ૦ ૧૦

મંત્રી કહે, 'સુભટ! સાંભળો, કોઈ બળિયો જોદ્ધો અહીંહ,
આપણે નાદે હાકી ઊઠિયો, જેમ મેઘનાદે સિંહ.' – કન્યાએ૦ ૧૧

ઓખાએ નાથ બાથમાં ઘાલિયો, 'શું જાઓ છો વહીવહી?
મરડી મરડી શું જાઓ છો? અરે દૈવડા! જાઉં ક્યહીં? – કન્યાએ૦ ૧૨

આ શો ઊજમ વઢવા તણો? સામું નથી કામનું ધામ;
દાનવને માનવ જીતે નહિ, એ નોકે રતિસંગ્રામ.' – કન્યાએ૦ ૧૩

નાથ કહે, 'સુણ સુંદરી! વાત તો સઘળે થઈ,
હવે ચોરી શાની? ચાલો આપણે બેસીએ બારીએ જઈ.' – કન્યાએ૦ ૧૪

વલણ

નરનારી બેઠાં બારીએ, વાત પ્રીતે કીધી રે,
છજે ભજે કામકુંવર, ને ઓખા ઓછંગે લીધી રે. ૧૫

**શબ્દાર્થ**

ક્ષદ્રવચન-ખરાબ વચનો, કૂડાં આળ- ખોટા આરોપો, ચંપાશે-મૃત્યુ પામશે, વહીવહી-દોડીદોડી, ઊજમ-ઉન્માદ, બધ્ધ-બધી-આખી, ઓછંગ-ખોળો,

## કડવું ૧૬

[મંત્રી કૌભાંડ અને રખેવાળોએ અનિરૂધ્ધને અનેક આક્ષેપો કરી, પડકારતાં અનિરૂધ્ધ યુધ્ધ કરવા માટે ઉતાવળો બને છે.]

રાગ રામગ્રી

જોડી જોવાને જોધ મળિયા છે ટોળે જી,
ઓખાને અનિરુદ્ધે લીધી રે ખોળે જી;
કંઠે બાંહોડી ઘાલી બાળા જી,
દીઠી, કૌભાંડને ઊઠી જ્વાળા જી. ૧

ઢાળ

જ્વાળા પ્રગટી તે ભાલ ભ્રકુટિ, સુભટ તેડ્યા જમલા,
મંત્રી કહે, 'ભાઈ! સબળ શોભે, જેમ હરિ-ઓછંગે કમળા. ૨

લઘુરૂપ ને લક્ષણવંતો, આવી સુતાસંગે કો બેઠો,
પ્રવેશ નહિ આંહાં પવન કેરો, તો માળિયામાં કેમ પેઠો? ૩

નિઃશંક નિર્ભે થઈને બેઠાં, નિર્લજ્જ નર ને નારી,
હાસ્ય-વિનોદ કરે મનગમતાં, લજ્જા ન આણે મારી.' ૪

ઓખાએ ઉત્પાત માંડ્યો, ધાઈ ધાઈ દે છે સાંઈ,
મંત્રી કહે, 'કો પુરુષ મોટો, કારણ દીસે છે કાંઈ; ૫

અંબુજવરણી આંખડી ને ભ્રકુટિ મુગટે ચાંપી,
રોમાવળી વાંકી વળી છે, રહ્યો વઢવાને ટાંપી. ૬

માળ ઘેર્યો સુભટ સર્વે, બોલતા અતાંડ,
'ઓ વ્યભિચારી! ઊતર હેઠો,' એમ કહે છે કૌભાંડ : ૭

'અલ્પ આયુષ્યના ધણી! જમપુરીના માર્ગસ્થ!
અસુર સરખા રિપુ માથે, કેમ થઈ બેઠો છું સ્વસ્થ? ૮

બાણરાયની કિંકરીને અમરે ન થાયે આળ,
તો તું રાજકુમારી સાથે ક્યમ ચડીને બેઠો માળ? ૯

સાચું કહે જેમ શીશ રહે, કુણ નાત, કુળ ને ગામ?
સત્યારથ હોયે તે ભાખજે, ક્યમ સેવ્યું ઓખા-ધામ? ૧૦

અનિરુદ્ધ વળતો બોલિયો, 'સાંભળો, સુભટ માત્ર!
હું ક્ષેત્રીનંદન ઇચ્છાએ આવ્યો, બાણનો જામાત્ર. ૧૧

મંત્રી કહે, 'તું બોલ વિચારી, ઊતરશે અભિમાન,
જામાત્ર શાનો, બાળકા! કોણે આપ્યું કન્યાદાન? ૧૨

અપરાધ કીધો તેં ઘણો, (લોપી) બાણાસુરની આણ;
આ દાનવ તારા પ્રાણ લેશે, મરણ આવ્યું, જાણ. ૧૩

જીવ્યાનો ઉપાય મૂકી, પડી વરાંસે ચૂક;
હોય કેસરી તો હાકી ઊઠે, દીસે છે જંબૂક.' ૧૪

કૌભાંડના આ બોલ સાંભળી હાકી ઊઠ્યો છે બાળ,
બારીની ભોગળ લીધી કરમાં, ઇચ્છા દેવા ફાળ. ૧૫

વલણ

'ફાળ દઉં ને અંત લઉં', હોકારો જબરો કીધો રે,
ત્યારે ઓખાએ અનિરુદ્ધને માળિયામાં લીધો રે. ૧૬

**શબ્દાર્થ**

બાંહોડી-હાથ, કિંકરી-દીકરી, જામાત્ર-જમાઈ, અતાંડ-કઠોર, વરાંસે-વિશ્વાસે, જંબૂક-શિયાળ, ફાળ-કૂદકો, સત્યારથ-સાચું

## કડવું ૧૭

[પિતાએ મોકલેલા ભયાનક સેના સાથે યુધ્ધમાં હણાઈ જશે તેવા ભયથી પોતાને મારીને પછી જ યુધ્ધમાં જવા ઓખા અનિરૂધ્ધને વિનવે છે. અનિરૂધ્ધ વીરપુરુષનાં લક્ષણો જણાવી, રણમેદાનમાં ઝંપલાવી વીરતાપૂર્વક યુધ્ધ કરે છે. યુધ્ધની ભીષણતાનું પણ અહીં વર્ણન છે.]

રાગ મારુ

મારા કંથજી, એમના કીજે, બળિયા-શું વઢતાં બીહીજે,
એ ઘણા ને તમો એક જાતે, સૈન્ય મોકલ્યું મારે તાતે; ૧

દૈત્યને વાહન ને તમો પાળા, એ કઠણ ને તમે સુંવાળા;
દૈત્યને ટોપ કવચ બખતર, તમારે અંગે પીતાંબર. ૨

દૈત્યને સાંગ ને બહુ ભાલા, નાથ! તમે છો ઠાલામાલા;
એ મદોન્મત્ત બહુ બળિયા, તમે સુકોમળ પાતળિયા. ૩

સ્વામી! છે અસુરને વેધો, પહેલું મસ્તક મારું છેદો,
દેહડી નીરખીનીરખીને મોહું, તમોને જુદ્ધ કરતાં કેમ જોઉં? ૪

ઇચ્છા અંતરની ગઈ ફીટી, દૈત્યે માળિયું લીધું વીંટી;
પ્રભુ! પ્રાણ કંપે છે મારા, મૂઆ દૈત્ય કરે છે હોકારા. ૫

ઘણું ક્રોધી વિરોધી છે બાણ, હાકે ઇન્દ્રનું જાય ઓસાણ;
જગ્ત ભય પામે પિતાની હાકે, બાણે પૃથ્વી ચડાવી ચાકે. ૬

જેના નાદે તે મેરુ હાલે, ચક્રધર સરખાનું નવ ચાલે,
ક્ષત્રી-સાથ રહે સહુ બીહીતો, નાથ, તેને તમે ક્યમ જીતો?' ૭

કંથ કહે, 'જો ના કરું સંગ્રામ, આંહાં નાઠાનો કુણ ઠામ?
હાવે જીવતાં છૂટવું નહિ, શે નવ મરીએ સામા જઈ? ૮

નથી ઉગરવાનો ઉપાય, તો ભય પામ્યે શું થાય?
નાઠે લાંછન લાગે કુળમાં, પ્રતિષ્ઠા જાય એક પળમાં. ૯

મહુઅર વાગે ને મણિધર ડોલે, ના ડોલે તો સર્પને તોલે;
ઘન ગાજે કેસરી દે ફાળ, ના ઊછળે તો જાણવો શિયાળ; ૧૦

હાક્યો વાઘ ન માંડે કાન, નહિ શાર્દૂલ, જાણવો શ્વાન;
ક્ષત્રી નાસે દેખીને દળ, નહિ પુરુષ, જાણવો વ્યંઢળ; ૧૧

ઘરમાં ગોઝારો રહે પેસી, જુદ્ધે ચરણ વિહોણો બેસી,
એમ કહી ઓખા અળગી કીધી, ભડ ગાજ્યો ને ભોગળ લીધી. ૧૨

અસુર-દળમાં જઈ ખૂંપિયો, છજેથી કપિની પેરે પડિયો,
જેમ ગ્રાહ પેસે છે જળમાં, તેમ અનિરુદ્ધ પેઠો દળમાં; ૧૩

જેમ ચંદ્ર પેસે વાદળમાં, તેમ વાર્ષ્ણિક થયો બળમાં;
ગજજૂથમાં લઘુ કેસરી, તેમ અનિરુદ્ધ મધ્યે-અરિ. ૧૪

દૈત્યને આવ્યો મૃત્યુનો દહાડો ગાજે અનિરુદ્ધ મેઘ અસાડો
પડતામાં બહુ પડતાળ્યા, ભોગળ-પ્રહારે ધરણી ઢાળ્યા. ૧૫

કૌભાંડે તવ સેન્યા પ્રેરી, જાદવ જોદ્ધને લીધો ઘેરી,
ચંદન બાવળિયે ઝીંટી, તેમ અસુરે અનિરુદ્ધ લીધો વીંટી. ૧૯

દાનવ કહે, 'માનવ કશ્યું, બહુ સિંહમાં મૃગલું જશ્યું;
મુગટ મંત્રીને ચરણે ધરે, તો હું મૃત્યુ થકી ઊગરે.' ૧૭

વેરી-વાયક એવાં સાંભળી, અનિરુદ્ધ ધાયો હોકારો કરી,
નાખે દૈત્ય ભારી મુદ્ગળ, તેમ અનિરુદ્ધ ભુજ-ભોગળ. ૧૮

વીસ સહસ્ર અસુર ત્યાં તૂટ્યા, એકીવારે તે બહુ શર છૂટ્યા.
આયુધધારા રહી છે વરસી, ગદા ગુપ્તી ફરે છે ફરસી. ૧૯

દાનવ ધાયા છે ટોળેટોળાં, વરસે ભીંડીમાળ ને ગોળા;
હાક્યા હસ્તી દે હલકારા, થાય ખડ્ગ તણા ચળકારા; ૨૦

થાય અગ્નિ તણા ઘુઘવાટ, બોલે સાંગ તણા સુસવાટ;
રથચક્ર ગાજે ગડેડાટ, ગગને ધજા થાય ફફડાટ. ૨૧

હોયે હય તણા હણહણાટ, છૂટે બાણ બહુ સાસણાટ,
દેખી દોહિલો નાથનો ઘાટ, થાય ઓખાને મન ઉચાટ. ૨૨

બહુ દાનવનો વાળ્યો દાટ, અનિરુદ્ધ મુકાવે વાટ;
કોઈ ઝીક્યા ઝાલીને કેશ, કોઈ ઉડાડ્યા પગની ઠેશ. ૨૩

કોઈ માર્યા ભોગળને ભડાકે, કોઈનાં મુખ ભાંગ્યાં લપડાકે;
કો અધસસ્તા ને કો પૂરા, એમ સૈન્ય કર્યું ચકચૂરા. ૨૪

તે તો રણ ભયાનક ભાસે, બળ દેખી ઓખા ઉલ્લાસે :
'મેં તો આવડું નહોતું જાણ્યું, ચિત્રલેખાએ રત્ન જ આણ્યું; ૨૫

શોણિત-સ્વેદ થયો છે ડીલે, નાથ રણ-રુધિરમાં ઝીલે.'
ભડ ગાજ્યો ને પડ્યું ભંગાણ, નાઠો કૌભાંડ લઈને પ્રાણ. ૨૬

હવું. બાણાસુરને જાણ : એક પુરુષે તે વાળ્યો ઘાણ;
અસુર સૈન્ય ચડ્યું સર્વ કોર્પ, સજ્યાં કવચ, આયુધ ને ટોપે, ૨૭

સરવે સૈન્ય તે તત્પર કીધું, વઢવાને દુંદુભિ દીધું;
વાગી હાક જે ચડિયો બાણ, તે તો ઓખાને થયું જાણ. ૨૮

વલણ

વાગી હાક જે તાત ચડિયો, ક્યમ જીતશે સહસ્ર હાથને?
આંસુ ભરતી, શોક કરતી, સાદ કરતી નાથને : ૨૯

**શબ્દાર્થ**

ઓસાણ-વિશ્વાસ, શાર્દૂલ-વાઘ, ગ્રાહ-મગર, વાર્ષ્ણિક-વૈષ્ણવ કુળનો, આયુધધારા-શસ્ત્રોનો પ્રવાહ, ભીંડીમાળ-એક પ્રકારનું શસ્ત્ર,

## કડવું ૧૮

[અનિરૂધ્ધની વીરતાથી બાણાસુરના વિશાળ સૈન્યના આગમન વિશે સાંભળી, ઓખા-પોતાના પ્રિયતમ વિશે ચિંતા વ્યક્ત કરે છે, યુધ્ધમાંથી તેને નાસી જવા વિનવે છે પણ અનિરૂધ્ધ તેને ઈશ્વર ઉપર વિશ્વાસ રાખવા સમજાવે છે.]

## રાગ મારુની દેશી

'મારા સ્વામી ચતુરસુજાણ, બાણદાળ આવે રે, જાદવજી!
દીસે સેન્યા ચારે પાસે, થાશે શું હાવે રે? જાદવજી! ૧

એ બળિયા સાથે બાથ, નાથ! કેમ ભીડો રે? જાદવજી!
હું તો કહું છું તમારી દાસી, નાસી હીંડો રે, જાદવજી! ૨

ઓ દળ બળવંત દીસે, રીસે રાતા રે, જાદવજી!
બળિયા અસુરને મુખે, રખે તમે જાતા રે, જાદવજી! ૩

ઓ ગજ આવ્યા બળવંત, દંત કેમ સાહાશો રે? જાદવજી!
આ અસુર-અર્ણવ વાધ્યા, તણાયા જાશો રે, જાદવજી! ૪

એવું જાણીને ઓસરીજે, ના કીજે ક્રોધ રે, જાદવજી!
તમો એકલાને આશરો શાનો? માનો પ્રતિબોધ રે, જાદવજી! ૫

હાં, હાં, ધીરા થાઓ, ધાઓ તે ફાંસુ રે, જાદવજી!
મારી જમણી આંખડી ફરકે, વરખે આંસુ રે, જાદવજી! ૬

મને દિવસ લાગે ઝાંખો, નાખોને ભોગળ રે, જાદવજી!
એ તો ના સમજે સમજાવ્યું, આવ્યું ઓ દળ રે, જાદવજી! ૭

તમો હું-દેહડીના હંસ, ધ્વંસ છે જુદ્ધે રે, જાદવજી!
વેશ પાલટી પાછા વળો, પળો મારી બુદ્ધે રે, જાદવજી! ૮

'તમે ઘેલાં દીસો છો ઘરુણી, તરુણી! મૂકો ટેવ રે, રાણીજી!
અમે બાણ થકી કેમ ઓસરશું? કરશું સેવ રે? રાણીજી!

જો અનિરુદ્ધ રણથી ભાજે, તો લાજે શ્રીગોપાલ રે, રાણીજી!
નાઠે અર્થ નવ કોઈ સીજે, કીજે શી ચાલ રે? રાણીજી! ૧૦

વલણ

ચાલ ન કીજે, અતિ ઘણી, અંતે રાખશે મોરાર રે;'
ધાયો નાથ નિરભે થઈ, પછે રોવા લાગી નાર રે. ૧૧

### શબ્દાર્થ

અર્ણવ-દરિયો, પળો-અનુસરો, બાણદળ-બાણાસુરનું સૈન્ય, સીજે-સરે

## કડવું ૧૯

[ઓખા અનિરુધ્ધના આશ્વાસનને અવગણીને ચિંતિત બને છે ત્યારે તેને સ્ત્રીસહજ અપશુકનો થાય છે, છેવટે બાણાસુર વિશાળ અને ભયાનક સેના સાથે યુધ્ધમાં તૂટી પડે છે. અહીં સેના અને યુધ્ધની ભીષણતા દર્શાવી છે.]

રાગ મેવાડો

ઓખા કરતી સાદ, 'હો રે હઠીલા રાણા!
આ શા સારુ ઉધમાદ? હો રે હઠીલા રાણા! ૧

હું તો લાગુ તમારે પાય, હો રે હઠીલા રાણા!
આવી બેસો માળિયા માંહ્ય, હો રે હઠીલા રાણા! ૨

હું બાણને કરું પ્રણામ, હો રે હઠીલા રાણા!
એ છે કાલાવાલાનું કામ, હો રે હઠીલા રાણા! ૩

એ બળિયા સાથે બાથ, હો રે હઠીલા રાણા!
જોઈને ભરીએ, નાથ! હો રે હઠીલા રાણા! ૪

તરવું છે સાગરનીર, હો રે હઠીલા રાણા!
બળે ના પામીએ પેલે તીર, હો રે હઠીલા રાણા! ૫

અનેકમાં એક કુણ માત્ર? હો રે હઠીલા રાણા!
સામા દૈત્ય દીસે કુપાત્ર, હો રે હઠીલા રાણા! ૬

મુને થાય છે. માન-શુકન, હો રે હઠીલા રાણા!
મારું જમણું ફરકે લોચન, હો રે હઠીલા રાણા! ૭

રુએ શ્વાન, વાયસ ને ગાય, હો રે હઠીલા રાણા!
એવાં શુકન માઠાં થાય, હો રે હઠીલા રાણા! ૮

આજે ઝાંખો દીસે ભાણ, હો રે હઠીલા રાણા!
દીસે નગર બધું વેરાન, હો રે હઠીલા રાણા! ૯

ઓ ધ્રૂજતી દેખું ધરણ, હો રે હઠીલા રાણા!
દીસે સાગર શોણિતવરણ, હો રે હઠીલા રાણા! ૧૦

આ આવ્યું દળવાદળ, હો રે હઠીલા રાણા!
ઓ ચળકે ભાલાનાં ફળ, હો રે હઠીલા રાણા! ૧૧

આ આવ્યા અગણિત અસવાર, હો રે હઠીલા રાણા!
થાયે હોકારા હુંકાર, હો રે હઠીલા રાણા! ૧૨

વાગે દુંદુભિના ઘાય, હો રે હઠીલા રાણા!
ઓ તમ પર સેના ધાય, હો રે હઠીલા રાણા! ૧૩

ઓ ધજા ફરકે વ્યોમ, હો રે હઠીલા રાણા!
સૈન્ય-ભારે કંપે ભોમ, હો રે હઠીલા રાણા! ૧૪

ઓ વાગે ઘૂઘરમાળ, હો રે હઠીલા રાણા!
અશ્વ આવે દેતા ફાળ, હો રે હઠીલા રાણા! ૧૫

એ અસુર મહા વિકરાળ, હો રે હઠીલા રાણા!
હવે થાશે શો હેવાલ! હો રે હઠીલા રાણા! ૧૬

આવ્યો બાણાસુર પ્રલયકાળ, હો રે હઠીલા રાણા !
મેઘાડંબર-છત્ર વિશાળ, હો રે હઠીલા રાણા!' ૧૭

વલણ

મેઘાડંબર-છત્ર ધરિયું, ઊલટી નગરી બદ્ધ રે,
અગણિત અસવાર આવિયા, ઘેરી લીધો અનિરુદ્ધ રે. ૧૮

**શબ્દાર્થ**

ઉધમાદ-ઉન્માદ, અધીરાઈ, દુંદુભિ-યુધ્ધમાં વાગતું નગારૂં.

## કડવું ૨૦

[વીરતાપૂર્વક લડતો અનિરૂધ્ધને યુધ્ધમાં દુશ્મનોથી ઘેરાઈ ગયેલો જોઈ ઓખા પોતાના પૌત્રને ઉગારવા શ્રીકૃષ્ણને પ્રાર્થના કરે છે. અંતે બાણાસુર યુધ્ધમાં અનિરૂધ્ધને બંદી બનાવે છે. અહીં યુધ્ધની ભીષણતા અને ઓખાની વિહવળતાનું વિસ્તૃત વર્ણન થયું છે.]

## રાગ સામેરી

આવી તે સેના અસુર તણી, અનિરુદ્ધ લીધો ઘેરી,
કામકુંવરને મધ્યે લીધો, વીંટી વળ્યા ચોફેરી; ૧

અમર કહે, 'શું નીપજશે, ઇચ્છા તે પરમેશ્વરી.'
રિપુ-ગજના જૂથ માંહે અનિરુદ્ધ લઘુ કેસરી. ૨

બાણાસુરને શું કરે? ભોગળ લીધી ફોગટ;
વેરી વાયસ કોટિ મળિયા, કેમ જીવશે પોપટ? ૩

બાણાસુરે સુભટ વાર્યા, 'કોઈ ન કરશો ઘાત,
છે વીર થોડી વય તણો, હું પૂછું માંડી વાત.' ૪

માળિયેથી ઓખા નીરખે, રુદન મૂક્યું છોડી,
'ઓ જીવન પૂઠે જોદ્ધા ઊભા, રહ્યા ભાથા જોડી. ૫

બળવંત બહેકે અતિઘણું, છે સેન્યા બિહામણી,
ભડે ભાથા ભલા ભીડિયા, હીંડિયા સ્વામી ભણી. ૬

આ દળવાદળ કેમ સહેશો, ઓ સ્વામી સુકોમળ?
પ્રાણનાથને પીડશે એ, પ્રગટ્યાં તે કર્મનાં ફળ. ૭

દેવના લીધા દૈત્ય બળિયા, દયા નહિ લવલેશ,
કુંવર-વય છે કંથ માહરો, નથી આવિયા મુખ કેશ. ૮

ચાર દિવસનું ચાંદરણું, ગયું સુખ, કર્મડા! વહી,
પાપી પીડશે પ્રભુને, દૈવડા! જાઉં ક્યહીં? ૯

આ તન તમારો એકલો, વીંટી વળ્યા અસુર,
એવું જાણી સહાય કરજો, શામળિયા શ્વસુર! ૧૦

કષ્ટનિવારણ કૃષ્ણજી! હું થઈ તમારી વધૂ,
એ આશા અમારી ભાંજશે તો લાજશે જાદવકુળ બધું. ૧૧

પ્રજા પરિપાલન કરો છો, પનોતા શ્રીમોરારિ!
સંભાવના તો સરવની લીજે, ના મૂકીએ વિસારી. ૧૨

અમોને છે આશા તમારી, અમો તમારાં છોરુ,
લાજ લાગશે વૃદ્ધને, કોઈ કહે કાળું–ગોરું; ૧૩

એવું જાણી સહાય કરજો. દામોદરજી દક્ષ!
પક્ષી પલાણી, પરભુજી! પુત્રની કરજો પક્ષ.' ૧૪

ભગવંત ભજતી ભામની, ભરથાર રિપુદળ-મધ્ય,
'કોણ કહે પિતા બાણને : એ બાળક છે અબૂધ?' ૧૫

ગદ્ગદ કંઠે ગોરડી, ગતિભંગ જાણે ગહેલી,
મન જાણે પ્રાણ જ કાઢું, મરું સંગ્રામ પહેલી. ૧૬

મુખ વિકરાળ, નેત્ર બિહામણાં, છે મૂછ મોટી મોટી,
એવા અસુર આવી મળિયા, વાયસ કોટાનકોટી. ૧૭

દળવાદળ સેન્યા ઊલટી, મધ્યે લીધો અનિરુદ્ધ;
વીર વીંટ્યો વેરીએ, જેમ મક્ષિકાએ મધ. ૧૮

ધનુષ્ય કરિયાં પાંચસે, બાણે ચડાવ્યાં બાણ,
રાગ મારુ ગાય ગુણીજન, એમ ગડગડિયાં નિશાણ, ૧૯

અનંત અભ્રે ઢાંકિયો, શોભતો જેમ ઇન્દ્ર;
ઉપમા દઈએ ઇન્દુ તણી તો તારામાં જેમ ચંદ્ર. ૨૦

લઘુ કુંજરની સૂંઢ સરખા શોભીતા બે ભુજ;
શરાસન સુમાત્ર સરખી ભ્રકુટિ, નેત્ર બે અંબુજ. ૨૧

તૃણમાત્ર ત્રેવડતો નથી બાણાસુર મહાબાહુ,
અસુર-અનિરુદ્ધ શોભતા જેમ ચંદ્રમા ને રાહુ. ૨૨

પાપીએ જોયું વક્રદષ્ટિ, તીવ્ર તાણી ચક્ષ,
વપુ શોભે ભુજ ફૂલ્યું, જાણે અરણીનું વૃક્ષ. ૨૩

અનિરુદ્ધ કહે, 'જો હોત કુહાડો, ભોગળને વળી ધાર,
આંચો ટાળું અસુર કેરો, ઉતારું ભુજનો ભાર. ૨૪

શું વપુ બાણનું બીલ છે, માંહે વસે સર્પનો સાથ?
કે પેટમાંથી પૂર્વજો પિંડ લેવા કાઢે હાથ? ૨૫

કે કાષ્ઠના કે લાખના એણે ચોંટાડ્યા કર?
અથવા કો પક્ષી દીસે છે, મરવા વીખર્યા છે પર!' ૨૬

તવ હસવું આવ્યું રાયને, 'બાળક છે અજ્ઞાન,
શું કર્યું જે લાંછન લાગે, નહિ તો દઉં કન્યાદાન.' ૨૭

કૌભાંડ કહે, 'અજ્ઞાની નથી, રાય! તમને દે છે ગાળ,'
બલિસુત અંતરમાં બળ્યો, બ્રહ્માંડ લાગી જ્વાળ. ૨૮

સુભટ નિકટ રાવ આવ્યો, બોલાવ્યો બહુ ગર્વે,
'નિર્લજ, લંપટ, નથી લહેતો, વીંટી વળ્યા છે. સર્વે! ૨૯

કુળ-લજામણો કોણ છે. તસ્કર ને નિર્લજ?
અપરાધ કરી કેમ ઊગરે સિંહના મુખથી અજ? ૩૦

ગમન નહિ આંહાં અમર કેરું, તો તે ક્યમ આગમાયું?
અજાણે આવી ચડ્યો કે ભૂતે મન ભમાવ્યું? ૩૧

શકે સ્વર્ગથી કોએ નાખ્યો, કાંઈ કારણ સરખું ભાસે;
સાચું કહે તો મારું નહિ, બાળક! રહે વિશ્વાસે. ૩૨

કોણ કુળમાં અવતર્યો? કુણ માત, તાત, ને ગામ?
જથારથ હોય તે ભાખજે, ક્યમ સેવ્યું ઓખા-ધામ? ૩૩

અનિરુદ્ધ કહે, 'પિતુ માહરા તે પ્રસિદ્ધિ છે સંસાર,
છોડી છત્રપતિની વર્યો, તું ચતુર છે, વિચાર. ૩૪

વાર્ષ્ણિક કુળ છે માહરું, નામ તે અનિરુદ્ધ,
જો છોડશો તો સમુદ્ર માંહે નાખીશ નગરી બદ્ધ. ૩૫

બાણાસુર સામું જોઈને કૌભાંડ વળતું ભાખેઃ
'ચોરી કરી કન્યા વરે કુણ તે વાર્ષ્ણિક પાખે?' ૩૦

પૌત્ર જાણી કૃષ્ણનો બાણે તે ઘસિયા કર,
'નીચ વર કન્યા વર્યો, દૈવડા! બેઠું ઘર.' ૩૭

રીસે ધડહડી ડોક ધુણાવી, ધનુષ ધરિયાં ધી.,
કૌભાંડ કહે છે રાયને, 'એ જોદ્ધો છે મહા વીર.' ૩૮

હકારી વાર્ષ્ણિક વકાર્યો, થયો શોરાશોર,
ઓખા નયણે નિરખતાં નાથને પહોંચે જોર. ૩૯

પરિઘ પટ્ટી ને ગુરજ ગદા, ત્રિશૂળ ને તોમર,
મુદ્ગળ મુશળ ફરશીએ ઢાંકી લીધો શૂર. ૪૦

અઘોર માયા આસુરી વરસે શિલા ને શિખર,
પાગ હસ્ત ને અસ્થિ ચર્મ, પડે માંસ-રુધિર. ૪૧

હય ગજ રથ લથબથ અડકે, ભડકે બહુ વાહન,
દુંદુભિ વાજે, ખાંડાં ગાજે, રણ પડે બહુ જન. ૪૨

સાંગ ખળકે, ખડગ ચળકે, ઝળકે ભાલાની અણી,
રિપુ કેરી લાખ માંહે અનિરુદ્ધ જડિયો મણિ. ૪૩

ફેરવી ભોગળ બળ ધરી, રિપુદળ દળ્યું જાદવજોદ્ધ,
ત્રાડે પાડે, આડા પછાડે, કરે કામકુંવર બહુ ક્રોધ. ૪૪

હાર્યા પૂરણ, રથ ચૂરણ, ગજ-હય પાછા વળિયા,
અંગ રાતાં, શીશ ફાટ્યાં, ધીર ધરણી ઢળિયા. ૪૫

ભડ યુદ્ધ કરતો, જાય રોળતો, અનિરુદ્ધ ઇન્દ્ર સમાન;
અસુર રણથી નાસતા, શાર્દૂલથી જેમ શ્વાન. ૪૬

હૈડું તે હરખે નારનું સુણી નાથના હોકાર,
તારુણી દેખતાં અનિરુદ્ધે સૈન્ય કીધું તારોરાર. ૪૭

દશ સહસ્ર જોદ્ધા બાણના મારી કીધા ચકચૂર;
સમુદ્ર માંહે સંગમ હવો, વહ્યું તે શોણિતપૂર. ૪૮

બુંબાણ પડિયું પુર વિશે, અસુર નાસાનાસ;
તે દેખીને બાણ ધસિયો, સજીને નાગપાશ. ૪૯

ભોગળ છેદી ભુજ તણી, પછે કર્યા સહસ્ર સર્પ,
કામકુંવરને બાંધી લીધો, પછે ગાજિયા નૃપ, ૫૦

વલણ

નૃપ ગાજિયો મેઘની પેરે, ઉતરાવી ઓખાય રે;
વરકન્યાને બંધન કરી બાણાસુર મંદિર જાય રે. ૫૧

**શબ્દાર્થ**

રિપુ-દુશ્મન, વાયસ-કાગડો, વપુ-શરીર, બીલ-દર, બુંબાણ-બુમરાણ, દળવાદળ-સૈન્યનું અસંખ્ય ટોળું, કુંજર-હાથી, આગમાયું-આગમન થયું, કોટાનકોટી-કરોડો,

## કડવું ૨૧

[બાણાસુરની સેના ઓખા-અનિરૂધ્ધને બંદી બનાવીને કારાવાસમાં લઈ જાય છે ત્યારે નગરજનો આ અલૌકિક દંપત્તિને જોવા ટોળે વળ્યાં છે. કુંવારી કન્યાઓ અનિરૂધ્ધ પ્રતિ આકર્ષાય છે.]

રાગ રામગ્રી

બાણે બંને જણને બાંધિયાં, નૌતમ નર ને નાર;
અનિરુદ્ધ રાખ્યો આગળ કરી, ગુપ્ત રાખી કુમાર. – બાણે૦ ૧

ચૌટામાં ચોર જણાવિયો, ઢાંક્યો તે વ્યભિચાર,
છાની ઓખા મંદિર મોકલી, રાખ્યો કુળનો ભાર. – બાણે૦ ૨

લક્ષણવંતો ચાલે લહેકતો, મહેકતો બહુ વાસ,
દૈત્યદળ પૂંઠે પળે, દોરી હીડે છે દાસ. – બાણે૦ ૩

પેચ છૂટો પાઘડી તણો, આવ્યો પગ-પરમાણ,
'ચોરે તે મોર જ મારિયો,' લોક કરે વખાણ. – બાણે૦ ૪

કો કહે, 'એનામાં દૈવત ઘણું, રૂપવંત રસાળ;
એના કટાક્ષમાં કામિની, જોતાંમાં પડે તત્કાળ; – બાણે૦ ૫

ભુલવણી ભ્રકુટિ તણી જોઈ ભલી ભૂલે નાર,
કુંવારી કન્યાને કામણ કરે, મોહે બાંધે કુમાર.. – બાણે૦ ૬

સખી પ્રત્યે સખી કહે, દેખી અંગ-અવેવ,
'બાંધ્યો તોયે જુએ આપણ ભણી, એવી એની શી ટેવ? – બાણે૦ ૭

હવે ઓખા જે વર પરણશે, પામશે ભવ ભરથાર,
તે સ્વામી શું સુખ પામશે, લીધો એણે સાર. – બાણે૦ ૮

ચાર દિવસનું ચાંદરણું, લીધો એણે સ્નેહનો સ્વાદ;
હવે ભ્રમ ભાંગ્યો ઘણો, લાગ્યો લોક-અપવાદ. – બાણે૦ ૯

વલણ

લાગ્યો લોક-અપવાદ પણ પામ્યો દેવ-કન્યાય રે;
પછે બાણાસુરે ઓખા-અનિરુદ્ધ રાખ્યાં કારાગૃહ માંહ્ય રે. – બાણે૦ ૧૦

**શબ્દાર્થ**

મોરે તે મોર જ મારિયો-ભવ્ય વિજય મેળવવો,

## કડવું ૨૨

[દીકરી અને જમાઈને કારાવાસમાં ભૂખ્યાં જાણીને બાણાસુરની પત્ની છાનામાનાં તેમના માટે ભોજન મોકલે છે, ઓખાની કરૂણતા જોઈ શ્રીકૃષ્ણ અવશ્ય તેમને ઉગારવા આવશે તેવી હૈયાધારણ અનિરૂધ્ધ ઓખાને આપે છે.]

રાગ આશાવરી

શ્રીશુકદેવ વાણી ઊચરે : સાંભળો, પરીક્ષિત રાય!
કૃષ્ણકુંવર ને કન્યા રાખ્યાં કારાગૃહની માંહ્ય; ૧

નાનાવિધ બંધન બાંધિયાં, કાઢી શકે ના શ્વાસ,
એકએકનાં મુખ દામણાં, દેખી થાય ઉદાસ. ૨

બીક બાણાસુર તણી, રાણી ભરે છે ચક્ષ,
પુત્રી-જમાઈને ભૂખ્યાં જાણી છાનું મોકલે ભક્ષ. ૩

બંધન દેખી નાથનું ઓખા ભરતી નેત્રે નીર;
અનિરુદ્ધ બોલે બળ કરી અબળાને આપે ધીર : ૪

'જો આદરું તો અસુરકુળને ત્રેવડું તૃણ માત્ર,
શોભા રાખવા શ્વસુરકુળની અમે બંધાવ્યું છે ગાત્ર. ૫

હાકી ઊઠું તો સદ્ય છૂટું, દળું દાનવ-જૂથ,
શું કરું જે શ્વસુરકુળને રાખવું છે શુદ્ધ. ૬

શેં રડો છો, સુંદરી? સસરો શ્રીગોપાળ,
આકાશ-અવની એક થાશે, આણશે સહુનો કાળ. ૭

અગ્ન્યસ્ત્ર કેરી જ્વાળા ઘૂમશે, અસુર થાશે અંધ,
સહાય કરશે શ્યામ-રામ ત્યારે, બાળા! છૂટશે બંધ. ૮

મારા સમ જો, સુંદરી! ઝાંખો કરો મુખચંદ,
આ બંધનથી અતિ લાગે તમારાં નેત્રનાં બુંદ.' ૯

એમ કરી આસનાવાસના, હરિ આવ્યાનું હારદ,
કોઈ જાણે નહિ એમ કારાગૃહમાં આવ્યા ઋષિ નારદ. ૧૦

લજ્જા તે પામ્યો પરાક્રમી, ને નીચી કીધી દૃષ્ટ,
વપુ ધ્રૂજે ને કાંઈ ન સૂઝે, બોલી ન શકે સ્પષ્ટ. ૧૧

'શેં લાજે છે, પરાક્રમી? તું બોલ મુજ સંઘાથ;
છોડી છત્રપતિની વર્યો, થઈ પૃથ્વીમાં ખ્યાત ૧૨

ઊંડળમાં તેં આભ ઘાલ્યો, કામકુંવર! શેં ન ફૂલે?
ઘોડે ચડે તે પડે પૃથ્વી, ભણે તે નર ભૂલે. ૧૩

જાદવકુળ તેં દિપાવિયું, બાંધ્યો લાજે છે શુંય?
કાલે માધવને મોકલું, દ્વારકા જાઉં છું હુંય. ૧૪

વલણ

હવે હું જાઉં દ્વારકા, ઋષિ ગયા એવું કહી,
શુકદેવ કહે પરીક્ષિતને : દ્વારકામાં શી ગત થઈ. ૧૫

**શબ્દાર્થ**

દામણાં-દયામણાં-લાચાર, ઊંડળ-બાથ, મુખચંદ્ર-ચંદ્ર જેવું મુખ,

## કડવું ૨૩

[અનિરૂધ્ધના અપહરણથી દ્વારિકામાં હાહાકાર મચી ગયો છે પણ શ્રીકૃષ્ણ સર્વજ્ઞ હોવાથી નિશ્ચિંત છે. એવામાં નારદમુનિ દ્વારિકા આવી રાજકુંવર બાણાસુરની કેદમાં હોવાના સમાચાર આપે છે. જાદવ-સેના અનિરૂધ્ધને મુક્ત કરાવવાની તૈયારી કરે છે.]

રાગ વેરાડી

શુકદેવ કુહે પરીક્ષિતને : બાંધિયો જાદવ જોદ્ધ;
હવે દ્વારકાની કહું કથા, જાદવ કરે પરિશોધ. ૧

હિંદોળા સહિત કુંવર કરાયા, હાહાકાર પુર મધ્ય,
અનિરુદ્ધની ચોરી હવી, ને હરી ગયું કોઈ સદ્ય. ૨

સહુ અતિ આક્રંદ કરે, મળ્યું વિનતાનું વૃંદ,
રુક્મિણી, રોહિણી, રેવતી, તે સર્વ કરે આક્રંદ. ૩

જાદવ-જોધ કરે માધવને, 'શું બેઠા છો, સ્વામી?
એ વહારનો વિલંબ ન કીજે, કુળને લાગે ખામી.' ૪

વસુદેવ કહે છે શ્યામ-રામને, 'શું બેઠા છો, ભૂપ?
કુંવરની કેડે, કૃષ્ણજી! શેં ન કરો ધાધૂપ?' ૫

ઉગ્રસેન કહે, 'આશ્ચર્ય મોટું, કેમ હરાયો હિંદોળો?
દેવ! દૈત્ય દાનવનું કારણ, ખપ કરીને ખોળો.' ૬

સાત્યકિ ને શિરોમણિ પૂછે, 'હવે શી કરવી પેર?
પુત્ર વિના પરિવાર સૂનો, શું બેઠા છો ઘેર?' ૭

સાથ સકળને જદુનાથ કહે છે, 'શાને કરીએ શ્રમ?
ગોત્રદેવીને ગમતું હશે કુંવર હર્યાનું કર્મ. ૮

અગિયાર વરસ અમે ગોકુળ સેવ્યું મામાજીને ત્રાસે,
પ્રદ્યુમ્નને શંબરે હર્યો તે આવ્યો સોળમે વર્ષે; ૯

તેમ અનિરુદ્ધ આવશે, તે સાચવશે કુળદેવી;'
કૃષ્ણે કુટુંબને રોતું રાખ્યું, આશા દીધી એવી. ૧૦

પાંચ માસ એમ વહી ગયા, જાદવ થયા અતિ દુઃખી,
શોણિતપુરથી કૃષ્ણાસભામાં આવ્યા નારદ ઋખિ. ૧૧

હરિ–આદે જાદવ થયા ઊભા, માન મુનિને દીધું,
અતિ આદર-શું માન આપ્યું, પ્રેમે પૂજન કીધું. ૧૨

સમાચાર પૂછે શ્રીકૃષ્ણજી, નારદ વળતું ભાખે :
'ઉત્પાત-વાત એક છે, બાણ કુંવરને બાંધી રાખે. ૧૩

ઈશ્વરી ઇચ્છાએ ઓખા પરણ્યો, સંબંધ એવો સાધ્યો,
એવા અપરાધને માટે એને બાણાસુરે બાંધ્યો. ૧૪

વાત સાંભળી વધામણીની, વજડાવ્યાં નિસાણ;
શ્યામ-રામ તત્પર થયા, હવે જીતવો છે બાણ. ૧૫

સ્વજન સુખ અતિશે પામ્યાં, છે કુંવરને કુશળ,
ગરુડ લીધો ગોવિંદજીએ, પૂંઠે સેના સકળ. ૧૬

સંકર્ષણને સાત્યકિ જાદવ, ત્રીજો પ્રદ્યુમન,
એ ત્રણે પાસે બેસાડી કૃષ્ણે ખેડ્યો ખગજન. ૧૭

એક પહોરમાં પંખી પોહોત્યો, સુણી અસુરે પંખ,
રિપુ-હૃદયને વિડારવાને શ્યામે પૂર્યો શંખ. ૧૮

વલણ

શંખ પૂર્યો શ્યામ-રામે, ઉધ્રક્યો સહસ્ર-પાણ રે,
ત્રાસે નાસે લોક, પુરમાં પડિયું છે બુંબાણ રે. ૧૯

**શબ્દાર્થ**

પરિશોધ-ચારેબાજુ, શોધખોળ, વહાર-સહાય, ધાધૂપ-દોડાદોડી, વિનતા-વનિતા-સ્ત્રી, શંબર-એક રાક્ષસ, નિસાણ-વાજિંત્ર, ખગજન-ગરૂડ

## કડવું ૨૪

[પૌત્રને મુક્ત કરાવવા આવેલા કૃષ્ણની સેના સાથે બાણાસુરની સેનાનું ભીષણ યુધ્ધ થાય છે. યાદવસેનાની વીરતાથી મુંઝાયેલો બાણાસુર શિવનું ધ્યાન ધરતાં, શિવજી પોતાની ભૂત-પિશાચની સેના સાથે તેની મદદે આવે છે.]

શંખશબ્દ તણું કારણ, રિપુદેહ તણું વિડારણ;
કૃષ્ણનું જાણ તે બાણને થયું, બાણ-પ્રાક્રમ કહીંયે ગયું. ૧

અનિરુદ્ધ કહે, 'સુણો સુંદરી! શંખ વાગ્યો ને આવ્યા હરિ;
છૂટ્યાં બંધન કારાગૃહ થકી, ગાજે હળધર ને સાત્યકિ. ૨

બોલે પ્રદ્યુમન મોટે સ્વરે, બાણના પાણ છેદાશે ખરે;
ગોવિંદની ગત ના જાયે કળી, જાદવ-સેના તે આવી મળી.' ૩

મંત્રી કહે, 'સુણો! અસુરનરેશ! જાદવ સેનાએ ચાંપ્યો દેશ,
અનુચર આવ્યો લઈને વાત, દળ દીસે છે અસંખ્યાત.' ૪

મંત્રીને કીધી નેત્ર-સમસ્યાય, સૈન્યને આપી તે આજ્ઞાય,
નાનાવિધ દુંદુભિ ગડગડે, શસ્ત્ર ધરી વીર વાહન ચડે. ૫

પાખર બખ્તર ઘૂઘરમાળ, ડચકારે ઘોડા દે ફાળ;
મોરડે મણિ-ઝુમતડાં લટકે, પોતાના પડછાયા દેખીને ભડકે. ૬

ભલા અસવાર ઉપર ટકે, હંસલા હય હીડે છે લટકે,
વાનરિયા વેગે આવે નાચંતા, છૂટ્યા કચ્છી ને પાણીપંથા. ૭

કાબરા, કાળા ને કલંકી, કુમુદ, નીલાને પચરંગી,
પીળા, પોપટિયા, પંચવરણા, ઊજળા, અરબી ને હરણા. ૮

તેલંગી, પવનવેગી ઘોડા, બહુ રથ અનુપમ જોડ્યા;
સજળ વાદળ જેવા હાથી, ઉપર બેઠા છે નર ભાથી. ૯

અસવાર ને પાળા અનંત, ધસે ધીર, ડસે બહુ દંત,
પુર-પોળે સેના નવ માય, 'હણો જાદવને' કહેતા જાય. ૧૦

ટોળાં ઉપર ટોળાં ધાય, પદપ્રહારે ધરણી ધ્રુજાય;
રીસે અંતરમાં ધડધડિયો, રણ વિશે બાણાસુર ચડિયો. ૧૧

દસે દિશાથી મારગ રૂંધાય, કોટિ શંખ સાથે પુરાય;
કર ઝાટક્યા બાણાસુર મલ્લ; પ્રથવી થાય ઊથલપાથલ. ૧૨

આવી ગર્જના કીધી ભૂપાળ, ખળભળિયાં સાતે પાતાળ,
બ્રહ્મલોક જઈ પહોંચ્યો નાદ, બાણે કીધો કૃષ્ણને સાદ. ૧૩

'આવ્યા ગરુડે ચડી ખપ કરી, નહિ જાવા દઉં પાછા ફરી;
ઉન્મત્ત જાદવ ઉછાંછળ! તમે દમ્યો સંસાર સકળ. ૧૪

ક્ષત્રીકુળમાં લગાડી ખોડ, નહિ જગ્ત માંહે તમારી જોડ,
કુંવારી કન્યાને કપટે વરો ક્ષત્રી! ખલનાં કારજ કરો; ૧૫

સઘળે વાંકા થઈને ફરો, દરમાં સાપ થાયે પાધરો;
કૂડું કર્મ કીધું કુંવરે, લઢવા આવ્યા તે ઉપરે!' ૧૬

તવ હસીને બોલ્યા ભગવાન, 'અમો લેઈ આવ્યા છું જાન,
વિધાતાએ કીધો સંબંધ, વર-કન્યાના છોડો બંધ.' ૧૭

બાણાસુરને ચડિયો કાળ, 'સંબંધ શાનો, રે ગોવાળ?
સહુને આપું રે પહેરામણી, હમણાં મોકલું જમપુર ભણી. ૧૮

બાણાસુર એમ બોલ્યો વ્યંગ, કૃષ્ણે સજ્જ કીધું સારંગ;
કડાઝૂડ કટક બેઠુ થયાં, ઉઘાડાં તે આયુધ ગ્રહ્યાં. ૧૯

ટેઢા કરે ફરે તલવાર, કાઢે શર ભાથાથી બહાર;
તોમર ત્રિશુળ ધરિયાં મુશળ, ગાજે હળધર લઈને હળ. ૨૦

છપ્પન કોટિ જાદવ ગડગડ્યા, દાનવ ઉપર તૂટી પડ્યા,
દાનવ માનવ દળ દળાય, દેખી બાણાસુર અકળાય. ૨૧

બોલ્યો બાણ ધરી અભિમાન, 'કૃષ્ણ! ઉતારું તારું માન;'

વાધ્યા જાદવ સુર સમાન, બાણે ધરિયું શિવનું ધ્યાન. ૨૨

અગિયાર કોટિગણની સેનાય, લઈ પધાર્યા શંકરરાય,
વિઘ્નવિદારણ ગૌરી ગણેશ, આગળ આવે શ્રીમહેશ; ૨૩

ભૂત, પ્રેત, ભૈરવ, વેતાળ, સપ્ત જ્વર લીધા તત્કાળ,
ચોસઠ શિકોતરી, બાવન વીર, કોપી કોઈલા પાડે રીર; ૨૪

ડાકિણી, શાકિણી સંહારી, એણી પેરે આવ્યા ત્રિપુરારિ,
પોઠિયા પર બેઠા શૂલપાણ, વ્યાઘ્રાંબર ઓઢ્યું પરિધાન. ૨૫

વાગે શિંગી ડમરુ ને ડાક, ગાજ્યા હરિહર દઈને હાક. ૨૬

વલણ

મારી શંકરે, 'ક્યહાં ગયા કેશવ-રામ' રે?'
ભટ પ્રેમાનંદ કહે કથા હરિ-હર તણો સંગ્રામ છે. ૨૭

**શબ્દાર્થ**

વિડારણ-વિનાશ, હળધર-બલરામ, પાધરો-સીધો, સારંગ-વિષ્ણુનું ધનુષ્ય, શિંગી-બળદના શિંગળામાંથી બનેલું શિવનું વાજિંત્ર,

## કડવું ૨૫

[મુંઝાયેલો બાણાસુર શિવજીને અનિરુધ્ધ અને કૃષ્ણ વિશે ફરિયાદ કરતાં હરિ-હરની સેના વચ્ચે ધમાસાણ યુધ્ધ થાય છે. અહીં યુધ્ધની ભીષણતાનું વર્ણન બીભત્સતાનો અનુભવ પણ કરાવે છે.]

રાગ સામેરી

આવ્યા જુદ્ધે તે શંકરરાય, સેવકની કરવા સહાય;
ટોળે ભોળો ને ભગવાન, દેખી રીઝ્યા દૈત્ય-રાજાન. ૧

ઢાળ

રાજન રીઝ્યો દૈત્યનો, તે શરણ શંકરને ગયો,
પાયે લાગી પંચવદનને સમાચાર સઘળો કહ્યો : ૨

'પુત્ર જે પ્રદ્યુમન તો, તેણે કુળને લગાડ્યું લાંછન,
જામાત્ર-પદવી ભોગવી, ચોરી સેવ્યું ઓખા-ભવન. ૩

મેં બંધને અનિરુદ્ધ રાખ્યો, હણતાં મુજને દયા આવી;
એવા અપરાધ ઉપર આવ્યા કૃષ્ણ કટક ચડાવી.' ૪

વાત વિરોધની સાંભળી, શંકરને ચડિયો ક્રોધ.
'જાઓ જાદવને સંહારો'' શિવે હકાર્યા જોદ્ધ. ૫

જુદ્ધે તે આવ્યા ભૂત ભૈરવ, પ્રેત બહુ પિશાચ,
શાકિણી શિકોતરી સંચરી, 'ભક્ષ ભક્ષ' કરતી વાત. ૬

પંચદૂત સાથે પરવર્યા, કાશી તણા કોટવાળ,
વીર વૈતાળ ને કોઈલા, આગળ કર્યો પશુપાળ; ૭

બાણાસુર બલિભદ્ર સામો, શંકર ને શ્રીકૃષ્ણ,
સાત્યકિ ને સ્વામી કાર્તિક, નંદી ને ચારુણ. ૮

કૃતવર્મા કૌભાંડ સામો, સાંબ ને ધૂમ્રલોચન;
શોણિતાક્ષ ને સોમકેતુ, ગણપતિને પ્રદ્યુમન; ૯

રથી સામા રથી આવ્યા, હસ્તી સામા હસ્તી,
જાદવને શ્રીહરિ હકારે, અસુરને શિવ ઉપસ્તી. ૧૦

ભોગળે ભોગળ પડે, ને થાય ગદાના કટકા,
ગગનમાં જેમ વીજ ચમકે, થાય ખડગના ઝટકા; ૧૧

પટ્ટી, ફરસી, પરિઘ, ભાલા, ભોગળ ને ભીંડીમાળ,
ખાંડાં, ખપુવા, ત્રિશૂલ શક્તિ, વઢે વીર વિકરાળ. ૧૨

ગિરિ તરુવર અસ્થિ ચર્મ વરસે દાનવ દુષ્ટ,
સાંગ ભાલા મલ્લ બાઝે, પડે પાટુ ને મુષ્ટ; ૧૩

પ્રબળ માયા આસુરી, તેણે થઈ રહ્યો અંધકાર,
બહુ વીર વાહન ચકચૂર થયાં, વહે શોણિતની ધાર. ૧૪

અસ્થિ-ચર્મ ને મેદ-કર્દમ, જાદવ-દૈત્ય દળાય.
ધર્મ ચૂકી, મામ મૂકી, કાયર પુરુષ પળાય. ૧૫

શ્રોણિતની ત્યાં સરિતા વહે, ભયાનક ભાસે ભોમ,
પદપ્રહારે રુધિર ઊડે, સૂરજ ઢંકાયો વ્યોમ! ૧૩

કુતૂહલ દેખી દેવ કંપ્યા, હવો તે હાહાકાર,
બલિભદ્ર ને બાણાસુર વઢે, કેમ સહે ભૂમિ ભાર? ૧૭

જોગણીનું ભક્ષ ચાલ્યું, શિવસેનાની વૃત્ત્ય,
સંતોષ પામી શાકિણી, કલ્લોલ કરતી નૃત્ય. ૧૮

કોઈ કાયર થઈને નાઠા, આફણિયે ઓસરિયા,
શૂરા વાઢિયા શૂર પ્રખ્યાતે, આવી અપ્સરાએ વરિયા. ૧૯

ઓખા-અનિરુદ્ધ કારણે રોળાયા રાણા રાય,
કુસુમસેજ્યાએ પોઢતા તે રુધિર માંહ્ય તણાય. ૨૦

સાગર-શું સંગમ હવો, શોણિતની સરિતા વહી,
અસ્થિ ચર્મની, મેદની બે પાળી બંધાઈ રહી. ૨૧

માતંગ-અંગ મસ્તકવિહોણાં, તે બિહામણાં વિકરાળ,
કુંભસ્થળ શું કાચલાં! શીશ-કેશ શેવાળ! ૨૨

નર-કર શું ભુજંગ ભાસે! મુખકમળ શું કમળ!
નેત્ર મચ્છ, ને મુગટ બગલાં, નરનાભિ તે વમળ, ૨૩

દુંદુભિ તણાયાં રથ ભાંગિયા, શોભીતા શું વહાણ!
નીરખીને આ નદી દારુણ, કોપે ચડ્યા શૂલપાણ. ૨૪

વલણ

શૂલપાણિજી સૂંઢિયા, વૃષભ હાંક્યો ભૂધર ભણી,
વિપ્ર પ્રેમાનંદ કહે કથા, રાડ વાધી હરિ-હર તણી. ૨૫

**શબ્દાર્થ**

પંચવદન-શિવજીનું એક નામ, ખપુવા-એક પ્રકારનું શસ્ત્ર, શ્રોણિત-લોહી, માતંગ-આખલો, દારૂણ-કરૂણ, ભૂધર-શ્રીકૃષ્ણ

## કડવું ૨૬

[ભયાનક સંગ્રામ બાદ શ્રીકૃષ્ણ બાણાસુરના હાથ માંડતાં બાણસસુરની માતા તેની મદદે આવે છે પણ, શ્રીકૃષ્ણએ સુદર્શન ચક્ર છોડતાં બંને નાસી જાય છે. અંતે યુધ્ધમેદાનમાં નિઃસહાય સ્થિતિમાં પડેલો બાણાસુર શ્રીકૃષ્ણની શરણે આવે છે.]

રાગ સોરઠી

ધાઈ આવ્યા શંકર સંગ્રામે, ધાર્યું ચક્ર સુદર્શન શ્યામે,
ગાજે ગરુડે તે છેલછબીલો, હાક્યો પોઠિયો હરે હઠીલો. ૧

હરિએ ચક્ર ચડાવ્યું ચાક, શિવે સામું કીધું પિનાક,
આવી ભડિયા બેહુ ભગવાન, થયો સંસાર આંદોલમાન. ૨

વાગી હરિ-હર તણી ત્યાં હાક, પુરમાં રાંધ્યા રહ્યા છે પાક,
ભૂલી વિધાત્રી લખતાં લેખ, ધ્રૂજી ધરણી ને સરક્યો શેષ. ૩

ફાટ્યું આકાશ ત્રૂટ્યાં અભ્ર, પડ્યા ગર્ભવતીના ગર્ભ,
ફરે ચાપ તે મંડલાકાર, શિવે બાણ મૂક્યાં છે બાર. ૪

તે પૂંઠે મૂક્યાં પંચવીશ, છેદ્યાં આવતાં શ્રીજગદીશ,
શત સહસ્ર, લક્ષ ને કોટ, વરસે બાણ તે કોટાકોટ. ૫

વાળ્યો જાદવનો સંહાર, પ્રગટ્યો દેવમાં હાહાકાર,
કૃષ્ણે મૂક્યું મોહાસ્ત્ર બાણ, મૂર્છા પામ્યા તે પિનાકપાણ; ૬

કીધું પોઠિયા ઉપર શયન, ધાયો બાણાસુર રાજન;
આવ્યા શુક્રાચાર્ય જ સાર, ટાળવા શિવજીનો વકાર. ૭

બાણે કીધી તે બહુ વાન, કીધી ગણપતિને સાન;
ધાયા દૈત્ય ને જમના દૂત, તૂટી પડ્યા તે ભૈરવ ભૂત. ૮

જુદ્ધ પ્રબળ કર્યું રણછોડ, આવી અસુરની કન્યા ક્રોડ;
આસુરી માયા કરતી નાર, કોઈ નમી છે ઉરજ-ભાર. ૯

કોની આંખ જ ઉગ્ર કપોલ, કોનું મુખ તે મોટી પોળ;
કોનાં મસ્તક ગિરિ સમાન, કોના ભરાયે ભૂમિએ કાન. ૧૦

વનિતા વારુણીમાં થઈ મગ્ન, વસ્ત્રવિહોણી ફરે નગ્ન;
ગ્રહી ભમાવે જોદ્ધ ગગન, જાદવ સેન્યા કીધી ભગન. ૧૧

હરખી શાકિણી ડાકિણી સર્વ, આવ્યું આજ ઉજાણીનું પર્વ;
ભૂંડી ભાષા, વરુવો વર્ણ, ચુડેલ ચાલે અવળે ચર્ણ. ૧૨

વરસે શોણિત, શિલા ને સર્પ, કોપ્યા શ્યામ-રામ-કંદર્પ;
કૃષ્ણે આંખ કીધી ઘણી વક્ર, મૂક્યું કોપ કરીને ચક્ર, ૧૩

છેદ્યાં ડાકિણી-શાકિણીનાં શીશ, રંડા નાસે, પાડે ચીસ;
છેદ્યાં શ્રવણ, નાસિકા ને નેણ, ત્યાં તો ઊડી રુધિરની ઝેણ. ૧૪

કોઈને ભાલા વાગ્યા ભચ, કોઈનાં નાક કપાયાં ટચ
છેદ્યાં આયુધ કવચ અનેક, નાઠા અસુર મૂકીને ટેક; ૧૫

ગાજ્યો બાણાસુર ઉન્મત્ત, ધનુષ ધરિયાં છે પંચશત;
વરસે બાણ તે દાનવ દક્ષ, શત સહસ્ર આયુધ ને લક્ષ. ૧૯

નાઠી સેન્યા ભલી ભડેડાટ, હસ્તી ચીસ પાડે ચડેડાટ;
પડ્યો જાદવ-જોધમાં ભંગ, આકર્ષ્યું શ્યામે સારંગ; ૧૭

કૃષ્ણે છેદ્યાં ધજા ને દંડ, ક્રોધે રથ કીધો શતખંડ,
છેદ્યું છત્ર એક અનોપ, કાપ્યાં કવચ, આયુધ ને ટોપ. ૧૮

બાણાસુર કહે કરી કોપ, 'હવે શું જાય જીવતા ગોપ?'
ચતુર્ભુજે કીધો ચોંપ, માયા મૂકી થયા અલોપ. ૧૯

સોંઢ્યા શ્યામ-રામ થઈ સજ્જ, ગાજે બાણ તે કકડધજ;
પ્રગટી માયા તેણી વાર, મંત્રે નિવારી તે મોરાર; ૨૦

વરસે ગિરિ-રુધિરની ધાર, જાદવ સેન્યા પામી હાર.
કીધા વાહન-વિહોણા વીર, ગતિભંગ તે સર્વ શરીર; ૨૧

હળધરે મૂકી હવે મામ, દેખી દારુણ દૈત્ય-સંગ્રામ.
જાદવનું દેખીને કષ્ટ, કૃષ્ણે કીધી ક્રોધની દષ્ટ, ૨૨

દિવ્યાસ્ત્ર મૂક્યું છે બાણ, છેદી માયા પુરુષ-પુરાણ.
કીધાં મુગટ-વિહોણાં શીશ, લીધું ચક્ર તે શ્રી જગદીશ, ૨૩

છેદવા માંડ્યા જ્યારે હાથ, આવી બાણાસુરની માત;
કાળી કોટરા એવું છે નામ, દેખી નગ્ન ને લાજ્યા શ્યામ; ૨૪

નવ મૂક્યું તે સુદર્શન, નાસી છૂટ્યો બાણાસુર રાજન.
ચક્ર ચડાવ્યું બીજી વાર, હવો દૈત્યમાં હાહાકાર, ૨૫

નાઠી કોટરા પાડી ચીસ, હવે હાથ હણે જગદીશ;
અકળાવ્યો બાણ રાજન, આવી પડિયું તે સુદર્શન, ૨૬

જેમ છંદે કો વડની ડાળ, તેમ કર કાપ્યા તત્કાળ
પછે રાખ્યા છે ભુજ ચાર, બાણ પડ્યો પૃથ્વી મોઝાર. ૨૮

વલણ

બાણાસુર પૃથ્વી પડ્યો, પીડા પામ્યો ખંડ રે,
સદાશિવ કોપે ચડ્યા, ત્યારે ખળભળ્યું બ્રહ્માંડ રે. ૨૯

### શબ્દાર્થ

મંડલાકાર-ગોળાકાર, વરૂવો-કદરૂપો, પિનાકપાણ-પિનાક નામનું ધનુષ્ય ધારણ કરનાર શિવ, (પિનાકીન) , મોઝાર-ઉપર, વકાર-વિકાર, બારૂણી-પદ્યપાન કરેલી કદરૂપી રાક્ષસીઓ

## કડવું ૨૭

[બાણાસુરની સ્થિતિ જોઈ ક્રોધિત શિવની સેના ભીષણ યુધ્ધ કરે છે. છેવટે દેવોની વિનંતિ અને બ્રહ્માજીની મધ્યસ્થીથી યુધ્ધનું સમાપન થાય છે. અને ઓખા-અનિરૂધ્ધનાં લગ્ન માટે પીઠી ચોળાય છે.]

રાગ મારુ

ઘણું કોપ્પા દેવ રુંઢ માલી, અકળાવ્યા શ્રી વનમાલી,
મૂક્યો પિત્તજ્વર મહાદેવ, હરિએ જ્વર પ્રગટ્યો તત્ખેવ. ૧

વાતજ્વર તેહનું નામ, પિત્તજ્વર-શું માંડ્યો સંગ્રામ,
તરિયો મૂક્યો તે ત્રિપુરારિ, એકાંતરિયો મૂક્યો દેવ મુરારિ. ૨

શિવે ટાઢિયો તાવ હકાર્યો, કાળજ્વર શ્રીકૃષ્ણે વકાર્યો,
ભૂતજ્વર મૂક્યો ઉમિયાનાથ, એમ જ્વર પ્રગટ્યા છે સાત; ૩

ઓખાહરણ સુણે ધરી ભાવ, તેના જીરણ જાયે તાવ,
શુકદેવ કહે : સુણો રાય! હરિ-હર તણો મહિમાય; ૪

મહાદેવ અગ્નિ ઉપજાવે, વિઠ્ઠલો વરસાદ વરસાવે,
થયો ક્રોધ જેહ કપાળી, ઠામઠામથી સૃષ્ટિ પ્રજાળી; ૫

હરિ-હર બંને હઠે ભરાયા, ત્યાં તો બ્રહ્માજી વહારે ધાયા,
આવી. જોડ્યા બંનેને હાથ, 'તમે જુદ્ધ મુકો, દીનનાય!' ૬

સ્તુતિ કરીને સામા રહી, કમળાકંથે વારતા કરી.
'નમું ગંગાધર પશુપાળ, નમું ગિરિધર દેવ દયાળ; ૭

નમું જટાઘર ભસ્મભાર, નમું મોરપિચ્છ ધરનાર;
નમું દેવદુખ હરનાર, નમું જગત-જીવણહાર; ૮

નમું નીલકંઠ રુંઢમાળ, નમું ગુંજાધર ગોવાળ;
નમું ઉમિયાવર જોગેશ, નમું શ્રીધર શ્રીહૃષીકેશ, ૯

નમું શંકર બ્રહ્મકપાલી, નમું શ્રીકૃષ્ણ કરુણાવલિ;
નમું ત્રિવદન ત્રિપુરઠામ, નમું ભક્તવત્સલ ભૂધર નામ. ૧૦

નમું દાવાનલ પર્જન્ય, નમું દુંદુભિનાદ ગર્જન;
નમું પિનાક-ત્રિશુલપાણિ, નમું સારંગધર પુરુષપુરાણી. ૧૧

નમું વૃષભ જેનું વાહન, નમું કૃષ્ણદેવ પાવન,
તમે જગતના પિતા કહાવો, કાં જીતવાને મૃત્યુ ઉપજાવો?' ૧૨

દીન વચન બ્રહ્માએ ભાખ્યાં, શિવ-કૃષ્ણે આયુધ નાખ્યાં,
હેતે હરિ-હર બન્યો ભેટાડ્યા, પડ્યા જોદ્ધ સર્વે ઉઠાડ્યા. ૧૩

બાણ શ્રીકૃષ્ણ-ચરણ નમિયો, સંતાપ તેનો સહુ શમિયો,
પછે જ્વર પ્રગટ્યા જે સાત, બ્રહ્માને કહે છે વાત : ૧૪

હવે અમો તે ક્યાં જઈ રહું? તમ વિના કોને દુખ કહું?'
ચતુર્મુખ બોલ્યા મુખ વાણી, 'તમો રહો પૃથ્વી પર જાણી; ૧૫

અધર્મ કરે જે નરનાર, પશુ-વનસ્પતિ તણો જે કાળ,
ત્યાં તમારો નિવાસ,' એમ જ્વરની પૂરી આશ. ૧૬

'ઓખાહરણ સાંભળે સંતોષ, ના પ્રગટે જનને જ્વરના દોષ,
જે સાંભળે ધરીને ભાવ, તેના જાયે સાતે તાવ.' ૧૭

એવું કહી હવા અંતર્ધાન, સંતોષ્યા શ્રીભગવાન;
અનિરૂદ્ધ શ્રીકૃષ્ણને મળિયો, છૂટ્યાં બંધન, વિજોગ ટળિયો; ૧૮

નાણું મોકલે બાણાસુર રાય, વરકન્યાને પીઠી ચોળાય,
વર ઘોડે ચડ્યો, ગીત ગાય, અનિરૂદ્ધ આવ્યો માંહ્યરા માંહ્ય. ૧૯

શુકજી કહે : પરિક્ષિત રાજાન! બાણાસુર આપે છે કન્યાદાન. ૨૦

**શબ્દાર્થ**

રૂંઢમાલી-ખોપરીઓની માળા પહેરનાર શિવ, જોગેશ-જોગીઓના, ઈશ-શિવ, બ્રહ્મકપાલી-શિવજી, ગુંજાધર-ચણોઠીની માળા ધારણ કરનાર શ્રીકૃષ્ણ,

## કડવું ૨૮

[સ્વજનોની ઉપસ્થિતિમાં, વડીલોના આશિષ, સ્ત્રીઓના]

રાગ દેશાખ

સમે વર્તે તે સાવધાન, અસુર-પત્ની કરે છે ગાન,
ગર્ગાચાર્ય મોટા મુન્ય, લાગી વેદવિચક્ષણ ધુન્ય. ૧

શુક્રાચાર્ય આચાર્ય ઋષિ, ઘૃત તલ જવ અગ્નિ મૂકી,
હાથ સરુઓ અને સ્વાહા થાય, પાસે બેઠો બાણાસુર રાય; ૨

તાંહાં આડું અંતરપટ તાણી, ઓખા માંહ્યરા માટે આણી,
અનિરુદ્ધ આગળ બેસારે, સુખ આગળ દુઃખ વિસારે. ૩

હાથેવાળો સાહ્યો છે પાણ, વરકન્યા સુંદર સુજાણ,
આડાં અંતરપટ અળગાં લીધાં, કન્યા છાંટણે તંબોલ કીધાં. ૪

પહેલું મંગળ તે વરતાય, વરકન્યાને ફેરા ફરાય,
ભેરીના શબ્દ અનુપમ થાય, ગીત માનિની મંગળ ગાય; ૫

ધેનુ આપી સહસ્ર દૂઝણી, સહસ્ર દાસી આપી વિચક્ષણી;
બીજું મંગળ તે વરતાય, ત્રણ સહસ્ર રથ શ્રીકાર; ૬

ત્રીજું મંગળ તે વરતાય, આપ્યા ચૌદ સહસ્ર તોખાર,
આપ્યાં આયુધ સેવકજન, સોનું રૂપું સાત મણ ધન; ૭

ચોથું મંગળ તે વરતાય, આપી સાત સો અનુપમ ગાય,
પહેરામણી આપી કીધા નમસ્કાર, આપી દ્વિજને દક્ષણા સાર; ૮

એમ વર્ત્યાં મંગળ ચાર, શ્વસુર-પત્ની પીરસે કંસાર,
હસી હસી આરોગે સ્ત્રી-ભરથાર, મન આનંદનો નહિ પાર; ૯

તાંહાં દાસીજન ગીતો ગાય, જામાત્રને હસવું થાય :
'જમો જમો કંસાર, જમાઈ! કીધી વડવાએ જેવી કમાઈ; ૧૦

કાંહાંથી પેઠો ઘર ખંખોળી, તમે છેતરી ઓખાબાઈ ભોળી,
તારાં કુષ્ણ પિતા, કુણ માત? શું કરીએ? ભુલી વિધાત; ૧૧

દાનવ-માનવ જોતાં ખામી, નીચ ઊંચની કન્યા પામી. ૧૨

રાગ ફેર
છોરા ઘી પી રે ઘી પી, તારું શરીર થાય કાંઈ માતું રે.
તારે ઘેર ક્યાંથી દુઝણું રે? રખે સાસરિયાં વિના થાય વહાણું રે;' ૧૩

એમ ગીત ગાય છે વરણી રે, વરકન્યા ઊઠ્યાં પરણી રે,
ચાર સોહાગણ આવી વધાવે રે, એમ અખંડ એવાતણ ભાવે રે; ૧૪

વળી વિપ્રને આપે દાન રે, ઋષિ સંતોષી દીધાં માન રે,
રાય બાણાસુર લાગ્યો પાય રે, વિઠ્ઠલને આપી વિદાય રે. ૧૫

વલણ

વિદાય આપી કૃષ્ણને, પ્રણિપત વિવિધ કરી,
માતા વળાવે ઓખાબાઈને, શિખામણ દે છે ફરી ફરી. ૧૬

**શબ્દાર્થ**

ફટાણાં-લગ્નગીતો, વાજિંત્રોના સૂરો વચ્ચે ઓખા-અનિરૂધ્ધનાં લગ્નનું ચિત્રાત્મક વર્ણન,

## કડવું ૨૯

[કન્યાવિદાય ટાણે દીકરી જમાઈને દુ:ખ દેવા બદલ ઓખાના માતા-પિતાની ક્ષમા, ઓખાની માતા કન્યાને ઉપદેશ આપે, ગુજરાતી લગ્નપ્રસંગનું સુંદર વર્ણન. અંતે ફલશ્રુતિ સાથે કવિપરિચય આપે છે.]

### રાગ ધન્યાશ્રી

'પુત્રી! પધારો રે, સોભાગણી! સાસરે રે,
ભાગ્ય તારાની તુલના કુણ કરે રે?
અમો અપરાધી અવગુણભર્યાં રે,
અમે તમને બહુ દુખિયાં કર્યાં રે. ૧

### ઢાળ

દુખિયાં કીધાં, દીકરી ! મરણ લગી નહિ વીસરે રે,
માતાપિતા શત્રુ થયાં, મનની ખટક કેમ નીસરે રે? ૨

બાઈ! બાપે બંધન બાંધિયાં, દોહિલાં વેઠ્યાં, દીકરી!
મોટું ઘર વર પામિયાં, તે તું તારે કર્મે કરી; ૩

જાદવકુળ વસુદેવજી, દેવકી ને રોહિણી,
બલિભદ્ર, સાત્યકિ, પ્રદ્યુમન, શ્રીકૃષ્ણ ત્રિભુવનધણી; ૪

રુક્મિણી ને સત્યભામા, જાંબુવતી ને રેવતી,
રખે દીકરી! આળસ કરતી, ચરણ તેનાં સેવતી; ૫

ઉગ્ર પુણ્યે, ઓખાબાઈ! પામી અનિરુદ્ધ નાથને,
એ સુખ આગળ દુખ વીસરશે, પણ જોખમ બાણના હાથને. ૬

શી શિખામણ દેઉં, દીકરી? અમારી લાજ વધારજે,
પ્રીતે પતિ આજ્ઞા આપે તો પિયર ભણી પધારજે; ૭

સસરા-જેઠની લાજ કાઢજે, નવ બોલીએ ઊંચે સ્વરે,
આઘું ઓડીને હીંડીએ, દૃષ્ટ રાખીએ ભોમ ઉપરે; ૮

રૂડી-ભૂંડી વીસરીએ, સાંભળીને વિચારીએ,
ઉઘાડા કેશ ન મેલીએ, ઘણું ઝીણું વસ્ત્ર ના પહેરીએ; ૯

ભાઈ વિના કો પુરુષ સાથે ગાન-ગોઠ ન કીજીએ,
સાસુ-સસરો રીસ કરે તો સામો ઉત્તર ના દીજીએ. ૧૦

પરાયે ઘેર જઈએ નહિ, નહિ જોઈએ અરુંપરું,
પૂછ્યા પછી ઉત્તર દીજે, જથારથ બોલીએ ખરું; ૧૧

દાસી માણસનો સંગ ન કરીએ, પિયરને ન વખાણીએ;
અનંત અવગુણ હોય સાસુ તણા, સ્વામી મુખ ન આણીએ. ૧૨

મોટે સાદે હસીએ નહિ, કોઈ સાથે તાલી ન દીજીએ,
ઊભા રહી ઉઘાડે માથે, મારી પુત્રી! પાણી ન પીજીએ. ૧૩

ભરથાર પહેલું જમીએ નહિ, ઉચ્છિષ્ટ જમીએ નાથનું,
'તું'કારીએ નહિ સેવક સાદે, માન રાખીએ સહુ સાથનું. ૧૪

દિવસે ના સૂઈએ, દીકરી! વચન પ્રભુજીનાં પાળીએ,
સાસુ-સસરો સાદ કરે તો 'જી જી' કહી ઉત્તર વાળીએ. ૧૫

એમ ઓખાને વિદાય આપી, વર્ત્યો જયજયકાર,
શ્રીકૃષ્ણ પધાર્યા દ્વારકા પરણાવી કુમાર. ૧૬

ઓખાહરણ અતિ અનુપમ, તાપ ત્રણે જાય,
શ્રોતા થઈને સાંભળે તેને વૈકુંઠપ્રાપ્તિ થાય; ૧૬

ગોવિંદચરણે ગ્રંથ સમર્પ્યો, ગુરુને નામ્યું શીશ,
ઓખાહરણ જે ભાવે સાંભળે તેને કૃપા કરે જગદીશ. ૧૭

ઓગણત્રીસ કડવાં એનાં છે, પદસંખ્યા કીધી નથી,
સુણે, ભણે ને અનુભવે, તેની પીડા જાયે સર્વથી. ૧૮

વીરક્ષેત્ર મધ્યે વાસ વાડીમાં, વિપ્ર ચતુર્વિંશી જાત,
પ્રેમાનંદ આનંદે કહે, જય જય વૈકુંઠનાથ. ૧૯

**શબ્દાર્થ**

અરૂંપરૂં-આજુબાજુ

o o o

**આગળ જુઓ**

## ઓખાહરણ : આસ્વાદ-સમીક્ષા

## આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ

## આખ્યાન : ઉદ્દ્ભવ અને વિકાસ, પ્રેમાનંદ પૂર્વે

## પ્રેમાનંદ : સમય, જીવન અને સર્જન

## પ્રેમાનંદની સર્જકપ્રતિભા

રસની બાબતમાં કોઈપણ ગુજરાતી કવિ પ્રેમાનંદના પેંગડામાં પગ ઘાલે એવો નથી. તાક્યું તીર મારનારો તો પ્રેમાનંદ જ. એ ધારે છે ત્યારે રડાવે છે, ધારે છે ત્યારે હસાવે છે અને ધારે છે ત્યારે શાંત રસના ઘરમાં આપણને લઈ જઈને બેસાડે છે.

**નવલરામ**

[ગુજરાતીના પહેલા વિવેચક]

## ઓખાહરણ : આખ્યાનકાવ્ય તરીકે – હૃષીકેશ રાવલ

'ઓખાહરણ' એ રસરાજવી પ્રેમાનંદની સર્વપ્રથમ કૃતિ છે. એ પહેલાં અનેક સર્જકોએ ઓખા-અનિરુદ્ધની કથાને પોતાની રચનાનો વિષય બનાવ્યો છે. પરંતુ એમાં પ્રેમાનંદનું 'ઓખાહરણ' વિશેષ સફળતાને પામ્યું છે. કૃતિનો આરંભ શિવ, ગણપતિ, સરસ્વતીની સ્તુતિથી-મંગલાચરણથી થાય છે. મંગલાચરણ પછીના બીજા કડવામાં જ કવિ વસ્તુનિર્દેશ કરતાં એનું કથાવસ્તુ ક્યાંથી લીધું? શેની કથા છે? તેનો ઉલ્લેખ કરે છે જેમ કે,

"વ્યાસનંદન વદે વાણી, વર્ણવું પૂર્ણાનંદ,
રસિક કથા ભાગવત તણી, તે મધ્યે દશમસ્કંધ
શુકદેવ વાણી ઓચરે, બાસઠમો અધ્યાય
આખ્યાન એ ઓખા તણું, અનિરૂધ્ધનું હરણ થાય."

આખ્યાનની કથા આદિથી અંત સુધી નાટ્યાત્મક અને રોચક છે. ત્રણેય ભુવનમાં અજેય બનવાના હેતુથી રાક્ષસરાજ બાણાસુર તપ કરીને શિવજી પાસે એક હજાર હાથ ની તાકાતનું વરદાન મેળવે છે પૃથ્વીલોક ઉપર એની સમકક્ષ કોઈ યોધ્ધો ન રહેતાં ફરીથી શિવજીને તપ કરીને પડકારે છે, શિવજી ગુસ્સે થઈને 'જા તારી દીકરીનો વડસસરો તારા મદને હણશે.' એવો શાપ આપે છે. બીજી બાજુ એની દીકરી ઓખાએ પાર્વતી પાસેથી સુંદર વર પ્રાપ્તિનું વરદાન મેળવવાના સમાચાર મળતાં બાણાસુર એની હત્યા કરવા જતા હોય છે ત્યારે નારદ બાળહત્યાનું પાપ લાગશે એમ કહીને તેને આજીવન કુંવારી રાખવા ને એકદંડિયા મહેલમાં કેદ કરવાની સલાહ આપે છે.

પરંતુ ઓખા યુવાન થતાં વરદાન મુજબ ઓખાના સ્વપ્નમાં

મનમાન્યા પતિ સાથે લગ્ન થાય છે. અને તે રિસાઈને ચાલ્યો જાય છે. સખી ચિત્રલેખા વિવિધ વીરપુરૂષોનાં ચિત્રો દોરીને તેના પતિની ભાળ મેળવી આપે છે. અંતે ચિત્રલેખા એના પતિ અનિરૂધ્ધનું અપહરણ કરીને લાવે છે. બંને ગાંધર્વલગ્ન કરી પ્રણયમસ્તીની મજા માણે છે. છેવટે બાણાસુરને ઘટનાની શંકા જતાં તપાસ કરાવે છે. બાણાસુર અને તેની સેના સામે અનિરૂધ્ધ વીરતાથી લડે છે. અંતે બાણાસુર અનિરૂધ્ધને બાંધીને કેદમાં પૂરતાં નારદજી આ સમાચાર શ્રીકૃષ્ણને પહોંચાડે છે. બાણાસુર અને શ્રીકૃષ્ણની સેના વચ્ચે ભીષણ યુધ્ધ થાય છે. બાણાસુર શિવજીની મદદ મેળવે છે. શ્રીકૃષ્ણ સુદર્શન ચક્રથી બાણાસુરના હાથ કાપી નાંખતાં શિવજી અને કૃષ્ણ વચ્ચે ભયાનક યુધ્ધ થાય છે. અંતે બ્રહ્માજી વિનંતિથી યુધ્ધનો અંત આવે છે. બાણાસુર માફી માંગીને ઓખા-અનિરૂધ્ધનાં ધામધૂમથી લગ્ન કરાવી દીકરીને સાસરે વળાવે છે.

ઓખાહરણમાં પ્રેમાનંદની અસાધારણ ભાષા, કવિશક્તિ અને વર્ણનકળાનો પરિચય મળે છે. યુવાન થતી ઓખાની લગ્ન માટેની ઉતાવળ અને અધીરાઈનું વર્ણન કરતી આ પંક્તિઓમાં ઓખાનો વિરહ પ્રગટ થાય છે. જેમ કે,

"ઝમપે ભૂંડું જોબનિયું રે, મદપૂરણ મુજ કાય જી,
પિતા તો પ્રીછે નહિં રે બાઈ! કુંવારો ભવ કયમ જાય જી?
સાસરિયે જાયે ને આવે સખીઓ મુજ સમાણી જી
હું અપરાધણ હરખે હણાઈ, આંખે ભરૂં નિત પાણી જી.
* * *
જળ વિના જેમ માનસરોવર, ચંદ્ર વિના નિશા જેવી જી
પિયુ વિના જોબન ગયું રે, હું અભાગણી પૂરી તેવી જી,
અઘોર વનમાં વેલી ફૂલી, ન મળે ભમરો ભોગી જી,
વપુવેલી જોબનિયું ફૂલ્યું, ન મળ્યો નાથ સંજોગી જી,

જ્યારે ચિત્રલેખા પંખિણી સ્વરૂપે અનિરૂધ્ધનું અપહરણ કરવા દ્વારિકા નગરીમાં પ્રવેશ કરે છે, તે નિમિત્તે કવિ દ્વારિકા નગરીના વૈભવ અને સમૃધ્ધિનું આબેહૂબ વર્ણન કરવાની તક ઝડપી લે છે, જેમ કે,

"ચાલી પંખિણી જોતી ગામ, સામસામી શોભીતાં ધામ,
સપ્ત ભોમ તણાં અવાસ, જોતાં ક્ષુધાતૃષા થાય નાશ
બહુ કળશ ધજા રે વિરાજે, જોતાં અમરાપુરી તે લાજે
શોભે છજાં, ઝરૂખા ને માળ, સ્તંભ મણિમય ઝાકઝમાળ
ચોક બારી ને ગોખ જાળી, નીલા કાચ મૂક્યા છે ઢાળી,
ઝળકે મંડપ હેમની થાળી, પર માંહે જડિત્ર પરવાળી,
ભલાં ચૌરાં, શેરી ને પોળ, સામસામી હાટોની ઓળ
લીંપી ભીત કનકની ગાર, ચળકે કાચ તે મીનાકાર,

* * *

જોયું ધામ કામ-ઝાતકાર, દીઠો મેડીએ રાજકુમાર
અનિરૂધ્ધ સૂતો છે હિંડોળે, દાસી ચારે તે વાયુ ઢોળે
શોભે દીપક ચારે પાસ કોઈ ચરણ તળાંસે દાસ
તાંહાં બાવનાચંદન મહેકે, હિંડોળે ફૂમતડાં લહેકે :

ઓખા-અનિરૂધ્ધ ગાંધર્વલગ્ન પછી રોજ રતિક્રીડા કરે છે, નવદંપતિનો આ મેળાપ અને વર્ષાઋતુનો અદ્‌ભુત સમન્વયરૂપ છે જેમ કે,

"નેત્ર અંજન આભરણ હાર, મુખ તાંબુલનો પિચકાર
ઇંદુ માંહે ઉડુગણ જેવો, સોહે નિલવટ ચાંદલો તેવો,
શીશ રાખડી શોભા ઘણી, ચોટલો નાગની ફણી
શીશફૂલ ને સેંથે સિંદૂર, મોહ્યો તે અનિરૂધ્ધ શૂર
* *          *

બંનેની રતિક્રીડાનું પણ સુંદર નિરૂપણ થયું છે જેમ કે,

"સ્ત્રીએ મોહની મદિરા પાઈ, આલિંગન દે છે ધાઈ ધાઈ
નિર્ભે નિશ્ચે કરે છે ભોગ, તેણે નીવરતો વ્રેહનો રોગ
એક એકને ગ્રહી રાખે અન્યોન્ય અધરામૃત ચાખે,
અંગ ઉપર અંગ જ નાંખે, 'મૂકો મૂકો જી' મુખથી ભાખે."

ઓખા સગર્ભા હોવાનું જાણીને બાણાસુર પોતાના સૈન્યને લડવા મોકલે છે, મંત્રી કૌભાંડ અનિરૂધ્ધને પડકાર ફેંકે છે, ત્યારે એ પડકારને ઝીલી લઈને અનિરૂધ્ધ વળતો પડકાર કરે છે અને લડવા માટેની અધીરાઈ દર્શાવે છે ત્યારે ઓખા તેને સમજાવતાં કે વારતાં કહે છે કે,

આ શો ઉજમ વઢવા તણો? સામું નથી કામનું ધામ,
દાનવને માનવ જીતે નહીં, એ નોહે રતિ સંગ્રામ.

ત્યારે અનિરૂધ્ધ ઓખાને જણાવે છે કે, હવે આપણે પતિ-પત્ની બની જ ગયાં છીએ, બધાંને આ વાતની ખબર પડી જ ગઈ છે તો પછી ભય શાનો? કોઈ ચોરી તો કરી નથી. ચાલો બારીએ જઈને બેસીએ, અહીં તેની નીડરતા જોવા મળે છે જેમ કે,

નાથ કહે સુણ સુંદરી? વાત તો સઘળે થઇ
હવે ચોરી શાની? ચાલો આપણે બેસીએ બારીએ જઇ.
નર નાર બેઠાં બારીએ, વાત પ્રીતે કીધી રે
છજે ભજે કામકુંવર, ને ઓખા ઓછંગે લીધી રે"

યુધ્ધમાં અનિરૂધ્ધની લડવાની તત્પરતા જોઈ, ઓખા તેને તેના પિતાએ મોકલેલ સૈન્યની શક્તિની સામે અનિરૂધ્ધની શક્તિની સરખામણી કરીને તેને યુધ્ધમાં ન જવા સમજાવે છે ત્યારે અનિરૂધ્ધ વીરપુરૂષનાં લક્ષણો દર્શાવી યુધ્ધમાં જવા માટેની અધીરાઈ દર્શાવે છે કે,

"મહુવર વાગે ને મણિધર ડોલે, ના ડોલે તો સર્પને તોલે
ઘન ગાજે કેસરી દે ફાળ, ના ઊછળે તો જાણવો શિયાળ,
હાંક્યો વાઘ ન માંડે કાન, નહીં શાર્દૂલ જાણવો શ્વાન,
ક્ષત્રી નાસે દેખીને દળ, નહીં પુરૂષ જાણવો વ્યંઢળ,

અંતે ઓખાની સમજાવટને અવગણીને અનિરૂધ્ધની વીરતા જાગી ઊઠે છે અને તે મહેલના ઝરૂખામાંથી યુધ્ધ માટે દુશ્મનોની સેના વચ્ચે ઝંપલાવે છે, ત્યારનું વર્ણન પણ સુંદર છે જેમ કે,

અસુર દળમાં જઈ ખૂંપિયો, છજેથી કવિની પેરે પડિયો,
જેમ ગ્રાહ પેસે છે જળમાં તેમ અનિરૂધ્ધ પેઠો દળમાં
જેમ ચંદ્ર પેસે વાદળમાં, તેમ અનિરૂધ્ધ થયો બળમાં
ગજ જૂથમાં લઘુ કેસરી, તેમ અનિરૂધ્ધ મધ્યે અરિ"

વળી, જ્યારે બાણાસુરની સેના સાથે વીર અનિરૂધ્ધના પરાક્રમનું વર્ણન પણ નોંધનીય છે. જે યુધ્ધની ભીષણતા પ્રગટ કરે છે. જેમ કે,

બહુ દાનવનો વાળ્યો દાટ, અનિરૂધ્ધ મુકાવે વાટ,
કોને ઝીંક્યા ઝીલીને કેશ, કો'ને ઉડાડ્યા પગની ઠેશ
કોને માર્યા ભોગળને ભડાકે, કો'નાં મુખ ભાંગ્યા લપડાકે
કો અધસસ્તા ને કો પૂરા, એમ સૈન્ય કર્યું ચકચૂરા
તે તો રણ ભયાનક ભાસે, બળ દેખી ઓખા ઉલ્લાસે
મેં તો આવડું નહોતું જાણ્યું. ચિત્રલેખાએ રત્ન જ આણ્યું.

દાનવોની વિશાળ, ભયાનક સેના સામે અનિરૂધ્ધ એકલો હોવા છતાં જે વીરતાપૂર્વક યુધ્ધ કરી રહ્યો છે અને દાનવસૈન્યને હંફાવી રહ્યો છે, તે સમયનું તેનું સૌંદર્ય પણ કવિએ આ રીતે વર્ણવ્યું છે કે,

અનંત અભ્રે ઢાંકિયો, શોભતો જેમ ઈન્દ્ર
ઉપમા દઈએ ઈન્દુ તણી તો તારામાં જેમ ચંદ્ર
લઘુ કુંજરની સૂંઢ સરખા શોભીતા બે ભુજ

શરાસન સરખી ભ્રકુટિ, નેત્ર બે અંબુજ

યુધ્ધની ભીષણતા કે ભયાનકતાનું વર્ણન કરે છે તેમાં વીરરસની સાથે ક્યાંક બીભત્સ રસનું પણ નિરૂપણ થયેલું જોવા મળે છે, જે વાચકો માટે જરાક અરૂચિકર પણ લાગે. જેમ કે,

સાગર શું સંગમ હવો, શોણિતની સરિતા વહી,
અસ્થિ-ચર્મની મેદની બે પાળો બંધાઈ રહી
માતંગ-અંગ મસ્તક વિહોણાં, તે બિહામણાં વિકરાળ
કુંભસ્થળ શું કાચલાં, શીશ-કેશ શેવાળ.
નર-કર શું ભુજંગ ભાસે,! મુખકમળ શું કમળ
નેત્ર મચ્છ, ને મુગટ બગલાં નરનાભિ તે વમળ"

યુધ્ધના સમાપન પછી અખા-અનિરૂધ્ધનાં લગ્નપ્રસંગનું ઝીણવટભર્યું વર્ણન, તત્કાલીન યુગમાં લગ્નમંડપ, લગ્નવિધિ, રીતરિવાજો, કન્યાના પિતાની વરપક્ષ પ્રત્યેની સૌજન્યશીલતા અને વ્યવહારદક્ષતાનો પરિચય મળે છે, લગ્નનો પ્રસંગ પૂર્ણ થતાં કન્યાવિદાયની વેળા આવે છે. ઓખાના માતા-પિતા પુત્રવિરહથી વ્યથિત બને છે. માતા દ્વારા ઓખાને અપાતી શિખામણ પરંપરાગત ગુજરાતી નારીનો આદર્શ પૂરો પાડે છે.

આખ્યાનના અંતે પ્રેમાનંદ ગુરુને શીશ નમાવીને ફલશ્રુતિ જણાવે છે કે આ પવિત્ર આખ્યાન જે સાંભળશે તેની ઉપર શ્રીકૃષ્ણની કૃપાદષ્ટિ રહેશે.

ઓખાહરણ અતિ અનુપમ તાપ ત્રણે જાય
શ્રોતા થઈ સાંભળે તેને વૈકુંઠ પ્રાપ્તિ થાય
ગોવિંદશરણે ગ્રંથ સમર્પ્યો ગુરુને નામ્યું શીશ
ઓખાહરણ જે ભાવે સાંભળે, તેને કૃપા કરે જગદીશ.

ઓખા મુખ્ય પાત્ર છે. મનગમતા વર માટે પાર્વતીજીની પૂજા કરી ચૈત્રમાસમાં એ અલૂણાનું વ્રત કરે છે. એમાં એની ધાર્મિકની સાથે સંસ્કારિતા દેખાય છે. પતિમિલનની અધીરાઈ અને સોળે શણગાર સજેલું દેહસૌંદર્ય તેને પ્રણયઘેલી નાયિકા દર્શાવે છે. આખ્યાનનો નાયક અનિરૂધ્ધ કૃષ્ણના કુળમાં શોભે તેવો દિવ્યરૂપ, સૌંદર્યવાન રાજકુમાર, અસાધારણ બળ ધરાવતો યોધ્ધો અને રસિક પતિ રૂપે હૃદયસ્પર્શી બને છે. સખી ચિત્રલેખા ઓખાની મુશ્કેલીભરી પરિસ્થિતિઓમાં એની દિવ્યશક્તિઓથી સાહસિક કાર્યો કરીને એની નીડરતા અને અસાધરણતાનો પરિચય કરાવે છે. કથાના અન્ય ગૌણ પાત્રોમાં અતિ મહત્વાકાંક્ષી, અભિમાની, ક્રૂર અસુર, બાણાસુર ખલનાયક રૂપે, દર્શાવાયો છે પણ અંતે કન્યાવિદાય સમયે એક પિતૃહૃદયની કોમળતા પ્રગટ થાય છે. પુત્રી વત્સલ માતા રૂપે બાણાસુરની પત્ની, વફાદાર મંત્રી કૌભાંડ, મુત્સદ્દી નારદમુનિ, અને અવતારી દિવ્યપુરૂષ શ્રીકૃષ્ણ કથાના પ્રવાહને એકબીજાના અનુસંધાનમાં અદ્‌ભુત વસ્તુસંકલના કરીને આખ્યાનકલાના સુબધ્ધ રચનાવિધાનને અનુસરીને આકર્ષક તેમજ રસિક એવું જિજ્ઞાસાપ્રેરક કલાકૃતિનું સંવિધાન રચી આવ્યું છે.

પ્રેમાનંદ પોતાનાં પાત્રોની આસપાસના વાતાવરણને પણ પૌરાણિક ન રાખતાં પોતાના સમયની સામાજિકતાના રંગે રંગી દે છે, જેથી વાચકો કે શ્રોતાઓને પણ પોતાના સમય કે સમાજની કથા હોય તેવું અનુભવાય, બંધનગ્રસ્ત અનિરૂધ્ધને રસ્તા ઉપરથી સૈનિકો દ્વારા કેદખાનામાં લઈ જવાતો હોય છે ત્યારે એને જોવા ટોળે વળેલાં લોકોમાં એનાં રૂપ-વર્તનની થતી વાતોમાં તત્કાલીન સમાજના લોકસ્વભાવનું સુક્ષ્મ વર્ણન દેખાય છે જેમ કે,

ભુલવણી ભ્રકુટિ તણી જોઈ ભલી ભૂલે નાર,
કુંવારી કન્યાને કામણ કરે મોહે બાંધે કુમાર

સખી પ્રત્યે સખી કહે, દેખઈ અંગ-અવેવ

બાંધ્યો તોયે જુએ, આપણ ભણી, એવી એની શી ટેવ?

આ ઉપરાંત અંતે બંનેના લગ્નની વિધિ, ફેરા ફરવા, અખંડ સૌભાગ્યવતી કહેવું, વરકન્યાને કંસાર જમાડવો, મામેરૂં ભરવું, કન્યાવિદાય પ્રસંગે માતા દ્વારા દીકરીને અપાતી શિખામણ, કન્યાના પિતાની વરપક્ષ પ્રત્યેની સૌજન્યશીલતા જેવાં વર્ણનોમાં ગુજરાતીવણાંતું આબેહૂબ પ્રતિબિંબ જોઈ શકાય. એ વાંચતી વખતે આવણને આપણાં સમાજના કોઈ લગ્નપ્રસંગના દશ્યો સ્મૃતિપટ સમક્ષ ખડાં થઈ જાય.

આમ, પ્રેમાનંદનું ઓખાહરણ ઓખા-અનિરૂધ્ધની પ્રણયકથાની સાથે-સાથે યુધ્ધના સંઘર્ષનું પણ નિરૂપણ કરતી નોંધપાત્ર કથા બને છે. જે આજના સમયમાં પણ સ્ત્રીઓ ચૈત્ર માસમાં એનું પઠન-શ્રવણ કરે છે એટલે વર્તમાન દષ્ટિએ પણ આ એટલી જ પ્રસ્તુત રચના બની રહે છે.

0 0 0

## આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ

### ભૂમિકા – મધ્યકાલીન કથા-પરંપરા

ગુજરાતીની કથા-કથન-પરંપરા વિવિધ રૂપે વિલસી હતી. એની લાંબી સમૃદ્ધ પરંપરા રહી છે. જૈન કવિઓની ચરિત્રાત્મક કથાઓ **'રાસા'** નામે ઓળખાતી. જેમ કે ભરતેશ્વર બાહુબલિરાસ. એમાં કથાના નિમિત્તે સાંપ્રદાયિક ધર્મબોધ કેન્દ્રમાં રહેતો એ કારણે સંપ્રદાયમાં એનું ઝાઝું મહત્ત્વ રહેતું એ ખરું, પણ એમાં કથા પણ શ્રોતાઓને માટે એટલી જ રસપ્રદ રહેતી. પુરાણીઓ જે કથા કહેતા એમાં પૌરાણિક કથાઓ અને ચરિત્રોની ભવ્યતા પ્રભાવક બનતી. એના પરથી**ચરિત/ચરિત્ર** નામનું કથા-રૂપ વિકસ્યું. જેમ કે જંબુસ્વામી ચરિત્ર. ત્રીજો પ્રકાર લોકવાર્તા કે **પદ્યવાર્તા**નો.શામળની લોકવાર્તાઓમાં મનોરંજન ભરપૂર હતું પરંતુ એની કૌતુકમય સૃષ્ટિ વાસ્તવિક કરતાં વધુ રંગદર્શી રહેતી હતી.

### આખ્યાનનો વિશેષ

એટલે, જીવાતા જીવનની સમાન્તરે રહીને આનંદદાયક બની શકે એવો કાવ્યપ્રકાર તો આખ્યાન જ હતો. એક તરફ એમાં ધાર્મિક-પૌરાણિક કથાનકોની ભવ્યતા ને પ્રેરકતા હતી જે આનંદ સાથે ધર્મલાભ પણ આપતી. તો બીજી તરફ એમાં તત્કાલીન જીવનની વિવિધ ભાતો હતી – શ્રોતાઓને આખ્યાન-કથાનકોનાં પ્રસંગો-પાત્રોની રજૂઆતમાં પોતાના જીવનનું પ્રતિબિંબ પણ દેખાતું. આખ્યાનમાં પ્રસંગોની ખીલવણી થતી ને પાત્રોનાં ઘેરાં ને વિસ્તારિત ચિત્રો આલેખાતાં; વનનાં, સ્થળનાં, પાત્રોનાં રસદાયક વર્ણનો થતાં; પાત્રો વચ્ચેના સંવાદો આલેખાતા; કથનની સાથે અભિનયનું તેમજ ગાયનનું

તત્ત્વ પણ એમાં ઉમેરાતું. આખ્યાનકાર અસરકારક ને ભાવવાહી કથન કરતો; સંસ્કૃત શૈલીની ભવ્યતા ઉપસાવતાં પ્રસંગાલેખનો કરતો; ક્યારેક છટાથી પાત્રો-પ્રસંગોની તીવ્ર રેખાઓ દોરતો ને તળપદા લહેકાથી પાત્રના ભાવોને તાદૃશ કરી આપતો; કથાની વચ્ચે આવતા લાગણીના ઉદ્રેકોને પદ-ગાનથી પણ અસરકારક બનાવતો. આખ્યાનકારોમાં માણભટ્ટો પણ હતા ને એ માણ (ધાતુની ગાગર) પર તાલ દઈને કથન-ગાનમાં શ્રોતાઓને તદ્રૂપ કરતા.

આ બધાને કારણે આખ્યાન વિવિધ વય-રુચિના શ્રોતાસમુદાયને મંત્રમુગ્ધ કરનારું મધ્યકાલીન સ્વરૂપ બન્યું હતું – નાટકની જેમ એ ભિન્નરુચિના સર્વ મનુષ્યોનું તૃપ્તિભર્યું સમારાધન કરતું.

## સંસ્કૃતિનું જતન

આખ્યાનોએ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંસ્કૃતિનું જતન કરવાનું વિશિષ્ટ કાર્ય પણ બજાવેલું. પ્રજાનો મોટો વર્ગ નિરક્ષર હતો. એથી ધર્મગ્રંથો, મહાકાવ્યો આદિ દ્વારા ધર્મ-જ્ઞાનના વારસાનું જાતે આકલન કરવાનું ને એ રીતે દૃષ્ટિને સ્થિર ને વિકસિત રાખવાનું એને માટે શક્ય ન હતું. ત્યારે આખ્યાનોએ પૌરાણિક-ઐતિહાસિક ચરિત્રોનાં – નરસિંહ, ચંદ્રહાસ, રામ, સીતા, નળ ,દમયંતી, કૃષ્ણ, આદિનાં – રસપ્રદ ને સાક્ષાત્કારક આલેખનો દ્વારા ધર્મ અને જીવનના આદર્શો સામાન્ય પ્રજાજનોમાં જીવતા રાખવાની ને એ રીતે એમની ધર્મશ્રદ્ધાને તથા એમની સંસ્કારિતાને સંકોરતા જવાની અપ્રતિમ સેવા બજાવી છે. પદ-ભજનાદિ ઊર્મિકવિતાથી જેમ પ્રજાની ધર્મકેન્દ્રીતા જળવાઈ એ જ રીતે આખ્યાન આદિ કથાત્મક કવિતાથી એમનામાંનો સંસ્કૃતિ-શ્રદ્ધાનો તાર જીવંત રહ્યો, સંસ્કારિતા પોષાતી રહી અને વિધર્મી આક્રમણો વખતે પણ આંતરિક બળથી ટકી રહેવાની એક પોષક શક્તિ એમને મળતી રહી.

ધર્મશ્રદ્ધા ભલે જીવનના કેન્દ્રમાં રહેલી હોય પણ જીવાતું જીવન કદી એક-વિધ રહી શકતું નથી. પ્રજાની ઉત્સવપ્રિયતા વિવિધતાનો એક મોટો સ્રોત બનતી હોય છે – એ ઉત્સવો ધાર્મિક પણ હોય અને સામાજિક પણ હોય. જન્મ, લગ્ન, સીમંત આદિ ઉત્સવોનું રૂપ જેટલું સામાજિક એટલું જ ધાર્મિક પણ રહેતું હતું. કૃષ્ણ-જન્મ, રુક્મિણીવિવાહ, સીતાસ્વયંવર આદિ, પૌરાણિક પાત્રો સાથે સંકળાયેલા ઉત્સવોને પ્રજાએ પોતાના સામાજિક-પારિવારિક ઉત્સવો સાથે ઓતપ્રોત કરેલા છે. નરસિંહ મહેતાએ કરેલા મામેરાના 'વ્યવહાર' નરસિંહના સમયથી લઈને છેક પ્રેમાનંદના સમયમાં તે તે સમાજના રીતિ-રિવાજને પ્રતિબિંબિત કરતા રહ્યા છે. આખ્યાનકારોએ જેમ તત્કાલીન સમાજજીવનના આ રંગોનું વૈવિધ્ય ગ્રહણ કર્યું એમ જ એમના શ્રોતાસમુદાયે, આખ્યાનકારોએ ખીલવેલા આ પ્રસંગોમાંથી વળી પાછું વિશેષ પોષણ પણ મેળવ્યું હશે. સંસ્કૃતિની એ પણ એક વિશિષ્ટ ભાત છે ને આખ્યાન જેવાં સ્વરૂપોમાં ઝિલાતી ને પ્રસરતી રહે છે.

### સ્વરૂપનાં લક્ષણોનો ક્રમિક વિકાસ

આખ્યાનનું સ્વરૂપ નીપજાવવામાં એક તરફ મહાકાવ્યોની કથાઓ, પુરાણોની કથાઓ  તથા તે સમયના જૈન રાસાઓ – કથા-કથનની એક પરંપરા રચવામાં કંઈક પ્રેરક બન્યાં. પરંતુ આ બધા કરતાં આખ્યાન મધ્યકાલીન ગુજરાતીનું એક વિશિષ્ટ સ્વરૂપ પુરવાર થયું એ એના ચિત્રાત્મક વાર્તાકથનની લાક્ષણિકતાને કારણે. મહાકાવ્યોમાં પહોળે પટે થતાં કાવ્યાત્મક વર્ણનો કેન્દ્રમાં રહે, પુરાણોમાં કથાઓ અને આખ્યાયિકાઓનું વટવૃક્ષ વિસ્તારથી આકાર ધારણ કરતું હોય જ્યારે આખ્યાન કોઈ એક પ્રસંગને – ઉપાખ્યાનને – લઈને કે એક ચરિત્રને લઈને ચાલતું હોય ને એ પ્રસંગ/ચરિત્રને બહેલાવીને રસાવહ

કરવાની એની નેમ હોય. હેમચંદ્રાચાર્યે એમના **'કાવ્યાનુશાસન'** નામના ગ્રંથમાં આખ્યાન સંજ્ઞા ઉપાખ્યાન આદિના **અભિનયન્ પઠન્ ગાયન્**-માં જોયેલી એ બતાવે છે કે આવી કથા-રજૂઆતની એક પરંપરા હતી. પછીથી ગુજરાતી આખ્યાનમાં એ પરંપરા સ્વતંત્ર રીતે વિકસી.

**પદમાળાથી સંપૂર્ણ આખ્યાન તરફ**

ઊર્મિઆલેખન કરતા પદ જેવા પ્રકારોમાં પ્રસંગો ઉમેરાતાં ને સંકલિત થતાં કથાનું આછું રૂપ બંધાતું ગયું, એ આપણને સૌથી પહેલાં **નરસિંહ**માં જોવા મળ્યું. એનાં આત્મચરિતનાં પદો તથા 'સુદામાચરિત' પદમાળારૂપ આખ્યાનો તરીકે સંકલન પામતાં ગયાં. ભાલણના 'રામબાલચરિત'માં પણ વિવિધ ભાવ-પરિસ્થિતિ આલેખતાં પદો છે. પરંતુ આ વિદગ્ધ કવિ આપણો પહેલો એવો કવિ છે જેણે મોટા પ્રમાણમાં પૌરાણિક કથા-વિષયોનું આલેખન કર્યું. એની આવી રચનાઓમાં સૌ પ્રથમ કડવાબંધ (=પ્રકરણબંધ) જોવા મળે છે – કથાના પ્રસંગોની એક સાંકળ રચાય છે, ને એથી આખ્યાનને એક સુબદ્ધ કથાપ્રકાર તરીકેનો આકાર મળે છે. આ કારણે જ **ભાલણ**ને આખ્યાન-કાવ્યપ્રકારનો પિતા કહેવામાં આવે છે.

**નાકર**માં આખ્યાનનું માળખું વધારે સ્પષ્ટ બને છે. આખ્યાનના આરંભે 'મુખબંધ'ની પરંપરા હતી, નાકર કડવાને અંતે આવતા 'વલણ'થી એને ઘાટ આપે છે. પૌરાણિક કથાનકોમાં સમકાલીન જીવનરંગો ઉમેરવાનું પણ નાકરથી આરંભાય છે ને **પ્રેમાનંદ**માં એ પૂર્ણ રૂપ પામે છે.

**આખ્યાનનાં ઘટકો**

આખ્યાન એ સળંગ કથા નહીં પણ પ્રકરણ-બદ્ધ, એકબીજા સાથે જોડાલાં જતાં પ્રકરણોમાં વિભાજિત કથા-કાવ્ય-પ્રકાર છે. એ

પ્રકરણ એટલે **કડવું.** – આખ્યાનના વિવિધ પ્રસંગો એમાં પ્રકરણરૂપ પામે છે. કડવું શબ્દ સંસ્કૃત કડવક પરથી આવેલો છે.કડવું સામાન્ય રીતે ત્રણ ભાગમાં વહેંચાયેલું હોય – ૧. પ્રસંગનો આરંભ કરતી એક (કે બે) કડીઓનો પ્રસ્તાવનાદર્શી **'મુખબંધ'** (કેશવલાલ હ. ધ્રુવે એને માટે 'મ્હોડિયું' શબ્દ પણ યોજ્યો છે.) ૨. એ પછી કડવાનો મુખ્ય પ્રસંગાલેખન-અંશ. એને ઢાળ કહેવાય. કોઈ એક દેશી(રાગઢાળ)માં એ આલેખાયું હોય. ૩. કડવાને અંતે સમાપ્તિસૂચક **'વલણ'**ની એક કડી હોય, જે જુદા છંદ/દેશીમાં હોય. (વલણને ક્યારેક 'ઊથલો' પણ કહેવાય છે.) વલણના કેટલાક શબ્દો બીજા કડવાના 'મુખબંધ' માં પુનરાવર્તિત થતા હોય એવું પણ જોવા મળે. આ રીતે સાંકળ જેવી રચનાનો એક ઘાટ પણ ઊપસે છે. વિવિધ કડવાંમાં વિવિધ દેશીઓ યોજાઈ હોય, કોઈ કડવું ક્યારેક ઉદ્રેકસભર પદ રૂપે પણ આલેખાતું હોય. આખ્યાનના આરંભે – પહેલા કડવામાં – કવિ ગણપતિ, સરસ્વતી કે કોઈપણ ઈષ્ટદેવની પ્રાર્થના કરે ને કથાવસ્તુને નિર્દેશતું મંગળાચરણ કરે ને પછી શ્રોતાઓને કથાપ્રવાહમાં આગળ લઈ જાય. આખ્યાનના અંતે ધર્મલાભ માટેની ફલશ્રુતિ હોય, ક્યારેક આખ્યાન રચ્યાનાં વર્ષ-માસ-તિથિનો ને સ્થળનો નિર્દેશ હોય ને કવિનામ(કવિપરિચય)નો નિર્દેશ પણ હોય. આખ્યાનનું આ એક વ્યાપક માળખું. બધા જ કવિઓનાં બધાં જ આખ્યાનોમાં આ સર્વ અંશો ન પણ હોય.

રોજરોજ શ્રોતાસમુદાય સામે કહેવાતું, વર્ણવાતું, ગવાતું – એક રીતે કહીએ તો 'ભજવાતું' – આખ્યાન દરરોજ એક કે બે કડવાંમાં કથારસ પીરસી, પછીના દિવસની કથાનું વિસ્મયભર્યું સૂચન કરી, પ્રત્યેક દિવસે શ્રોતાના રસને જાગતો રાખીને, છેવટે કથાની રસભરી પૂર્ણાહુતિ કરે.

આખ્યાનમાં — ઉત્તમ કવિઓનાં ઉત્તમ આખ્યાનોમાં —

આજે પણ કથનકલા-નિપુણતાનો તેમજ કવિત્વનો આહ્લાદક અનુભવ થાય છે. સમય ઘણો વહી ગયો છે અને સંદર્ભ ઘણા બદલાઈ ગયા છે છતાં આજે પણ આખ્યાન કથા અને કવિતાની સંતર્પકતાના અનુભવ સુધી આપણને લઈ જઈ શકે છે એ એની સિદ્ધિ છે.

અને આવી સિદ્ધિમાં સૌથી મોટો ફાળો છે કવિ પ્રેમાનંદનો.

–શ્રે.

# આખ્યાન : ઉદ્‌ભવ અને વિકાસ, પ્રેમાનંદ પૂર્વે

## ભૂમિકા

મધ્યકાલીન સાહિત્ય એ આપણો પ્રાચીન, ભવ્ય અમૂલ્ય અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો છે.

અનેક શાંતિ-અશાંતિ તથા અસંખ્ય ઉથલપાથલોથી ભરેલું મધ્યકાલીન ગુજરાત આછા-પાતળા ધાર્મિક તાંતણાંથી જોડાયેલું હતું.

ગુજરાતી પ્રજા વિશેષ સહિષ્ણુ હોવાથી અન્ય ધર્મો સાથે અનેક મતભેદો હોવા છતાં વિધર્મીઓના આક્રમણ સમયે સૌ ધર્મસંપ્રદાયો સાથે એકમત બનીને રહી. સર્વે સંપ્રદાયના લોકોએ પોતાની ધાર્મિક મર્યાદાઓમાં રહીને સ્વધર્મ પાળ્યો.

જે સમયે પ્રજાના મનોરંજન માટે કોઈ સાધન ન હતું તેવા સમયે જૈનયુગમાં જૈનમુનિઓએ રાસ-રાસા, ફાગુ, પ્રબંધ, ચરિત્રકાવ્યો દ્વારા તો, જૈનેતર યુગમાં નરસિંહ, મીરાં, અખો, ભાલણ, પ્રમાનંદ, શામળ, દયારામ જેવા ભક્ત કવિઓએ પોતાનાં ધાર્મિક પદો, ભજનો, પ્રભાતિયાં, છાપાઓ, આખ્યાનો, પદ્યવાર્તાઓ કે ગરબીઓ દ્વારા પ્રજાજીવનની નસોમાં વહેતા ધાર્મિક સંસ્કારોને ચેતનવંતા રાખી પ્રજામાનસના ઘડતરમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

મધ્યાકાળના મોટાભાગના કવિઓએ મૂળ રામાયણ, મહાભારત અને પુરાણોમાંથી પોતાની રચનાનું કથાવસ્તુ લઈને પોતાના સમયના લોહી-માંસ પૂર્યાં કે જેથી તે સમયની પ્રજાને એ 'પોતાનું' સાહિત્ય હોય તેવો અનુભવ થયો. એમ સાહિત્યનો રસ ધર્મના બળથી જીવંત રાખી ગુજરાતી ભાષાને સાહિત્યક્ષમ બનાવી આ કવિઓએ પ્રજાનું સાંસ્કૃતિક ઘડતર કર્યું.

મધ્યકાળમાં આખ્યાન કવિતાએ લોકમનોરંજનની સાથે-સાથે સમાજજીવનના ઘડતરનું કામ કર્યું. આ આખ્યાનની વિકાસયાત્રામાં તત્કાલીન માણભટ્ટોનું પ્રદાન પણ અમૂલ્ય રહ્યું છે. તેમણે તે અંધાધૂધીભર્યા સમયમાં ભોળી અને અબુધ પ્રજાના ધાર્મિક ભાવને પોષણ આપીને તેમના ભક્તિભાવને જીવંત રાખવાનું નોંધપાત્ર કામ કર્યું હતું. જો કે, આખ્યાનસ્વરૂપનું બીજારોપણ તો નરસિંહયુગમાં થઈ ગયું હતું. પરંતુ એની સ્વરૂપગત ચુસ્તતા લગભગ

સોળમી સદીમાં સ્પષ્ટ થઈ અને સત્તરમી સદીના પ્રેમાનંદે આ સ્વરૂપને સોળે કળાએ એવું ખીલવ્યું કે એની પ્રતિભાને આજસુધી અન્ય કોઈ આખ્યાનકાર સ્પર્શી શક્યો નથી.

### આખ્યાન : નરસિંહથી નાકર

આમ તો, નરસિંહ મહેતાની 'સુદામાચરિત્ર' કૃતિમાં સૌ પ્રથમ આખ્યાન સ્વરૂપનાં બીજ જોઈ શકાય. એને સંપૂર્ણપણે આખ્યાન રૂપે ન ગણી શકાય પણ તેની નજીકની કૃતિ અવશ્ય ગણી શકાય. ત્યાર બાદ વીરસિંહ અને જનાર્દનનું 'ઉષાહરણ', કર્મણનું 'સીતાહરણ' તેમજ માંડણની 'રૂક્માંગદ કથા' જેવી કૃતિઓમાં આ સ્વરૂપ સ્થિર થતું જણાય. પરંતુ આપણા સૌ પ્રથમ આખ્યાનકાર તો ભાલણને જ કહી શકાય. એનું 'ચંડી આખ્યાન' એ આપણું પ્રથમ આખ્યાન. એણે આખ્યાનને કડવાબદ્ધ ચુસ્તતા સાથે ચોક્કસ સ્વરૂપ આપ્યું તેથી તે 'આખ્યાનનો પિતા' કહેવાયો. એણે આપણી પુરાણકથાઓને સંપૂર્ણપણે વળગી રહીને 'ચંડી આખ્યાન', 'મૃગી આખ્યાન', 'પદ્મપુરાણ', 'રામવિવાહ', 'નળાખ્યાન', ને 'દશમસ્કંધ' જેવી રચનાઓ આપી. ભાલણે પોતાનાં આખ્યાનોમાં પૌરાણિક પાત્રોનું ગૌરવ જાળવીને વિવિધ વર્ણનો દ્વારા પોતાની કાવ્યશક્તિનો પરિચય કરાવ્યો.

રામાયણ-મહાભારત ઉપરથી આખ્યાનો રચવામાં કુશળ અને પ્રેમાનંદનો સબળ પુરોગામી કવિ નાકર આખ્યાનકાર ભાલણ અને પ્રેમાનંદની વચ્ચેની મહત્ત્વની કડીરૂપ સર્જક છે. રામાયણ અને મહાભારતને સૌ પ્રથમ કડવાબદ્ધ રીતે ગુજરાતીમાં ઉતારનાર નાકરે જૈમિનીના અશ્વમેધને આધારે 'સુધન્વાખ્યાન', 'વીરવર્માનું આખ્યાન', 'ચંદ્રહાસાખ્યાન', 'લવકુશાખ્યાન', તથા 'મોર-ધ્વજાખ્યાન', જેવી પાંચ કૃતિઓ ઉપરાંત 'કર્ણઆખ્યાન', 'ઓખાહરણ', 'નળાખ્યાન', 'સગાળશા આખ્યાન', 'હરિશ્ચન્દ્રાખ્યાન' અને કેટલી લઘુકૃતિઓ પણ આપી. તે સોળમી સદીનો નોંધપાત્ર આખ્યાનકાર કહેવાયો. માનવસ્વભાવની સૂક્ષ્મતાના જાણતલ નાકરે વસ્તુસંકલના, વર્ણનકળા, સંવાદકળા, રસનિરૂપણ તેમજ અલંકાર સમૃદ્ધિમાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ભાલણના કડવાબંધને નાકરે યોગ્ય ચુસ્તતા આપી, પોતાની મૌલિક કાવ્યશક્તિનો સુંદર પરિચય કરાવ્યો છે.

નાકરના સમકાલીન કવિઓમાં જાવડે ‘મૃગીસંવાદ’માં શિવરાત્રીની કથા વણી લીધી છે, તો કવિ ચતુર્ભુજે ‘ભ્રમરગીતા રચી. કેશવદાસ કાયસ્થે સાતેક હજાર પંક્તિની ‘રાધા કૃષ્ણલીલા’ની પૌરાણિક કથા માટે ‘આખ્યાન’-શબ્દ પ્રયોજ્યો છે. પરંતુ આ સમયમાં કવિ વજિયાએ રામાયણ આધારિત ‘સીતાસંદેશ’, ‘સીતાવેલ’ તથા ‘રણજંગ’ જેવી કૃતિઓ આપીને ધ્યાન ખેંચ્યું છે. તો વજિયાના સમકાલીન માંગુ એ ‘અશ્વમેધ’ અને સુરદાસે ‘પ્રહલાદખ્યાન’, ‘ધ્રુવાખ્યાન’ ઉપરાંત ‘સગાળશાની કથા’ આપી છે.

**નાકર પછી**

નાકર પછીના ધ્યાનપાત્ર આખ્યાનકારોમાં ખંભાતનો વિષ્ણદાસ કવિ નોંધપાત્ર છે. તેણે રામાયણના છ કાંડ અને મહાભારતનાં પંદર પર્વોના સારાનુવાદ ઉપરાંત ‘ચંડીઆખ્યાન’, ‘ચંદ્રાહાસાખ્યાન’, ‘અંબરિષાખ્યાન’, ‘અનુશાલ્યનું આખ્યાન’, ‘નીલધ્વજનું આખ્યાન’, ‘રૂકમાંગદ આખ્યાન’ અને ‘કુંવરબાઈનું મોસાળું’ જેવી આડત્રીસ રચનાઓ આપી છે તેણે પોતાનાં આખ્યાનો દ્વારા તત્કાલીન જનસમાજની ધાર્મિક અને સંસ્કાર-સેવા બજાવી પરન્તુ આખ્યાનકાર તરીકે નાકરની શ્રેષ્ઠતાને સ્પર્શી ન શક્યો. પરંતુ ‘મોસાળું’ એની મહત્વની રચના બની.

કવિ મંગલ માટે વિદ્વાનો કૃતપ્રયત્ન-કવિ-આખ્યાનકાર શબ્દનો પ્રયોગ કરે છે. કવિ મેગલે ‘ધ્રુવાખ્યાન’માં ભાગવતકથાનું અનુસરણ કર્યું છે. ‘નચિકેતાખ્યાન’માં તેના જન્મથી માંડીને યમપુરી સુધીની જીવનપાત્રા સુધીનું આલેખન છે. આ સિવાય ‘જાલંધરઆખ્યાન’ અને ‘રાજા પરિક્ષિતનું આખ્યાન’ નામની બે અન્ય સામાન્ય કૃતિઓ પણ આપી છે. ત્યારબાદ ખંભાતના હરિદાસ વાળંદે ‘ધ્રુવાખ્યાન’, મહેમદાવાદના કવિ લક્ષ્મીદાસે ‘ગજેન્દ્રમોક્ષ’, ‘ચંદ્રહાસાખ્યાન’, અને ‘દશમસ્કંધ’ જેવી રચનાઓ આપી છે. પરંતુ સત્તરમી સદીમાં ખંભાતના કાશીસુત શેઘજી બંધારાને કવિ નાકરની હરોળમાં મૂકી શકાય. તેણે ‘રૂક્મિણિહરણ’, ‘વિરાટપર્વ’, ‘હનુમાનચરિત્ર’ જેવી આઠેક નોંધપાત્ર આખ્યાનરચનાઓ આપી છે. કવિ હીરાસુત કહાને ચોત્રીસ કડવાનું ‘ઓખાહરણ’ રચ્યું તો કવિ દેવીદાસ ગાંધર્વે ‘રૂકમણિહરણ’ નામની ત્રીસ કડવાની યશોદાયી અને લોકપ્રિય રચના આપી. આ જ સમયમાં ગુજરાતી

ઉપરાંત સંસ્કૃત, મરાઠી, અરબી અને ફારસી ભાષાનું જ્ઞાન ધરાવનાર કવિ ભગવાનદાસ કાયસ્થે 'શ્રીમદ્ ભગવદ્ગીતા', ભાગવતનો દશમસ્કંધ 'કુલગીતા' અને 'સુદામાચરિત્ર' જેવી રચનાઓ હિન્દીમાં આપી છે.

ગુજરાતી ભાષાને 'ગુર્જર ભાષા' એવું નામાભિધાન કરનાર પાટણનો વિશ્વનાથ જાની આખ્યાનક્ષેત્રે ભાલણ પછીનો મહત્ત્વનો સર્જક છે. નરસિંહ મહેતાના જીવનપ્રસંગ ઉપર આધારિત 'મોસાળચરિત્ર' નામની સાતસો આઠ પંક્તિની કાવ્યરચના આપનાર વિશ્વનાથ  સત્તરમા સૈકાનો સંખ્યા અને ગુણવત્તાની દૃષ્ટિએ ચડિયાતો કવિ છે. શેઠ સગાળશા અને ચેલૈયાની લોકકથાને તેણે 'સગાળચરિત્ર' નામે ૨૩ કડવામાં ભાવસભર ગૂંથી છે. તેની ચાલીસ પદોની 'ચતુરચાલીશી' શૃંગારસભર મધુર રચના છે. ભાગવતના દશમસ્કંધ આધારિત 'પ્રેમપચીશી' તથા 'ઉધ્ધવસંદેશ' એની નિર્ગુણ-નિરાકાર ભક્તિ કરતાં સાકાર પ્રેમલક્ષણા ભક્તિની મહત્તા દર્શાવતી લાક્ષણિક રચનાઓ છે.

મધ્યકાળનો 'આખ્યાનશિરોમીણ' રૂપે ઓળખાતો કવિ પ્રેમાનંદ તેના સર્જનની ગુણવત્તા અને સંખ્યાની દૃષ્ટિએ અતિ મહત્વનો સર્જક ગણી શકાય. તેણે 'ચંદ્રહાસાખ્યાન','ઓખાહરણ', 'હુંડી', 'અભિમન્યુઆખ્યાન', 'સુદામાચરિત્ર', 'મામેરૂં', 'શ્રાદ્ધ', 'નળાખ્યાન', 'રણયજ્ઞ', 'સુધન્વાખ્યાન', 'દશમસ્કંધ', 'દાણલીલા', 'બાળલીલા', 'શામળશાનો વિવાહ', 'ભ્રમરપચીશી', 'રૂકમણિહરણ', અને 'મદાલસાખ્યાન' જેવી અનેક આખ્યાન રચનાઓ આપી છે. પાત્રનિરૂપણમાં અજોડ એવા પ્રેમાનંદની કથનકળા અદ્વિતીય અને કાવ્યત્વપૂર્ણ હતી. માનવજીવન, જનસ્વભાવ અને લોકરૂચિનો સૂક્ષ્મ જાણકાર એવો પ્રેમાનંદ વર્ણનકલા અને રસનિરૂપણમાં પણ અત્યંત કુશળ હતો. એ દૃષ્ટિએ મધ્યકાળનું ગુજરાતી ભાષા સાહિત્ય એનાં આખ્યાનો વડે ચોક્કસ સમૃધ્ધ અને ધન્ય બન્યું છે. અને તેથી પ્રેમાનંદ આપણો સૌથી વધુ ગુજરાતી, લોકપ્રિય આખ્યાનકાર અને કવિશિરોમણિ હતો. એમાં કોઈ શંકાને સ્થાન નથી.

**– હૃષીકેશ રાવલ**

ooo

## પ્રેમાનંદ : સમય, જીવન અને સર્જન

### ૧. સમય

મધ્યકાળના કવિઓએ પોતાના જીવન વિશે ભાગ્યે જ કશું કહ્યું હોવાથી એ કવિ ક્યારે થઈ ગયા એ નક્કી કરવાનું બહુ મુશ્કેલ – ક્યારેક તો અશક્ય – બની જાય છે. જો કે એક એવી પરંપરા હતી કે કવિ કાવ્યના અંતની કડીમાં પોતાનું નામ ગૂંથતો (એને નામાચરણની પંક્તિ કહેવાય) ને આખ્યાન-રાસ-પ્રબંધ જેવી લાંબી કૃતિઓને અંતે કાવ્ય લખ્યાનાં સ્થળ ને સમયની તેમજ ક્યારેક પોતાના પરિચયની થોડીક વિગતો પણ મુકાતી. બધી કૃતિઓને અંતે આવા નિર્દેશો ન પણ થતા. પણ આવા નિર્દેશો થયેલા હોય તે આજે કવિનો સમય નક્કી કરવામાં આપણને ખૂબ જ મદદરૂપ નીવડે છે.

પ્રેમાનંદની કેટલીક કૃતિઓને અંતે રચનાવર્ષના ઉલ્લેખો છે. જેમકે ‘મદાલસા-આખ્યાન’ ઈ.૧૬૭૨, ‘નળાખ્યાન’ ઈ.૧૬૮૬, વગેરે. એની પહેલી કૃતિ ‘ઓખાહરણ’ સંભવતઃ ૧૬૬૭માં અને ‘રણયજ્ઞ’ સંભવતઃ ૧૬૯૦માં રચાયેલી કૃતિઓ છે. ‘ઓખાહરણ’ પૂર્વે ૭-૮ વર્ષે એનું કાવ્યસર્જન આરંભાયું હોય ને ‘રણયજ્ઞ’ પછી ‘દશમસ્કંધ’ વગેરે કૃતિઓની રચનાનાં દસેક વર્ષ ગણીએ તો પ્રેમાનંદનો કાવ્યસર્જન સમય-કવનકાળ-ઈ. ૧૬૬૦ થી ઈ. ૧૭૦૦ આસપાસનો અનુમાની શકાય. પ્રેમાનંદે વીસેક વર્ષની વયે કાવ્યસર્જન આરંભ્યું હોય એમ ગણીએ તો પ્રેમાનંદનો જીવનકાળ ઈ. ૧૬૪૦ થી ઈ. ૧૭૦૦ સુધીનો – સત્તરમી સદીના ઉત્તરાર્ધનો – ગણાવી શકાય.

### ૨. જીવનસંદર્ભ અને કૃતિઓ

જે કૃતિઓને નિશ્ચિતપણે પ્રેમાનંદની જ ગણી શકાય એમ છે એ કૃતિઓમાંના ઉલ્લેખોને આધારે એટલું તારવી શકાય છે કે – પ્રેમાનંદ

વડોદરાનો વતની હતો. ('વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ'); એના પિતાનું નામ કૃષ્ણરામ હતું ને એ મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિનો હતો. 'ઉદરનિમિત્તે સેવ્યું સૂરત ને ગામ નંદરબાર' એવી એની પંક્તિને આધારે કહી શકાય કે જીવનનિર્વાહ માટે ('ઉદરનિમિત્તે') એણે આખ્યાનકારનો વ્યવસાય સ્વીકારેલો ને વડોદરાથી સુરત ને છેક ખાનદેશના નંદરબાર સુધી અનેક ગામોમાં ફરીને એણે આખ્યાન-કથન-ગાન કર્યું હતું. નંદરબારના એક પ્રતિષ્ઠિત આગેવાન શંકરદાસ દેસાઈનો એને આશ્રય મળ્યો હતો. એ રામભક્ત અને કૃષ્ણભક્ત હતો. છેલ્લે 'દશમસ્કંધ'ની રચના ને એનું કથન-ગાન એણે વ્યવાસાય માટે નહીં પણ અંગત ભક્તિ-ભાવ માટે કરેલાં. એ કાવ્યમાં એક પંક્તિ છેઃ 'રામચરણ-કમળ-મકરંદ, લેવા ઇચ્છે પ્રેમાનંદ.'

કવિ નર્મદે જાતે તપાસ કરીને કેટલીક માહિતી મેળવેલી એ મુજબ પ્રેમાનંદના દાદાનું નામ જયદેવ હતું; માતા-પિતાના અવસાન પછી એ માસીને ત્યાં ઊછરેલો અને આખ્યાનકાર - માણભટ્ટ તરીકે એણે સારું એવું દ્રવ્ય એકઠું કરેલું, કેમ કે કવિ નર્મદના સમયમાં એના વારસો પ્રેમાનંદે બંધાવેલા ઘરમાં રહેતા. એ સમયે એ ઘરની કિંમત ૧૦,૦૦૦રૂ. જેટલી હતી એવું નર્મદે નોધ્યું છે.

પરંતુ પ્રાચીન ભક્તો - કવિઓ વિશે અનેક દંતકથાઓ પણ પ્રચલિત હોય છે એવી પ્રેમાનંદ વિશે પણ હતી : પ્રેમાનંદ જડબુદ્ધિ હતો પણ કોઈ મહાત્મા ગુરુની કૃપાથી એને કવિત્વશક્તિ મળી હતી. (કાલિદાસ વિશેની આ પ્રકારની દંતકથા પણ સૌને યાદ હશે જ!) વળી, પુરાણીઓ સામે સ્પર્ધા કરવા એણે સંસ્કૃતમાં પુરાણો વાંચવાનું છોડીને ગુજરાતીમાં આખ્યાન-કથા કરવાનું શરૂ કરેલું.

આવી દંતકથાઓ ઉપરાંત અર્વાચીન કાળમાં (ઈ. ૧૮૮૪થી) હરગોવિંદદાસ કાંટાવાળાના સંપાદનમાં વડોદરાથી પ્રગટ થવા માંડેલાં 'પ્રાચીન કાવ્યત્રૈમાસિક' તથા 'પ્રાચીન કાવ્યમાળા'માં, વડોદરાના ને

ગુજરાતના કવિ પ્રેમાનંદનું ગૌરવ અનેકગણું વધારી દેવા માટે, કેટલીક કૃતિઓ એને નામે છાપીને પ્રકાશિત કરવામાં આવી. એટલું જ નહીં, કોઈ 'પ્રેમાનંદસુત વલ્લભ'ને નામે પણ કેટલીક કૃતિઓ પ્રકાશિત કરવામાં આવી. આ બનાવટી કૃતિઓમાં પ્રેમાનંદના જીવન વિશેની કેટલીક ઉપજાવી કાઢેલી વિગતો મળે છે એ ટૂંકમાં મૂકીએ તો –(૧) પ્રેમાનંદ હિંદીમાં રચનાઓ કરતો. એને કોઈ ગુરુએ કહ્યું કે તું 'ઉંબર મૂકીને ડુંગરને' કેમ પૂજે છે? ત્યારથી એણે ગુજરાતીમાં લખવા માંડ્યું ને ગુજરાતી ભાષાનું ગૌરવ સ્થાપિત ન થાય ત્યાં સુધી પાઘડી ન પહેરવાની પ્રતિજ્ઞા લીધી. (૨) પ્રેમાનંદનું બહોળું શિષ્યમંડળ હતું ને એમાં સ્રીઓ પણ હતી. એ શિષ્યોને એણે ગુજરાતી રચનઓ કરવાનું કહી અન્ય ભાષાઓ કરતાં ગુજરાતીની કવિતા ચડિયાતી બનાવવા સંકલ્પ કરેલો. (૩) પ્રેમાનંદને તથા (પ્રેમાનંદસુત ગણાવાયેલા) વલ્લભને શામળ સાથે ઝઘડો થયેલો એના ઉલ્લેખો પણ, પ્રેમાનંદ તેમજ વલ્લભને નામે થયેલી એ બનાવટી રચનાઓમાં આવે છે.

આખ્યાનો જ નહીં, નાટકો પણ પ્રેમાનંદને નામે છપાવીને ચડાવી દેવામાં આવ્યાં હતાં. ને એમ પ્રેમાનંદને નામે ૪૫ થી ૫૦ કૃતિઓ પ્રગટ થયેલી છે. પરંતુ હવે સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે આમાંની ઘણી આખ્યાનકૃતિઓ (ને બધાં જ નાટકો) કોઈ અર્વાચીન વિદ્વાનોએ પોતે લખીને પ્રેમાનંદને નામે ચડાવી દીધેલાં! એમાં સૌથી વધુ શંકા ગયેલી છોટાલાલ ભટ્ટ નામના વિદ્વાન(!) વિશે. વિચક્ષણ વિદ્વાન નરસિંહરાવ દીવટિયાને સૌ પ્રથમ, આ કૃતિઓની ભાષા-શૈલી વિશે શંકા થયેલી ને એમણે 'પ્રાચીન કાવ્યત્રૈમાસિક' અને 'પ્રાચીન કાવ્યમાળા'ના સંપાદકો પાસે મૂળ હસ્તપ્રતો માગેલી પણ એ આપી શકેલા નહીં. એ પછી કેશવલાલ ધ્રુવે પણ ઘણી કૃતિઓની પ્રમાણભૂતતા વિશે શંકા ઉઠાવેલી. બીજી કેટલીક કૃતિઓમાં ભેળસેળ

પણ થઈ છે એટલે કે એમાં કેટલાક અંશો (જેમકે માર્કંડેય પુરાણમાં મદાલસા આખ્યાન) પ્રેમાનંદની રચના હોય ને બાકીનું એને નામે ચડાવી દેવામાં આવ્યું હોય.

પરિણામે વિદ્વાન સંશોધકોએ સતત શુદ્ધ ને પ્રમાણભૂત (વિશ્વાસપાત્ર) કૃતિઓ શોધવા મથવું પડ્યું છે. ડૉ. પ્રસન્ન વકીલે 'પ્રેમાનંદની શંકાસ્પદ કૃતિઓ' વિશે ઉત્તમ સંશોધનગ્રંથ પ્રકાશિત કરેલો છે. એ પછી પણ કેટલીક વિગતો પ્રકાશમાં આવતી રહી છે. પ્રેમાનંદને નામે બતાવવામાં આવેલી કેટલીક કૃતિઓની હસ્તપ્રતો મળી છે પણ એ કૃતિઓ અન્ય પ્રાચીન કવિની રચનાઓ સાબિત થઈ છે.

એટલે, જેને પ્રેમાનંદની જ કહી શકાય એવી ખાતરીપૂર્વકની, પ્રમાણભૂત કૃતિઓ આ મુજબ તારવી શકાય એમ છે : ઓખાહરણ (૧૬૭૧), અભિમન્યુ આખ્યાન (૧૬૭૧), ચંદ્રહાસ આખ્યાન (૧૬૭૧), મદાલસા આખ્યાન (૧૬૭૨), હૂંડી (૧૬૭૭), શ્રાદ્ધ (૧૬૮૧), સુદામાચરિત (૧૬૮૨), મામેરું (૧૬૮૩), સુધન્વા આખ્યાન (૧૬૮૩), રુક્મણીહરણનો શલોકો (૧૬૮૪), નળાખ્યાન (૧૬૮૬), રણયજ્ઞ (૧૬૯૦), એ ઉપરાંત, રચનાવર્ષ ન દર્શાવતાં, દશમસ્કંધ, શામળશાનો વિવાહ, રુક્મણીહરણ, વામન કથા, દાણલીલા, ભ્રમર પચીસી, પાંડવોની ભાંજગડ તેમજ સ્વર્ગની નિસરણી, ફૂવડનો ફજેતો, વિવેક વણઝારો (રૂપક કાવ્ય), વિષ્ણુસહસ્રનામ, બાળલીલા-વ્રજવેલ, મહિના. આ કૃતિઓમાં પણ ક્યાંક, છપાતી વખતે, ઉમેરણ - ફેરફારો થયા હોવાનો સંભવ છે. તેમ છતાં આ કૃતિઓ પ્રેમાનંદની હોવા વિશે એકમતી પ્રવર્તે છે. –શ્રે.

# પ્રેમાનંદની સર્જકપ્રતિભા

આખાયે મધ્યકાળમાં પ્રેમાનંદ સૌથી મોટો પ્રતિભાવાન આખ્યાનકાર છે. એની પહેલાંની કે એના પછીની આખ્યાન કવિતાએ આટલું ઊંચું શિખર બતાવ્યું નથી. એટલું જ નહીં, અન્ય આખ્યાન-કવિતા-શિખરો કરતાં એ ઘણું વધારે ઊંચું છે. કેમકે કથન-કળામાં તેમજ કાવ્ય-કળામાં પ્રેમાનંદની પ્રતિભા વધારે તેજસ્વી છે ને સમયથી આટલે દૂર આપણા સુધી પણ એની આભા ફેલાયેલી છે – આજના ભાવકની રુચિને પણ પ્રેમાનંદનાં આખ્યાનો સંતોષી શકે છે, બલકે ક્યારેક તો સંતર્પી પણ શકે છે.

પ્રેમાનંદની આ સર્જકશક્તિના કેટલાક વિશેષો જોઈએઃ

૧ પરંપરામાં સર્જકતાનો સંચાર

પરંપરાનો પ્રત્યક્ષ-પરોક્ષ પ્રભાવ ઝીલવો એ આરંભે કવિમાત્ર માટે સહજ હોય છે ને મધ્યકાળમાં તો પરંપરાનો પ્રત્યક્ષ-સીધો જ - લાભ ઉઠાવવો એનો પણ કશો છોછ ન હતો. પ્રેમાનંદે આપણી પૌરાણિક કથાસાહિત્યની લાંબી અને સમૃદ્ધ પરંપરાનો પૂરો લાભ લીધો છે. સંસ્કૃત કવિતાના સીધા કે અનુશ્રુત (સાંભળેલા) સંસ્કારો પણ એની કવિતા પર જોઈ શકાય છે. એના પુરોગામી ગુજરાતી આખ્યાનકારો ભાલણ, નાકર, વિષ્ણુદાસ વગેરેનાં આખ્યાનોના પ્રસંગ-અંશો ને ક્યાંય કાવ્ય-અલંકારણો પણ એણે અંગીકાર કરેલાં છે. – કાચી સામગ્રી તરીકે એણે ઘણું સ્વીકાર્યું છે તો ક્યાંક, નાકર જેવા એની પહેલાં થઈ ગયેલા કવિમાંથી તો, એણે ‘પાકો માલ’ – સીધી પંક્તિઓની પંક્તિઓ રૂપે – પણ લીધો છે.*(આ નિરીક્ષણ ડૉ. ચિમનલાલ ત્રિવેદીએ વએમના શોધગ્રંથ ‘નાકર : એક અધ્યયન’માં કરેલું છે.) પૌરાણિક કથાનકોમાં મધ્યકાળના કવિઓએ જે પોતીકા

ઉમેરા કરેલા છે એ પણ પ્રેમાનંદે એનાં આખ્યાનોમાં સામગ્રી લેખે ઉપાડી લીધેલા છે જેમકે એના 'નળાખ્યાન' માંના ખૂબ જાણીતા ઉમેરા –મત્સ્યસંજીવની અને હારચોરીના પ્રસંગો – સૌ પહેલાં નાકરમાં દેખાય છે ને પ્રેમાનંદે એ ત્યાંથી લીધેલા છે. જો કે પ્રેમાનંદે નમ્રતાથી પોતાના પુરોગામી આખ્યાનકારોની કવિતાનું આ ઋણ સ્વીકારેલું છે.

પૂર્વે જે જે કવિજન-વૈષ્ણવે કીધાં ચરિત્ર અપાર જી
તે સઘળાંનો જોડ કરીને બાંધું શુભ આખ્યાન જી
('હારમાળા')

પરંતુ પ્રેમાનંદે એની સર્જકશક્તિથી આ પરંપરામાં પ્રાણ પૂર્યો છે – પ્રસંગની કથાકૌશલ વાળી ખીલવણીમાં, ચરિત્રોની બાહ્ય અને આંતરિક રેખાઓને નવાં રૂપો અને પરિમાણો આપવામાં, એને સમકાલીન જીવન-પ્રવાહનો સંસ્પર્શ આપવામાં ને કવિતાની સૂક્ષ્મ પણ તેજસ્વી લકીર ખેંચવામાં પ્રેમાનંદે પોતાની આગવી શક્તિનો પ્રભાવક પરિચય આપેલો છે. નમૂના લેખે એક જ દૃષ્ટાન્ત લઈએ તો – 'ચંદ્રાહાસ-આખ્યાન'માં, ચંદ્રહાસને 'વિષ દેજો'નું 'વિષયા દેજો' કરવાનો જાણીતો પ્રસંગ છે. વિષયા એ પત્રમાં 'યા' કેવી રીતે ઉમેરે છે? 'જૈમિનીય અશ્વમેધ'માં, આંબાના ઝાડનો રસ લઈ વિષયા નખથી એ અક્ષર ઉમેરે છે, એમ છે; નાકરમાં, દેવદારના વૃક્ષનું દૂધ કાઢીને એમાં 'કાજલ કિંચિત્ નેત્રનું ઉમેરી, અક્ષર કીધું શુદ્ધ' એવું આલેખન છે. આ કાજળવાળો વિચાર પ્રેમાનંદે નાકરમાંથી લીધો છે, પણ એનું આલેખન જુઓઃ

'એક નેત્રનું કાજળ કાઢ્યું, બીજા નેત્રનું નીર;
તરણા વતે લખ્યું તારુણીએ ધરી હૃદયા મધ્યે ધીર'
('ચંદ્રહાસાખ્યાન', કડવું ૧૫,કડી ૨૫)

પ્રેમાનંદે વિગતોનો, નાયિકાના સૂક્ષ્મ મનોભાવોને ઉપસાવવામાં ઉપયોગ

કર્યો છેઃ પત્રમાં 'વિષ દેજો' વાંચીને, પ્રેમોત્સુક વિષયા ઘડીભર ધ્રૂજી ગઈ હશે ને એની આંખો ભીની થઈ હશે. પણ પછી પરિસ્થિતિ સંભાળી લઈને ('ધરી હૃદયા મધ્યે ધીર') કુશળતાથી એક નેત્રનું કાજળ તરણા પર લઈને બીજા નેત્રનું, આવીને જાણે કે ઠરી ગયેલું આંસુ ('નીર') ભેળવીને એણે લખ્યું હશે... આમાં, આ દૃશ્ય-વર્ણનની પડછે, એના ત્વરિત બદલાતા સંચારી મનોભાવો પણ આપણે જોઈ શકીએ છીએ. પ્રેમાનંદની કવિકલ્પનાનો એ વિશેષ છે. આખી કડીનો લય પણ, વિગતને અંતર્ગત રાખીને, સંવેદનના મરોડને સાક્ષાત્ કરી આપે છે.

પરંપરાને પ્રેમાનંદે સમકાલીન જીવન-પ્રવાહમાં ઓતપ્રોત કરીને પણ વધુ વિકાસશીલ-ગતિશીલ કરી, વધુ જીવંત પણ કરી એ એની સર્જકશક્તિનો વિશેષ – કહો કે વિલક્ષણ વિશેષ છે. આ માટે, એના સૌ અભ્યાસીઓની થોડીક ટીકા ને ઝાઝી પ્રશંસા પ્રેમાનંદ પામ્યો છે. ન્હાનાલાલે પ્રેમાનંદને 'સૌથી વધારે ગુજરાતી કવિ' કહ્યો એમાં સૌ વિવેચકોનો જાણે પ્રતિનિધિ સૂર છે.

**૨. ઉત્તમ કથન-કળાકર**

પ્રસંગ ગમે હોય – શોકનો કે મિલન-વિરહનો; હાસ્ય-મજાકનો કે ગંભીર ચિંતાનો; સ્વયંવરનો કે ડરામણા વનમાં એકલી તરછોડાયેલી યુવતીનો; લગ્નનો, સીમંતનો કે પુત્રજન્મનો – પ્રેમાનંદ એને બહેલાવીને, રંગીને રજૂ કરી શકે છે, સતત એ રસપ્રદ બની રહે એ રીતે. વર્ણન-આલેખન-વાક્છટા પર એની એવી પકડ હોય છે કે કોઈપણ કથા-અંશને વિસ્તારીને પણ એ એને વેગીલો, પ્રવાહી રાખી શકે છે ને પ્રસંગના હાર્દને એ એવી રીતે પ્રગટ કરે છે કે એના શ્રોતાને (હવે વાચકને) એ એક ક્ષણ પણ તન્મયતામાંથી બહાર આવવા દેતો નથી. આ શક્તિ નાટ્યકારની શક્તિ છે – જયંત કોઠારીએ કહ્યું છે

એમ 'પ્રસંગની નિગૂઢ નાટ્યાત્મકતા છતી કરવાની અજબ આવડત' પ્રેમાનંદમાં છે. 'કુંવરબાઈનું મામેરું'માં નાગરો દ્વારા થતી નરસિંહની અમાનવીય મજાક ને પછી દામોદર દોશી રૂપે ભગવાને કરેલા ભવ્ય મામેરામાં એ જ નાગરોની થતી વળતી ક્રૂર મજાકના પ્રસંગો; 'સુદામચરિત્ર'માં, કૃષ્ણને મળીને પાછા ફરતાં, પોતાના ઘરને બદલે મહેલ જોતાં ભ્રમિત થતા, અકળાતા- મૂંઝાતા સુદામાનો પ્રસંગ; 'ચંદ્રાહાસ-આખ્યાન'માં, બાગમાં સૂતેલા ચંદ્રહાસનના દર્શનથી લઈને એના પત્રમાં 'વિષ'નું 'વિષયા' કરતી વિષયાવાળો પ્રસંગ; 'નળાખ્યાન'માં સ્વયંવરમાં આવેલા રાજાઓની હાસ્યાસ્પદ લોલુપતા આલેખતો પ્રસંગ – એવા અનેક પ્રસંગોમાં પ્રેમાનંદની કથનકલા-શક્તિનો, ન ભુલાય એવો, આહ્‌લાદક અનુભવ થાય છે. અલબત્ત પ્રસંગને બહેલાવવામાં, એના સમયમાં જે કંઈ રસપ્રદ ને મનોરંજક બન્યું હશે એ બધું આજે એવું રસાવહ નથી પણ લાગતું – ક્યાંક એમાં અનૌચિત્યના, પ્રેમાનંદની ટૂંકી પડતી કલ્પનાના, અપ્રતીતિકરતાના ને ક્વચિત ગ્રામીણતાના અંશો પણ આપણને જણાવાના. તે સમયની ને કવિની આટલી મર્યાદા સ્વીકારી લઈએ તો મોટાભાગના પ્રસંગાલેખનમાં પ્રેમાનંદનું કથન-કૌશલ સાચે જ આહ્‌લાદક છે.

**૩. માનવ-ભાવોનું ઝીણવટભર્યું આલેખન**

પ્રેમાનંદનાં આખ્યાનો, વ્યાપક રીતે જોઈએ તો જેટલાં પ્રસંગકેન્દ્રી લાગે એટલાં પાત્રકેન્દ્રી કદાચ ન પણ લાગે તેમ છતાં કુંવરબાઈ, નરસિંહ, સુદામા, દમયંતી આદિ હૃદયસ્પર્શી પાત્રો એણે આલેખ્યાં છે ને એનાં જાતિચિત્રો જેવાં ગૌણ પાત્રો – કુંવરબાઈની વડસાસુ, 'ઓખાહરણ'ની ચિત્રલેખા, 'રણયજ્ઞ'ની મંદોદરી, 'મામેરું'ના દામોદર દોશી કે નાગરો – પણ કેટલીક આકર્ષક રેખાઓ ઉપસાવે છે. પણ પ્રેમાનંદનું કૌશલ તો પરિસ્થિતિ-અંતર્ગત થતું પાત્ર-ભાવનું એટલે કે માનવભાવનું સૂક્ષ્મ ને અસરકારક આલેખન કરવામાં સૌથી વધારે પ્રગટ થાય છે. માનવમનની અવઢવ કે દ્વિધાના ભાવને જ લઈએ તો

પણ પ્રેમાનંદમાં કેવાં ઝીણાં આલેખનો મળવાનાં! પિતાને મળવા જતી કુંવરબાઈની દ્વિધાગ્રસ્ત વેદના; અ-યાચક સુદામાની અવઢવભરી અકળામણ; વનમાં દમયંતીને ગુસ્સાથી એકલી છોડીને જતા નળમાં, દમયંતી પ્રત્યેના સ્નેહ-કર્તવ્યભાવથી થોડીકવાર જાગતી દ્વિધા વગેરે. પ્રેમાનંદે પૌરાણિક પાત્રોની આવી ભાવ-સ્થિતિઓ પોતાના સમયના જનસમુદાયના ભાવોની સમાન્તરે લાવીને આલેખી છે એમાં માનવ-સ્વભાવની અનેક લાક્ષણિકતાઓ એની ચકોર આંખે પકડી છે. ઓખા અને દમયંતીની લગ્ન-ઉત્સુકતા; કૃષ્ણ-સુદામાનો મૈત્રીભાવ; નણંદ-સાસુ-વડસાસુની અને સૌ નાગરોની પરપીડકવૃત્તિ અને એવા બીજા અનેક માનવભાવો – ઈર્ષ્યાના અને વેદનાના, લોભના અને ભયના; સ્નેહના અને શોકના ક્યારેક વિગતે તો ક્યારેક કોઈ એક પંક્તિના લસરકાથી એણે આલેખી આપ્યા છે. પોતાના સમયના શ્રોતાસમૂહને પ્રસંગ-પાત્ર-પરિસ્થિતિમાં તન્મય કરવાના કથાકાર-ચાતુર્યને લીધે (અને નગીનદાસ પારેખે યોગ્ય રીતે બતાવ્યું છે એમ પૌરાણિક પાત્ર-માનસને ચક્ષુપ્રત્યક્ષ કરવાની એની કલ્પનાની અશક્તિને કારણે પણ) માનવ-ભાવ-આલેખન ક્યારેક અતિ સામાન્યતામાં સરી પડતું. પૌરાણિક પાત્ર-પ્રતિમાને ખંડિત કરનારું બન્યું છે એ પ્રેમાનંદની મર્યાદા પણ બને છે પરંતુ આવી વિપરિતતા અનુભવાતી ન હોય એવાં અનેક સ્થાનોમાં માનવભાવોની કોઠાસૂઝ તથા એને તાદૃશ્યતાથી, પ્રત્યક્ષીકરણથી રજૂ કરવાની એની અભિવ્યક્તિ-કુશળતા મધ્યકાળમાં તો અપ્રતિમ ગણાય એવી છે.

### ૪. કવિશક્તિ: રસનિરૂપણ

જેમ કથન-કળા પ્રેમાનંદનો આગવો વિશેષ છે એમ એનું કવિત્વ પણ એટલું જ આકર્ષક છે. એના સમયના અનેક પ્રચલિત રાગ-ઢાળોને એણે પૂરા પ્રભુત્વથી યોજ્યા છે. અને એમાં પદ્યકારની

સફાઈ અને લયસૂઝ ખૂબ ધ્યાનપાત્ર છે. પ્રકૃતિનાં, માનવસૌંદર્યનાં ને પ્રસંગોનાં વર્ણનોમાં, પ્રચલિત રૂઢતામાં એ કંઈક તણાયો હોવા છતાં એની આગવી રેખાઓ પણ ઊપસે છે એમાં એની કવિ-શક્તિનો ફાળો ઘણો મોટો છે. અલંકારોમાં એની વાગ્મિતા દેખાય છે તો એ સાથે જ પ્રસંગ-પાત્ર પ્રત્યક્ષ કરી આપતી ને ભાવના ઝીણા મરોડોને ઉપસાવી આપતી કવિ-કલ્પનાનું પ્રવર્તન પણ એમાં દેખાય છે.

કથાકેન્દ્રી કાવ્યોમાં રસનું નિરૂપણ મહત્ત્વનું ને કવિની શક્તિ કેટલી છે એનો હિસાબ આપનારું બનતું હોય છે. પ્રેમાનંદની રસનિરૂપણ શક્તિની બાબતમાં નવલરામની અત્યંત પ્રચલિત ઉક્તિ આજે પણ સ્વીકાર્ય લાગે છે, કે ‘રસની બાબતમાં  કોઈપણ ગુજરાતી કવિ એના પેંગડામાં પણ ઘાલે એવો નથી’  પ્રેમાનંદના રસસંક્રાન્તિ-કૌશલની એમની વાત પણ એટલી જ સાચી છે. ‘મામેરું’ અને ‘નળાખ્યાન’નો કરુણ રસ; ‘મામેરું’ અને ‘સુદામાચરિત’નો ભક્તિરસ; ‘ઓખાહરણ’, ‘નળાખ્યાન’માંનો શૃંગારરસ અને મુખ્યત્વે ‘મામેરું’, ‘નળાખ્યાન’ માંનો ને બીજાં ઘણાં આખ્યાનોમાંનો એનો હાસ્યરસ ખૂબ અહ્‌લાદક બલકે સ્મરણીય બનેલા છે. એક રસમાંથી બીજા રસમાં સહજ ગતિએ સરવાનું એનું કૌશલ તેમજ એક સાથે બે રસોનો યુગપત્  અનુભવ કરાવવાનું (જેમકે-‘મામેરું’માં પહેરામણીની યાદી વખતે નાગરોના હાસ્ય ને કુંવરબાઈના કરુણમાં) પ્રેમાનંદની શક્તિઓ પ્રફુલ્લ બની રહી છે.

ભક્તિ, વાત્સલ્ય, બીભત્સ, વીર, ભયાનક, અદ્‌ભુત એવા રસો પણ પ્રેમાનંદે પ્રયોજ્યા છે પણ એનામાં મુખ્યત્વે કરુણ, હાસ્ય અને શૃંગારનું પ્રમાણ અને શક્તિ વધારે રહ્યાં છે; ઓખા, દમયંતી,

નળ, વિષયાના શૃંગારભાવોનાં કેટલાંક માર્મિક આલેખનોમાં એનો શૃંગાર સૂક્ષ્મસ્તરે ઊતર્યો છે પણ મહદ્દંશે એ રૂપવર્ણનોની પ્રચલિત કક્ષાએ રહે છે; એના કરુણ વધુ પ્રભાવક છેઃ કુંવરબાઈનો અને દમયંતીનો કરુણરસ એનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. શ્રોતા(વાચકો)ને આર્દ્ર બનાવનારી, એમને તદ્રૂપ કરનારી શક્તિ એમાં પ્રેમાનંદે દાખવી છે. અલબત્ત, નાટકી કરુણ સુધી પણ એ વારંવાર સરે છે એમાં એ સમયના કથા-કાર તરીકેની એની વિલક્ષણતા કારણભૂત છે. એની કલ્પનાશક્તિનું સ્તર પણ એ માટે જવાબદાર છે.

હાસ્ય પ્રેમાનંદને વિશેષ ફાવતો રસ છે. સ્થૂળ હાસ્યમાં પણ એ ઘણીવાર ખેંચતો – ને પોતે ખેંચાતો હોય છે એમાં, ઉપર ગણાવી તે વિલક્ષણતા કારણરૂપ છે. છતાં માર્મિકતા ને સૂક્ષ્મતા પણ એના હાસ્યની મહત્ત્વની શક્તિઓ છે. કથાપ્રસંગો ને પરિસ્થિતિઓમાં એની નજર હાસ્યને ઝટ શોધી કાઢે છે –ક્યારેક તો મૂળ પ્રસંગમાં આછો નિર્દેશ હોય ત્યાં, ને નવી પરિસ્થિતિ યોજીને પણ એ હાસ્યને માટે જગા કરે છે ને એને ઉત્તમ રીતે બહેલાવે છે. દમયંતીને વરવા તૈયાર થયેલા અનેક રાજાઓનું આલેખન – અને અલબત્ત, દેવોની દુર્દશાનું આલેખન – એનું મહત્ત્વનું ઉદાહરણ છે.

મધ્યકાલીન આખ્યાન, માણભટ્ટોના વ્યવસાય તરીકેની એક પ્રવૃત્તિ તરીકે પણ વધુ ને વધુ શક્તિઓથી વિકસેલું છે. એમાં પ્રેમાનંદ ટોચે છે. કથાકાર અને કવિની પ્રતિભાથી કથન-વર્ણન-ગાન-અભિનયનાં કૌશલ્યોને પૂરેપૂરાં પ્રયોજીને એક ઉત્તમ રજૂઆતકાર (પરર્ફોર્મર) તરીકે પ્રેમાનંદની એક શક્તિમંત કલાકારની પ્રતિમા ઊપસી છે.

–શ્રે.

○